


સરદાર વલ્લભભાઈ પટેલ
(ફોટો · સુધાકર શાહ)

કુમાર

તંત્રી · બચુભાઈ રાવત

૨૬૦

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજના ઘરોનું માસિક · સંસ્થાપક રવિશંકર રાવળ · ઑગસ્ટ '૪૫



કાચે તાંતણે
ચિત્રકાર · સોમાલાલ શાહ

(શ્રીકૃષ્ણની કપાયેલી આંગળીને પાટા બાંધતાં દ્રૌપદી; ચીર પૂરવાની કથાનો પૂર્વ ભાગ)
(કલાકારના સૌજન્યથી)



પ્રકાશન તા. ૧૫-૮-૧૯૪૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો તથા પ્રકીર્ણ

લેખકોને

કાગળ-કરકસર-કાનૂનને કારણે લેખો અત્યંત ટૂંકા અને મુદ્દાસર હોય એ જરૂરી છે; તેમજ પોતાના લેખ માટે ઉત્તર કે અસ્વીકૃત લેખ પાછો મેળવવા ઈચ્છા હોય તો લેખ સાથે પોસ્ટેજ મોકલવું પણ આવશ્યક છે. તે વિના ઉત્તર આપવાનું બની શકશે નહિ.


કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક લવાજમ રૂ. ૬; પરદેશમાં શિ. ૧૨; છુટક દસ આના. બહારગામમાં લવાજમ ભરવાનાં સ્થળ : મુંબાઇમાં (૧) આર. આર. શેઠની કં. (૨) એન. એમ. ત્રિપાઠી લિમિટેડ તથા (૩) રાવળ બ્રધર્સ, પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ. રાવપુરા; કલકત્તામાં એલ. કે. મેઘાણી, ૧૪ અમરતલા સ્ટ્રીટ; કરાચીમાં ભારત ભંડાર, પ્રિન્સેસ સ્ટ્રીટ.

જાહેર ખબરના સોલ એજન્ટ : મેસર્સ સાયન્ટિફિક પબ્લિસિટિ બ્યૂરો, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, મુંબાઇ-૧; અમદાવાદમાં મૉડેલ ટૉકીઝ સામે, ગાંધીરોડ.



વાસ (ગંધ)ના વિધવિધ પ્રકાર

વિજ્ઞાનીઓ કહે છે કે વાસ—ઘ્રાણની ઇંદ્રિય એ મનુષ્યની પહેલાંમાં પહેલી જાગ્રત થએલી ઇંદ્રિય છે. બીજી બધી પાછળથી ખીલી. જરા ધીરજથી વિચાર કરીશું તો જણાશે કે વાસના પણ કેટલા બધા પ્રકાર છે! અને કેટલાં વિવિધ! સામાન્યરીતે તો એના ત્રણ વર્ગ આપણે પાડીએ છીએ: સુગંધ, દુર્ગંધ અને મિશ્ર ગંધ. પણ વાસના પ્રકારો એટલા સૂક્ષ્મ વૈવિધ્યવાળા હોય છે કે તેની યાદી કરવા બેસીએ તો બહુ લાંબી થાય. છતાં સરળ વિભાગીકરણને ખાતર વિજ્ઞાનીઓએ અમુક અમુક વસ્તુઓને દૃષ્ટાંતરૂપ લઇને તેના નવ ભિન્ન પ્રકાર ઠરાવ્યા છે, તેનાં દર્શક ચિત્રો ઉપર આપ્યાં છે. એ પ્રકારો આ મુજબ: (૧) ભૂમિગંધ-જેવી કે ફળની, ધાન્યની, ઘાસની; (૨) માદક ગંધ-જેવી કે કપુરની, બેરજાની; (૩) મધુર-જેવી કે સુગંધી ફૂલોની; (૪) ઉત્કટ-જેવી કે કસ્તુરીની; (૫) તીવ્ર-જેવી કે લસણ-ડુંગળીની; (૬) બળવાની ગંધ-જેવી કે ભૂંજાતા અનાજની, બળતી તમાકુની; (૭) પ્રાણિજ ગંધ-જેવી કે ઘેટાં-બકરાંની, માણસના પરસેવાની; (૮) પ્રત્યાઘાતક ગંધ-અમુક દુર્ગંધી છોડની; (૯) સડવાની—ઉબકા લાવનારી ગંધ-મરેલા જનાવરની, વિષ્ટાની, બિલાડીના એવા ટોપની.



દેશદેશના ધ્વજ

સાનફ્રાન્સિસ્કોમાં મળેલી જગત્પ્રજાઓની પરિષદમાં જે જે પ્રજાઓ પોતાના પ્રતિનિધિઓ દ્વારા મળેલી તે તે પ્રજાઓના ધ્વજો આ સામે આપ્યા છે. જે દેશોએ ધરીરાજ્યો સામે યુદ્ધ જાહેર કરેલું, અથવા જેઓએ યુક્ત પ્રજાઓના જાહેરનામા પર સહી કરેલી, તેવા ૪૬ દેશોને પરિષદમાં આમંત્રણ હતું. એમનાં નામ જે ક્રમમાં નીચે આપ્યાં છે તે જ ક્રમમાં, ચિત્રમાં તેમના ધ્વજો ગોઠવેલા છે: (૧) યુ. સ્ટે. અમેરિકા (૨) ગ્રેટ બ્રિટન (૩) ફ્રાન્સ (૪) ચીન (૫) રશિયા (૬) ઑસ્ટ્રેલિયા (૭) બેલ્જિયમ (૮) બોલીવિયા (૯) બ્રાઝિલ (૧૦) કૅનેડા (૧૧) ચીલે (૧૨) કોલંબિયા (૧૩) કૉસ્ટારિકા (૧૪) ક્યૂબા (૧૫) ચેકોસ્લોવાકિયા (૧૬) ડૉમિનિકન રિપબ્લિક (૧૭) એક્વાડોર (૧૮) ઇજિપ્ત (૧૯) એલ સાલ્વાડોર (૨૦) એથિયોપિયા (૨૧) ગ્રીસ (૨૨) ગ્વાટેમાલા (૨૩) હાઇટી (૨૪) હૉન્ડુરાસ (૨૫) હિંદુસ્તાન (૨૬) ઈરાન (૨૭) ઇરાક (૨૮) લેબૅનન (૨૯) લાઇબેરિયા (૩૦) લક્ઝમબર્ગ (૩૧) મેક્સિકો (૩૨) નેધરલૅન્ડ્ઝ—હોલાંડ (૩૩) ન્યૂ ઝીલૅન્ડ (૩૪) નિકારાગુઆ (૩૫) નૉર્વે (૩૬) પનામા (૩૭) પારાગ્વે (૩૮) પેરૂ (૩૯) ફિલિપાઈન્સ (૪૦) સાઉદી અરબસ્તાન (૪૧) દક્ષિણ આફ્રિકા (૪૨) સીરિયા (૪૩) તુર્કસ્તાન (૪૪) ઉરૂગ્વે (૪૫) વેનેઝુએલા અને (૪૬) યુગોસ્લાવિયા.

આ છેંતાલીસ દેશો સિવાયના જેમણે પરિષદમાં ભાગ નહિ લીધેલો એવા, નહિ આમંત્રેલા ૧૮ દેશો નીચે મુજબ છે. (અ) દુશ્મન દેશો-(૧) જર્મની (૨) જાપાન; (બ) દુશ્મનના મળતિયા દેશો-(૩) રૂમાનિયા (૪) બલ્ગેરિયા (૫) હંગરી (૬) ફિન્લૅન્ડ; (ક) તટસ્થ દેશો (૭) સ્વીડન (૮) સ્વિટ્ઝર્લાંડ (૯) આયર (૧૦) સ્પેન (૧૧) પોર્ટુગાલ (૧૨) અફઘાનિસ્તાન; આ ઉપરાંત (ડ) બાકીના છ દેશો અનિશ્ચિત રાજકીય પરિસ્થિતિવાળા હોવાથી આમંત્રાએલા નહોતા; (૧૩) ડેન્માર્ક (૧૪) પોલાંડ (૧૫) આઇસલૅન્ડ (૧૬) ઇટાલી (૧૭) આર્જેન્ટિના ને (૧૮) થાઇલૅન્ડ (સિયામ).

માગણી

· સ્રગ્ધરા ·

મારી પાસે કશું ના ચરમ રહ્યું તદા, આવી તેં દ્વાર મારે
માગ્યું; આપુ હવે શું, અધીર હૃદયને જે વળે કૈં કરાર?

આવ્યું ત્યારે હતું કે, અવિરત મળશે; સંઘર્યું કૈં ન ત્યારે;
દીધું તેને કીધું કે પરત ન કરશો, આંહીં તો છે અપાર;
લેનારાં બે ય હાથે સઘળું લઇ ગયાં જેટલું લૈ શકયાં તે,
ને જે બાકી રહ્યું તે પથ પર મળતાંને લુંટાવી દીધું રે.
ને હું તો મુક્ત શ્વાસે અસીમ જગતમાં ઘૂમવા ઊડી ચાલ્યો.
કયાંથી આવી અચિંત્યા, અરધ પથ મને રોકીને હાથ ઝાલ્યો?
ને કીધું 'જિન્દગીની અભિનવ તમ જે સંપતિ જાવ દેતા,
મારી આ છેલવેલ્લી હૃદયની અભિલાષા; તમે ના ન કહેતા!'
'દાવાં હું તે શું આપુ? કશું ન રહ્યું કને, મારૂં છે રિકત પાત્ર.'
કીધું તેં: 'એ જ આપો, અવર નહિં કશું. માગું હું એ જ માત્ર.'

ને એવું રિકતમાં એ સભર કરી દીધું તેં કશું રે પ્રપૂર્ણ,
મારો આ જિન્દગીનો પથ ભરી દીધ શી ઝંખનાથી અપૂર્ણ!

પિનાકિન્ ઠાકોર

સુંવાળપ નહિ હજો

·પૃથ્વી·

સુંવાળપ નહિ હજો પળપળે ઘવાઇ જતી,
જરાક દુઃખભાસથી ય ચીમળાઇ વા જે જતી;
સહે ન નિજ કષ્ટ જે, પર તણાં ન જોઇ શકે,
મુલાયમ સુખો તણા જ રહી જે શકે અંકમાં,
ભરેલ દુઃખથી જગે કદિ ય માર્ગમાં મોકળે
ફરી નવ શકે, અને નિત સલામતીને રટે.

હજો કઠિનતા અને ઉરઉંડાણ નિત્યે હજો,
સહું કઠિનતા પરે જગતઘાવ, ને આફતો
રચેલ નિજ તે ઉંડાણ મહીં એ રહું ઠેલતો.
જગે મુસીબતે ભરેલ વિચરી શકું મોકળે
પથેઃ નિરખતો જહીં વજન વાધતું કષ્ટનં
ખભો દઈ શકું તહીં અવર બોજનો અંશ
કંઈક હળવો કરૂંઃ કઠિનતા મળો નિત્ય એ
સુંવાળપ રહો સુદૂર નવ એ ભળો અંતરે

મહલાદ પારેખ

અજવાળિયું

હેરિ હેરિ ચાંદરણું આવ્યું,
અજવાળિયું આવ્યું,
કે મંન મારે ભાવ્યું,
અજવાળિયું આવ્યું આવ્યું રે.
સૂની સીમે એ સોણલું બિછાવ્યું,
અમીથી ગામ ન્હાયું,
શું પોયણું બિડાયું—અજવાળિયું૦
એ જૈ પાંદડે ને પાંદડે ઝિલાયું,
રે તો ય નહિ માયું,
અદીઠ છલકાયું—અજવાળિયું૦
ઘેરી ઘેરી ઘટાઉથી ચળાયું,
આંગણ આળખાયું,
અબોલ ગીત ગાયું!—અજવાળિયું૦
એણે ભાંગેલી ભીંતડીમાં ગાયું,
ભાંગેલ દિલ ભાવ્યું,
જરીક તો હસાવ્યું—અજવાળિયું૦
જે ઈ ઢોરૂંની કોઢમાં લપાયું,
કે સ્હેજ જઇ આવ્યું,
કૈં વાત કરી આવ્યું—અજવાળિયું૦
લાખ ચાંદરણે ચિત્ત ચમકાવ્યું,
જોબનિયું જગાડયું,
હૈયું ન રહ્યું ઝાલ્યું—અજવાળિયું૦
ઘેર ઘેરથી જુવાન સંઘું હાલ્યું,
આ જૂથને જમાવ્યું,
જી રાસડે રમાડયું—અજવાળિયું૦
ભૂંડા ભવનું પિયાસી લોક આવ્યું,
આ રૂપ પીધું-પાયું,
જીવનનું ભુલાવ્યું—અજવાળિયું૦

સ્વમસ્થ



ઊર્વિ ને મેઘ

· મિશ્ર ·

વ્હાલી આજે શ્રાવણી સંધિકાએ
ગગન સજલ મેઘે આછું આછું છવાયું
ધીરે ધીરે વર્ષતી ઝરમરોએ
સુભગ તનુ ધરાનું શોભતું સ્નેહન્હાયું
ભર્ગના કરથી ત્યારે ભાસ્કરે સપ્ત રંગનાં
પુષ્પોની માળ આરોપી મુગ્ધ એ બેઉ કંઠમાં
વિનયનત શિરે એ શા ઊભાં આત્મમગ્ન
ઊર્વિ ને મેઘ! કેવું શિવકર સહુને રે હતું બ્રાહ્મલગ્ન!

રાજેન્દ્ર શાહ

ના થશો "સુન્દરમ્" 'પે'થી,
'કા કે'થી "શેષ" ના થશો,
ઉમાશંકર 'હાવાં'થી
શબ્દો શું કાવ્યને રચે?

વનસુખ ભટ્ટ

ત્યાં સુધી 'વંદેમાતરમ્' શબ્દ બંકિમબાબુના ગીતમાં જ પુરાઈ રહ્યો હતો. તેમાં પોતાનો પ્રાણ મૂકી, 'ભારતમાતા'—'મા'ની ભાવનાને જીવંત કરીને


હિંદનું વાતાવરણ ત્યારે અનોખું હતું. યુગોથી એની આંખો પર જામેલાં પડળો ત્યારે ઊતરતાં જતાં હતાં ને એ નવજાગૃતિ અનુભવતું હતું. એ જાગૃતિને જન્મ આપનાર, હિંદનું શાસન સ્વેચ્છાએ ચલાવવા માગતી બ્રિટિશ સરકાર જ. હિંદના નવા વાઇસરૉય લૉર્ડ કર્ઝને કલકત્તાની લોકશાસિત મ્યુનિસિપાલિટીનો નાશ કર્યો. લોકમત અવગણી પંજાબ ને મુંબાઇમાં એણે આકરા કાયદા દાખલ કર્યા. આ દેશના લોકોને અસત્યપ્રિય વર્ણવી હિંદી રાષ્ટ્રીયતાનું એણે ભયંકર અપમાન કર્યું. મુસલમાનોને પોતાના પક્ષમાં લઈ હિંદી પ્રજામાં ભાઈભાઈ પ્રત્યે અસહિષ્ણુતા ઉપજાવી. અને સૌથી વધુ તો, અસ્મિતાભર્યા બંગાળના પૂર્વપશ્ચિમ એવા બે ભાગલા પાડી એની પ્રાંતીયતા વચ્ચે દીવાલ ચણવાના એણે પ્રયત્નો આદર્યા.

હિંદના બધા પ્રાંતોએ એ નાલેશી સહી લીધી, પણ પોતાની જાતનિયતમાં ફાચર પાડતા બંગાળના ભાગલા બંગાળીઓથી સહન ન થયા. સંતપ્ત બંગાળનો રોષ જ્વાળામુખીના પ્રકોપ જેમ ફાટી નીકળ્યો. સારા હિંદે તે પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી અને બંગભંગનો દિવસ આખા દેશમાં ઉપવાસ ને પ્રાર્થનાના દિવસ તરીકે ઊજવાયો.

દેશ જાગૃત થયો; જાગૃત થતાં તેમાં બળ આવ્યું. ઇ. ૧૯૦૫ના ઑગસ્ટની ૭મીએ બ્રિટિશ માલના બૉયકૉટનો દેશે ઠરાવ કર્યો. બનારસમાં ભરાએલી કૉંગ્રેસે પણ એ ઠરાવને બહાલી આપી.

સરકારે પણ સામાં પગલાં લીધાં. એક પછી એક વટહુકમો એણે બહાર પાડવા માંડ્યા—વિદ્યાર્થીઓને રાજદ્વારી ચળવળમાં ભાગ લેવાની બંધીથી માંડીને તે 'વંદેમાતરમ્'નો ઉચ્ચાર જીભ પર ન લાવવા સુધીના. બધી સભાઓ પોલીસે વિખેરી નાખવા માંડી. બાકરગંજમાં વિરોધ વધુ ઉગ્ર બન્યો, એટલે સરકારે સશસ્ત્ર ગુરખા સૈનિકો ત્યાં મોકલ્યા. ૧૯૦૬ના માર્ચમાં ભરાએલી બંગપ્રાંતીય પરિષદના પ્રતિનિધિઓ ને સ્વયંસેવકો પર લાઠીઓ વરસી. બૉયકૉટની ચળવળના જનેતા બાબુ સુરેન્દ્રનાથ બૅનરજીને પકડવામાં આવ્યા. મૅજિસ્ટ્રેટ એમર્સને એમને અપમાનિત કર્યા ને ૨૦૦ રૂપિયા દંડ કર્યો

આ જાગૃતિકાળે જ હિંદમાં એક એવી નવપ્રતિભા બહાર આવી જેનું સ્થાન આજ પણ અજોડ છે. એ નવપ્રતિભા તે શ્રી અરવિંદ ઘોષ.



શ્રી અરવિંદ ઘોષ-રાષ્ટ્રનેતા હતા ત્યારે

શ્રી અરવિંદ ઘોષનો જન્મ ૧૮૭૨ના ઑગસ્ટની ૧૫મી તારીખે કલકત્તામાં કાયસ્થ જ્ઞાતિમાં થયો. એમના પિતાનું નામ કૃષ્ણધન ઘોષ રાજનારાયણ બોઝ જેવા હિંદની સંસ્કારિતાના પૂજક બંગાળીનાં સૌથી મોટાં પુત્રી સ્વર્ણલતાદેવી એમનાં માતા. રાજનારાયણ ચુસ્ત સ્વદેશી હતા. ડૉક્ટરની પ્રૅક્ટિસ કરતા કૃષ્ણધનને સ્વદેશીપણાની ઉત્કૃષ્ટતા સમજાવવા એમણે ખૂબ લમણાંઝીક કરી હતી, પણ ઇન્ડિયન મેડિકલ સર્વિસમાં પ્રવેશ મેળવવા ઇંગ્લંડ જઈ આવ્યા પછી તેઓ સર્વ પ્રકારે યુરોપિયન જેવા બની આવ્યા હતા.

આવા પિતાએ અરવિંદને પણ સંપૂર્ણ અંગ્રેજી શિક્ષણ મળે તે માટે દાર્જિલિંગની સેંટ પૉલ શાળામાં મૂક્યા; ને હજુ સાત વર્ષની પણ પૂરી વય નહોતી થઈ ત્યાં ભણવા સારૂ ઇંગ્લંડ લઈ ગયા. સાથે સૌથી મોટો પુત્ર વિનયભૂષણ, વચેટ મનમોહન, સૌથી નાનો અરવિંદ, પુત્રી સરોજિની ને પત્ની. એમ આખું કુટુંબ લઈ એ ઊપડ્યા. ઓગણીસમી સદીની સંધ્યાએ જ્યારે બહુ ઓછા હિંદીઓ વિલાયત જતા અને કુટુંબ સાથે જવાની હીમત તો કોઈક જ કરતા, એવું નિર્બળ સામાજિક વાતાવરણ ભેદીને પોતાનાં બાળકોની કેળવણી સારૂ પરદેશ જનાર ડૉ. કૃષ્ણધન ઘોષ જાણીતી વ્યક્તિ હોય એમાં નવાઈ નહિ. ઘણાને જાણીને નવાઈ લાગશે કે ૧૮-૨૦ની વય સુધી શ્રી અરવિંદને બંગાળી યે પૂરૂં નહોતું આવડતું.

૧૮૯૦ની સાલમાં સિવિલ સર્વિસની પરીક્ષામાં એ બેઠા, પણ ફક્ત ઘોડેસવારીમાં નિષ્ફળ નીવડતાં એમને નાપાસ કરવામાં આવ્યા. સરકારના ગુલામ બનવાની એ તક ચૂકી ગયા એ જ દેશહિતની દૃષ્ટિએ તો સારૂં થયું. એ પરીક્ષામાં ગ્રીક ભાષામાં અરવિંદનો નંબર પહેલો આવ્યો હતો. બીજે નંબરે આવનાર એમના સહાધ્યાયી મિ. બીચક્રૉફ્ટ કરીને હતા, જે પાછળથી અલીપોરના સેશન્સ જજ બન્યા હતા ને એમની જ સામે કાવત્રાના આરોપ નીચે, શ્રી અરવિંદને ૧૯૦૮માં બેડી-દસકલા સહિત કેદીના પીંજરામાં ઊભા રહેવું પડ્યું હતું!

સિવિલ સર્વિસમાં નાસીપાસ થતાં અરવિંદ કૅમ્બ્રિજની કિંગ્સ કૉલેજમાં દાખલ થયા. પિતાનો સ્વભાવ પરોપકારી, એટલે મોટી રકમો દાનમાં આપી દેતાં અરવિંદને ઘણી વખત પૈસાની ભીંસ રહેતી. થોડા વખત બાદ પિતાનું અવસાન થયું એટલે અરવિંદને બધો આધાર પોતાને મળતી સ્કૉલરશિપ પર જ રાખવો પડ્યો. કૉલેજમાંથી ૧૮૯૨મા એ ગ્રૅજ્યુએટ બન્યા ને ક્લાસિકલ ટ્રાઇપોઝમાં પહેલે નંબરે આવ્યા. એ સાથે એમની શિક્ષણાત્મક કારકીર્દિ પૂરી થઈ

હવે શું કરવું? શ્રી અરવિંદે એ પ્રશ્નનો તોડ નહોતો કાઢ્યો ત્યાં એ જ સાલમાં ઇંગ્લંડની સફરે આવેલા વડોદરાના તરુણ અને ઉત્સાહથી છલકતા શ્રીમંત સયાજીરાવની એમને મુલાકાત થઈ અને એ વિદ્વત્તાભોગી, સ્વદેશાભિમાની અને મહત્વાકાંક્ષી મહારાજાએ તરત એમને પોતાના અંગત મદદનીશ તરીકે રોકી લીધા.

એકવીસ વર્ષની મહોરતી વયે શ્રી અરવિંદ વડોદરા આવ્યા. જિંદગીનો મોટો ભાગ એમણે ઇંગ્લંડમાં વીતાવ્યો હતો. ભાષા, પોષાક, રીતભાત બધામાં એ અંગ્રેજ બની ગયા હતા. પણ સદ્ભાગ્યે એમનું હૃદય હિંદી રહ્યું હતું. એ પરદેશી બાહ્ય રૂપની પાછળ એક જ્વલંત અને ભવ્ય ભારતીય આત્માનો વાસ હતો.

૧૮૯૬માં એ વડોદરા કૉલેજમાં ભાષા ને ઇતિહાસના પ્રોફેસર

(ઑગસ્ટ ૧૯૪૫) ૧૭૦

શ્રી અરવિંદ ઘોષ

જેણે એને ખૂણેખૂણે ગાજતો જીવનમંત્ર બનાવ્યો

બન્યા. એ સ્થાન એમને બહુ અનુકૂળ આવી ગયું ને એમની પ્રેરણાદૃષ્ટિ તથા જીવનબળથી વિદ્યાર્થી આલમમાં એમનું નામ સ્નેહ ને પૂજ્યભાવને પાત્ર થઈ પડ્યું. એમનું વિભૂતિતત્ત્વ એ કાળના વિદ્યાર્થીઓમાં કેવી વ્યાપક ને ઊંડી અસર વિસ્તારી રહ્યું હતું એની ઝાંખી શ્રી કનૈયાલાલ મુનશીએ પોતાની 'સ્વપ્નદ્રષ્ટા' નવલકથામાં સરસ કરાવી છે. ૧૯૦૧માં આસામના આસિ. ડિરેક્ટર ઑવ ઍગ્રીકલ્ચર શ્રી ભૂપાલચન્દ્ર બોઝની કન્યા મૃણાલિની સાથે એમનું લગ્ન થયું. વડોદરાના વસવાટમાં એમની જિંદગીનો બાહ્ય દૃષ્ટિએ નોંધવા જેવો એકે બનાવ નથી બનવા પામ્યો એ ખરું, પણ એમના જીવનમાં તો એ જ વર્ષો ખરેખરી અગત્યનાં છે એ જ વર્ષોમાં જીવનની ભાવિ ભૂમિકાનાં બી રોપાયાં. એ વર્ષો હિંદી જીવનસંસ્કૃતિ ને વિચારસરણીમાં સમન્વયની સાધનાનાં અને માનસની પ્રશાંત ઉત્ક્રાન્તિનાં વર્ષો હતાં.

ને એ વર્ષોનાં ચિંતન પછી એમની પ્રતિભાને સાચો માર્ગ મળી આવ્યો. ફેલાએલી જાગૃતિ એ દેશનું પરિત્રાણ કરવા ઊગેલી ઉષાનું સુચિહ્ન એમણે પ્રમાણ્યું, ને જ્યારે બંગપ્રાંતીય પરિષદમાં હાજરી આપી ત્યારે તો દેશને માટે એ એક ને એકલો જ રાહ હોવાની એમને પ્રતીતિ થઈ ગઈ. ત્યાંથી એ પાછા વડોદરા આવ્યા ખરા, પણ કાનમાં ગુંજી રહેલો 'માતા ભારત'નો પોકાર એ કેમે કરી ન ઉવેખી શક્યા, ને રાષ્ટ્રીય અસ્મિતાની એ પાવનકર જ્યોતને સ્થિર અને દેદિપ્યમાન કરવા વડોદરાના વૈભવવિલાસ છોડી ૧૯૦૬ના જુલાઈમાં એ કલકત્તા ચાલ્યા ગયા. વડોદરાવાસીઓએ એમને ભવ્ય વિદાયમાન આપ્યું. એ સન્માનની સભામાં એમણે રાષ્ટ્રમાં જાગૃત થએલાં નૂતન પ્રાણ ને નૂતન અસ્મિતાની ઘોષણા કરી રાષ્ટ્રયજ્ઞમાં આહુતિ આપવાનો જે આદેશ કર્યો એ વ્યાખ્યાન સાંભળનારા ઘણા કહે છે કે અંતરમાં સીધી ઊતરી જાય એવી એ પ્રેરક વાણી, ઉભરાતે આંસુએ સાંભળતી સભા અને એ ભાષણના ભણકારા હજી યે રોમાંચ કરે છે.

એમને માટે હવે પુષ્કળ કામ રાહ જોતું પડ્યું હતું. જોરશોર ચાલતી રાજદ્વારી પ્રવૃત્તિમાં ભાગ ન લેવાના વટહુકમમાં વિદ્યાર્થીઓને પોતાની હીણપત લાગી હતી ને તેઓ તેનો ભંગ કરી રહ્યા હતા. સરકારે પણ એનો બદલો, ભાગ લેનારાઓને શાળા-કૉલેજોમાંથી બરતરફ કરીને લેવા માંડ્યો હતો. પરિણામે, વિદ્યાર્થીઓની ભાવિ જિંદગી રદ બનતી હતી. એ વસ્તુસ્થિતિ જોઈ કેટલાક નેતાઓએ એની પ્રતિક્રિયા રૂપે 'નૅશનલ કાઉન્સિલ ઑવ એડ્યુકેશન' સ્થાપી ને તેના નિયમન નીચે રાષ્ટ્રીય વિદ્યાલયની સ્થાપના કરી. એના પ્રથમ જ પ્રિન્સિપાલ શ્રી અરવિંદ ઘોષ બન્યા. આમ આપણી કેળવણીમાં રાષ્ટ્રીયતાનાં પ્રથમ પગલાં પડ્યાં.

પણ કાઉન્સિલના સ્થાપકો સરકારની ખફગી ન ઊતરે તેની પળેપળે તકેદારી રાખવા લાગ્યા. એથી શ્રી અરવિંદને પોતાનો આદર્શ આગળ ધપાવવામાં હરકતો ઊભી થવા માંડી. તેથી તેઓ એ છોડવાની તૈયારીમાં હતા ત્યાં બ્રહ્મબાંધવ ઉપાધ્યાયની સહાયથી શ્રી બિપિનચંદ્ર પાલે શરૂ કરેલા 'વંદે માતરમ્'પત્રમાં તેમને આમંત્રણ મળ્યું ને તરત એ તેમાં જોડાઈ ગયા.

રાષ્ટ્રીયતાને આગળ ધપાવવા એમણે એમાં તમતમતાં લખાણો શરૂ કર્યાં. જે 'વંદેમાતરમ્' શબ્દ ૧૯૦૫ સુધી માત્ર બંકિમબાબુના ગીતમાં જ પુરાઈ રહેલો હતો તેમાં પોતાનો પ્રાણ મૂકી, ભારતમાતાની ભાવનાને સજીવન કરી 'વંદેમાતરમ્'ને એમણે પ્રેરક જીવનમંત્ર બનાવી દીધો. 'વન્દેમાતરમ્' પત્ર હવે રાષ્ટ્રની રણભેરી બની ગયું. રાષ્ટ્રીય અસ્મિતાનાં તેજકિરણો ઘેરઘેર પહોંચી ગયાં હતાં. સરકાર આ બધું ન સાંખી શકી. કેટલાક લેખોને ફિતુરી ઠરાવી શ્રી અરવિંદને દબાવવાનો નિરધાર કરી તેણે તેમને કોર્ટમાં ઘસડ્યા અને તેમને છ માસની સજા થઈ. પણ છેવટે આરોપ પુરવાર નહિ થવાથી છોડી દેવા



હું સ્વદેશને મેદાન, ખેતરો, વન, પર્વતો અને નદીઓનો સમુદાય સમજીને જડ પદાર્થ નથી માનતો. હું તો સ્વદેશને 'માતા' માનીને તેની ભક્તિ અને પૂજા કરું છું. માતાના વક્ષઃસ્થળ ઉપર બેસીને રાક્ષસ રક્તપાન કરવા તૈયાર હોય ત્યારે એના સંતાને શું કરવું? નિશ્ચિત ભાવથી આહારવિહારમાં મસ્ત્યા રહેવું? સ્ત્રીપુત્રોની સાથે આમોદપ્રમોદ કર્યા કરવો?–કે માતાના ઉદ્ધાર માટે દોડી જવું? હું જાણું છું કે આ પતિત જાતિનો ઉદ્ધાર કરવાની શક્તિ મારામાં છે. શારીરિક યા તલવાર કે બંદુકની રાક્ષસી શક્તિ નહિ, પણ જ્ઞાનનું બલ. ક્ષાત્રતેજ જ કાંઈ એકમાત્ર તેજ નથી; બ્રહ્મતેજ પણ છે. અને તે જ્ઞાન ઉપર પ્રતિષ્ઠિત છે. મારી આ ભાવના આજકાલની નથી; આ ભાવના લઈને તો હું જન્મ્યો છું. મારા અણુએ અણુમાં આ ભાવના ઓતપ્રોત છે. ચૌદ વર્ષની ઉમરે આ ભાવનાબીજ અંકુરિત થવા લાગ્યું હતું અને અઢાર વર્ષની વયે તો એની દૃઢ પ્રતીતિ થઈ ગઈ હતી.

—શ્રી અરવિંદ ઘોષ

(૧૯૦૫ની ૩૦મી ઑગસ્ટે પોતાનાં પત્ની મૃણાલિની દેવીને લખેલા પત્રમાં

પડ્યા. આ બનાવથી 'વન્દેમાતરમ્' મુલકમશહૂર બન્યું. લંડનના 'ટાઇમ્સ' જેવા ચુસ્ત વિરોધી પત્રે પણ એનાં વ્યક્તિત્વ, તેજસ્વિતા અને સ્વતંત્ર દૃષ્ટિબિંદુનાં મુક્ત કંઠે વખાણ કર્યાં હતાં.

એ જ અરસામાં બિપિનચંદ્ર અને બ્રહ્મબાંધવને પણ પકડવામાં આવેલા, જેમાં તપાસ દરમિયાન જ બ્રહ્મબાંધવનું અવસાન થયું. આવી બે પ્રતિભાઓની ગેરહાજરીમાં એકલા અરવિંદ જ બંગાળના નેતા રહ્યા, અને 'વંદેમાતરમ્'નો બધો તંત્રભાર તેમને શિરે આવી પડ્યો. એ તંત્રભાર અને નેતાગીરીની ફરજ એમણે ઝળહળ આપતી રીતે બજાવી. 'વંદેમાતરમ્'ને હિંદના હૃદય જેવડું જ વિશાળ એમણે બનાવ્યું અને માતા ભારતને ચરણે શ્રી, કીર્તિ અને જીવન સમર્પણ કરવાનો અમોલો આદર્શ એમણે હિંદના લોકોમાં જન્માવ્યો. પરિણામે શ્રી અરવિંદનું નામ, ત્યાર સુધી જેમ રહેલું તેમ, એક ઓળા રૂપે નહિ પણ હિંદના સ્વીકૃત નેતા તરીકે ગણાવા માંડ્યું.

દેશને નામે સક્રિય ફાળો નોંધાવવાનું યે હવે એમણે શરૂ કર્યું. મિદનાપોર કૉન્ફરન્સમાં એમણે ભાગ લીધો, જે મવાળ અને ઉદ્દામપક્ષ વચ્ચેના પહેલા સંઘર્ષ માટે યાદગાર બની છે. એવી જ પ્રખ્યાત સુરતની કૉંગ્રેસમાં પણ એમણે પ્રખર ઉદ્દામવાદી તરીકે ભાગ લીધો અને પછી મુંબાઇ અને મધ્યપ્રાંતોની પ્રચારાત્મક લાંબી સફર કરી ૧૯૦૮ના જાન્યુઆરીમાં એ પાછા કલકત્તા પહોંચી ગયા.

હિંદી સંસ્કૃતિની ઉત્કૃષ્ટતા એમને પ્રતીતિજનક બની ગઈ હતી, અને તેના તત્ત્વજ્ઞાનના પરિશીલનથી એમનું મન આધ્યાત્મિકતા તરફ વળતું રહ્યું હતું. આ જ અરસામાં એમને, હિંદની પરંપરાગત આધ્યાત્મિકતામાં રહેલી શક્તિ, અને તેની પ્રાપ્તિના માર્ગ યોગસાધના વિષે જાણવાની ઉત્કંઠા તીવ્રપણે વધતી ગઈ અને મુંબાઈ ઈલાકાની સફર દરમ્યાન એ પાર પડી.

૧૯૦૮નો એપ્રિલ મહિનો આવ્યો. દેશ સમસ્તમાં વીંઝાઈ રહેલા દમનના કોરડાનો પ્રત્યાઘાત ઠેરઠેર જન્મ લેતો જતો હતો. બંગાળમાં એની પહેલી અસર થઇ ને મુઝફ્ફરપુરમાં તા. ૩૦મીએ બૉંબના ધડાકાથી બે ગોરી સ્ત્રીઓનાં ખૂન થયાં.

સરકારે પૂર જોસમાં ધરપકડોનું કામ શરૂ કરી દીધું. મેની ૨જીની સવારે, અરવિંદ હજુ પથારીમાંથી ઊઠ્યા પણ ન હતા, ત્યાં કૉન્સ્ટેબલો સાથે સુપરિન્ટેન્ડેન્ટ ક્રેગન અને ઇન્સ્પેક્ટર વિનોદવિહારી ગુપ્તા આવી પહોંચ્યા. એમણે અરવિંદની બહેન સરોજિનીની છાતી સામે રિવૉલ્વર ધરી રાખી અને હાથે ડસકલા ને કમરે દોરડાં સાથે અરવિંદને લાલબજારની પોલીસ કચેરીએ લઈ ગયા.

બૉંબના આ ધડાકા માટે જુદાજુદા ૩૯ જણની ધરપકડ કરવામાં આવેલી. જેમાંના કેટલાક તો એવા હતા જેમના મોં પર મોસર પણ હજુ નહોતી ફૂટી. એમાંથી નરેન્દ્રનાથ ગોંસાઈ નામનો જુવાન તાજનો સાક્ષી થઇ બેઠો, એટલે કનૈયાલાલ દત્ત અને સત્યેન્દ્ર બોઝે તેનું ખૂન કર્યું. પરિણામે એમને ફાંસીને માંચડે લટકાવવામાં આવ્યા. આમ, આ કેસની પ્રાથમિક તપાસ અલીપોરમાં પૂરી થઈ ત્યાં સુધીમાં આરોપીઓમાંના એકનું ખૂન થયું હતું, બે ફાંસીએ ચડ્યા હતા ને એકને છોડી મૂકવામાં આવ્યો હતો. બાકી જે રહ્યા એ બધાને સેશન્સ કમિટ કરવામાં આવ્યા.

૨૩મી ઑક્ટોબરે જસ્ટિસ બીચક્રૉફ્ટ આગળ સેશન્સનું કામ શરૂ થયું. ચાલતે કેસે જ સરકાર તરફથી કેસ ચલાવનાર પબ્લિક પ્રોસીક્યુટર મિ. અર્ડલી નૉર્ટનના સાથીદાર સરકારી વકીલ શ્રી આશુતોષ વિશ્વાસનું, ૧૯૦૯ના ફેબ્રુઆરીની ૧૦મીએ ખૂન થયું. મિ. નૉર્ટને ૧૬ દિવસ બોલી કેસ રજૂ કર્યો. શ્રી અરવિંદના વકીલ ચિત્તરંજન દાસે સરકારી પક્ષને તોડનારૂં ને આરોપીઓને નિર્દોષ સાબિત કરનારૂં ભાષણ સતત ૮ દિવસ કર્યું, અને એપ્રિલની ૧૩મીએ શ્રી અરવિંદ નિર્દોષ ઠરી છૂટ્યા. છૂટીને એ પોતાના કાકા કૃષ્ણકુમાર મિત્ર પાસે જઈ રહ્યા; ત્યાંથી થોડો વખત તે ચન્દ્રનગર રહેવા ગએલા.

આરોપમાંથી નિર્દોષ છૂટ્યા પછી ૩૦મી મેએ કલકત્તા પાસે આવેલા 'ઉત્તરપાડા'માં એમણે જેલમાંના પોતાના 'આશ્રમનિવાસ'માંનો અધ્યાત્મજીવનનો અનુભવ કહ્યો અને તેમાં ભગવાનની અનંત શક્તિનો પ્રકટ એકરાર કર્યો. એ વ્યાખ્યાન એમના જીવનક્રમમાં પરિવર્તન દર્શાવનાર તરીકે મશહૂર બની ગયું છે. ત્યાર પછી રાષ્ટ્રવાદી અરવિંદ કર્મયોગી અરવિંદ બન્યા અને જૂન માસમાં અંગ્રેજી સાપ્તાહિત 'કર્મયોગિન્' તથા બંગાળી અઠવાડિક 'ધર્મ'ના તંત્રી થયા. એ બંને પત્રો દ્વારા એમણે પોતે જોએલું જીવનનું નવીન અને વિશિષ્ટ દૃષ્ટિબિંદુ રજૂ કર્યું. 'રાષ્ટ્રદેવોભવ' એ મંત્રને જીવનમંત્ર બનાવવાનો શ્રી અરવિંદે 'કર્મયોગિન્' દ્વારા જે ભગીરથ પ્રયત્ન કર્યો એ હિંદી સ્વાતંત્ર્યના ઇતિહાસમાં ન ભુલાય એવું સિમાચિહ્ન છે.

૧૯૦૯ની ૨૫મી ડિસેમ્બરના 'કર્મયોગિન્'માં 'મારા દેશબંધુઓ પ્રત્યે' નામક લેખ એમણે પોતાની જાહેર સહીથી લખીને સ્વરાજ્ય અને સ્વાતંત્ર્ય માટે અસહકાર અને સત્યાગ્રહ કરવાની સ્પષ્ટ ઘોષણા કરી સરકારનું લક્ષ એ પ્રત્યે ખેંચાયું અને ૧૯૧૦ના માર્ચમાં તેમને પકડવાનું વૉરંટ છૂટ્યું. પરંતુ સરકાર પકડે તે પહેલાં જ એમણે જન્મભૂમિ બંગાળને છેલ્લા પ્રણામ કર્યાં અને ફ્રેન્ચોના પાટનગર પૉંડીચેરીમાં જઈ પોતાની જીવનસાધના માટે ક્ષેત્રસંન્યાસ સ્વીકાર્યો. અહીં શ્રી અરવિંદના જીવનનો પૂર્વાર્ધ પૂરો થાય છે.

પૉંડીચેરીમાં ૧૯૧૦થી ૧૪ સુધીનો સમય એમણે શાન્ત સાધના પાછળ ગાળ્યો, જે દરમ્યાન પોતાની જીવનસાધનાનાં ચોક્કસ માર્ગ અને રૂપ એમણે નક્કી કરી લીધાં. ૧૯૧૪ના ઑગસ્ટની ૧૫મીથી 'આર્ય' નામનું અંગ્રેજી માસિક શરૂ કરી એમાં આર્યતત્ત્વદર્શન વિષેના પોતાના વિચારો પોતાની સાધનાની પ્રગતિની દૃષ્ટિએ એમણે નિરૂપ્યા. તે વખતે શ્રીયુત પૉલ અને શ્રીમતી મીરા રિશાર નામનાં ફ્રેંચ દંપતી એમના સમાગમમાં આવેલાં અને તેના તંત્રમાં પણ સહાય કરતાં. ૧૯૨૧માં 'આર્ય' બંધ થયું ત્યારથી ફરી તે સાધનામાં પ્રવૃત્ત થયા અને ૧૯૨૬ના નવેમ્બરની ૨૪મી તારીખે તે સિદ્ધ કરી પોતાના ધ્યેયનો સાક્ષાત્કાર કર્યો.

સાક્ષાત્કારના એ દિવસ સુધી પૉંડીચેરીમાં આશ્રમ જેવું કંઈ નહોતું. એમનામાં શ્રદ્ધા રાખનાર પંદરવીસ સાધકો છૂટાછવાયા રહેતા, અને અગાઉથી અનુમતિ મેળવી મળવા ઇચ્છનાર કોઈ પણ સાધકને તે મળતા. પણ તે દિવસે તેમણે સૌને બોલાવી પોતાનો ભાવિ જીવનક્રમ સમજાવ્યો, શ્રીમતી મીરા રિશાર જે આજ સુધી એકાંતવાસમાં હતાં તેમને પોતાનું પ્રતિનિધિત્વ અને આશ્રમનું સંચાલન સોંપ્યું અને પોતે એકાંતવાસ સ્વીકાર્યો, જેમાંથી આજે હવે વર્ષમાં ત્રણ દિવસ, અગાઉથી અનુમતિ લેનારને મળી શકે છે: ૧૫મી ઑગસ્ટે—એમના જન્મદિવસે, ૨૪મી નવેમ્બરે—એમના સાક્ષાત્કાર દિને, અને ૨૧મી ફેબ્રુઆરીએ—મીરાદેવી (જે હવે આશ્રમનાં માતાજી થયાં છે તેમના) જન્મદિને. આજે એ આશ્રમ મોટો વિસ્તાર પામ્યો છે અને હિંદના પ્રાંતેપ્રાંતના તેમજ થોડાક પશ્ચિમના સાધકો પણ ત્યાં રહે છે.

('વીસમી સદી', 'કૌમુદી' આદિમાં આવેલાં લખાણો પરથી)

★ નાટિકા

પિયરનો પડોશી

લેખક
પુષ્કર ચંદરવાકર

[ઘરનો એક ખૂણો. ખૂણામાં ઠેકાં ગોઠવીને ચૂલો કરેલો છે. ચૂલાની આગમણમાં અડાયાં છાણાંની રાખનો ઢગલો ને એ ઢગલા ઉપર કચરાની નાનકડી તોલડી. તોલડી પર ઢાંકણી. બાજુમાં 'ભાત' રાંધવાનો પાટિયો, કચરાની કથરોટ, લાકડાનો કડછો, લોઢાનો ચીપિયો, પાણીનો મોરિયો, ને નંદવાએલ તાવડીના રખડતા કટકા. બાજુમાં સાંઠિયુંનું કડપલું. તેને માથે શેઢા પરથી ખોતરી નાખેલ ઝાડવાંનાં ગડબાંનાં અજોલાં ચૂલા પર હાંડલી ચડાવી છે. ચૂલાના પેટાળમાં ભડભડ તાપ બળે છે.

રૂપાળી પ્રવેશે છે. વીશી અને ત્રીશી વચ્ચેનું એનું વય. નહિ ગોળ, નહિ લાંબુ એવું મોં. ભીનો વાન જુવાનીનો સુરમો આંજેલી આંખો. માથા પર અને બરડા પર મે જીહડની સાદી બાંધણી. બાંધણીનો એક છેડો આગળ ભરાવ્યો છે, બીજો માથા પર છે. ભૂરી ગજીનો, રાતા હીંગળોકિયા રંગે છાપેલ ઘાઘરો. અંધારી રાતે ચમકતા તારા જેમ ઘાઘરામાંનો અબરખ સૂરજનાં કિરણોમાં ચમકે છે. કોણી સુધીની બાંયવાળું અતલસનું કાપડું પહેર્યું છે. એના એક હાથમાં બાવળનું બલોયું છે, બીજો હાથ અડવો છે. પગમાં કડલા નથી. આગમણ પાસે વાંકી વળીને રૂપાળી હાથમાં કડછી લે છે ને 'ધાન'ને જોવા મથે છે.]

રૂપાળી : (ધાનને જોતાં) રાયચંદકાકાજીએ તે કાંઈ જાર દીધી ! કેટલાં ઓબાળ બાળ્યાં ? હજી તો ધારની કાંકરિયું જેવી કડશો સાવ કાચી છે. (સુંડલામાંથી છાણું કાઢીને ચૂલામાં ગોઠવે છે.)

[એવામાં છોકરો શૂરસંગ પ્રવેશે છે. ડીલે માત્ર એક મેલું પહેરણ ને હાથમાં શેરડીનો બાંગલો છે. એક પગમાં રૂપાનું કડલિયું ને ડાબા હાથે કાળો દોરો બાંધ્યો છે. ગળામાં હાંસડી છે.]

શૂરસંગ : (આવતાં જ) મા !

રૂપાળી : હવે શું છે, તારે ?

શૂરસંગ : આ લે, મારે નથી ખાવી તારી શેરડી.

રૂપાળી : તને કોણે ગળાના સમ દીધા'તા કે જઈને મોટા ઉપાડે લઇ આવ્યો ?

શૂરસંગ : (શેરડી ફેંકતાં) નથી ખાવી, લે. (એકાએક) શેરડીમાં શું ખાય ? સડેલી છે.

રૂપાળી : (હસીને) દુત્તો !

શૂરસંગ : મા . . . મને ભૂખ લાગી છે. ખાવા આલ્ય.

રૂપાળી : પણ શેરડી ખા ને ! નો'તી ખાવી તારે ખોઈ ભરી જાર શું કામ ખોજાની દુકાને નાખી આવ્યો ?

શૂરસંગ : તેં આલી'તી ને !

રૂપાળી : તારે ખાવાનું ય હું જ કવ છું ને !

શૂરસંગ : મને નથી ગમતી. મોંએ રેગાડા ઊતરે છે.

રૂપાળી : (શેરડી સામે જોતાં) શેનો 'હવે ખા ? સખ્યે પેટ ભરીને ખાઈ લીધી છે, ઈમ બોલો ને ! આ પૂંછડિયું શીનું ભાવે ?

શૂરસંગ : ખાવા આલ્ય ! (ભોંય પર બેસીને પગ ઘસરડે છે.)

રૂપાળી : કાળનો કાઢલ લાગ છ, કોક !

શૂરસંગ : મા, પણ બવ ભૂખ લાગી છે.

રૂપાળી : ગોળ આલું ? ધાનને તો હજી વાર છે.

શૂરસંગ : દાડી દાડી ધાન ? અમને નથી ભાવતું ઇ જ તારે રાંધવું ? નથી ખાવાનો.

રૂપાળી : (સહેજ ચીડાઇને.) નો ખા તો હાલવા માંડય ! જો જાણે મારૂં રાજ રાખવા આવ્યો છે ! તારા બાપને પૂછી તો જો, ધાન કેવું લાગે છે ? ઓલ્યો કાળમુખો રાયચંદો ! ખળામાંથી વાળીઝૂડીને ઘઉંનો દાણેદાણો લઈ ગીયો; પછી નશીબમાં ધાન જ રે'ને ?

શૂરસંગ : (ભેંકડો તાણીને) ના, ઈ હું નઈ ખવ. . .નઈ ખવ. . .

રૂપાળી : તારો સગલો ખાશે.

શૂરસંગ : (ભેંકડો નીચો પાડીને) હાર્યે શાક શીનું છે ?

રૂપાળી : શાક ? ઘરમાં કેટલાં ભર્યાં છે, ઈ જો પહેલાં.

શૂરસંગ : તારે શીમાં ખાવુંઉઉ . . . ?

રૂપાળી : મઘાકાકાના ઘરની છાશમાં.

શૂરસંગ : ઈ મોરનાં આંસુ જેવી છાશમાં કોળિયો ગળે નો ઊતરે

રૂપાળી : સાંજ પડ્યે સવા મણ ધૂડય બાપના પેટમાં જાય છે છે ને આ કુમ્મરને રાજવળું માણવું છે !

[પાછી ધાન જોવા મંડે છે. શૂરસંગનો ઉંકારો ચાલુ છે.]

શૂરસંગ : ઉં . . . ઉં . . . ઉં . . . ભૂખ બવ લાગી છે. ખાવા . . .

રૂપાળી : લે, લાવ્ય તાંસળી. ઠારી દવ.

શૂરસંગ : પણ છાશમાં નઈ ખવ.

રૂપાળી : તારે આ ચુલા માંયલીમાં ખાવાનો ?

શૂરસંગ : અહં . . . અંહં . . . છાશમાં નઈ. (ઊભો થઈને તાંસળી લાવે છે. પણ પાછળ સંતાડતો સંતાડતો ધીમા પગલે આવે છે.)

રૂપાળી : લાવ્ય ને !

શૂરસંગ : દૂધ આલ્ય, તો.

રૂપાળી: તારા સારૂ ભગરી ભેંસ વોરવા હાલી નીકળું ?

શૂરસંગ : તે . . .તે. . .આપડી માકડી મા'ને શું કામ દોરી દીધી ?

રૂપાળી : પૂછ્ય તારા સગલાને. મેં તો ઘણા ય વાર્યા'તા, પણ ઈમને નાકનું ટેરવું સાબુત રાખવા ઇ રાખહને દોરી દીધી.

શૂરસંગ : ના, ના, હું તો દૂધ . . .

રૂપાળી : આવડો મોટો આઠ વરસનો ઢગો નો સમજે ? (શૂરસંગનું કાંડું પકડી) લાવ્ય તાંસળી.

શૂરસંગ : (તાંસળીને ફેંકી દેતાં) નઈ ખાવાનો . . . નઈ ખાવાનો ન ઈ ઈ ઈ. . . (પાછે પગલે બહાર જવા માંડે છે.)

રૂપાળી : લે, ગોળ આપું ?

શૂરસંગ : રોટલો છે ?

રૂપાળી : ટાઢો ય નથી, ભઈલા. બપોરે . . .

શૂરસંગ : ના. (પાછો પાછો ખસે છે.)

રૂપાળી : (આંખમાંથી આંસુ ખેરવતાં) આ રાયચંદકાકો કીયા ભવનો વેરી જન્મ્યો છે ! અમારૂં ય અમને સખ્યે ખાવા નથી દેતો ? બચારા આ ફૂલને શું ગમ પડે ? ઇ મારી પાંહે નઈ માગે તારે કોની પાંહે . . . ? હાય ભગવાન ! અમારી દયા તો ઠીક, પણ આ ફૂલની દયા તો તારે ખાવી'તી !

[દીપસંગ આવે છે. રૂપાળી પાલવના છેડા વડે આંસુ લૂછી નાખે છે. દીપસંગ જુવાનજોધ છે. માથે ધોળું ફાળિયું. બાંયો વગરનું જ કેડિયું. દાઢી ચારપાંચ દિવસની ચડી છે. ઉઘાડા પગ ધૂળથી ભર્યા છે. આંખોમાં વિષ ભર્યાં છે.]

રૂપાળી : તમે ગામમાં જ ફળંગો દેતા ફરજો.

દીપસંગ : આપણા મૂંઝડ બળધને કંઈક . . .

રૂપાળી : ઈ તો સાબુત છે ને? બીજો દાલે લઇ જાવ. આ માથે મે તોળાઈ રિયો છે. આજ કાલ્યમાં ખેતર નઈ હળી નાખો તો—

દીપસંગ : હળી તો નાખ્યું છે.

રૂપાળી : તારે હવે ?

દીપસંગ : બી . . . બી . . .

રૂપાળી : બી ? ફરી હળી નાખો. એક બે વધુ ગણ દીધે સારો મોલ. . .ઘરના આંગણેથી જ મ ઓછા થાય. માથે કેટલાનું કરવલું છે?

દીપસંગ : હોય ઈ તો . . .

રૂપાળી : (નમ્ર બનીને) ના, ના, તો ય; કો'ને ?

દીપસંગ : ચારક જણનું.

રૂપાળી : પણ ઇમાં રાયચંદ કાકાજીનું . . . પતી ગીયું ને ?

દીપસંગ : પતી ગીયું હોવું જોયેં! બરસો ઉપાડયા'તા. ઈનું વ્યાજ. વળી મોળાં બે વરહ વ્યાજેય નો'તું અપાણું, તે ઇ ય ભળે ને? ત્રણસેં. . . એટલી તો શું રકમ થાય. . .તો . . . ય . . . અઢી સેં. . . પણ ગીયા વરસે ઘઉંનો દાણેદાણો આપી દીધો'તો.

રૂપાળી : પણ ત્યાં આ નથી ચેતયા. બળદ માંદો . . . લ્યો, ખાવાનું કાઢું ?

દીપસંગ : શૂરીઆએ ખાધું ?

રૂપાળી : (હસીને) તમારો કુમ્મર ને ? ઇને દૂધ જોયેં છે! બાપ થીઆ છો તો લાવી ઘો ગરની ભગરડી . . .

દીપસંગ : (નિસાસો નાખીને) ગરની ભગરડી! ભગરડી!! કાળજે ધરપત રાખશું તો . . . તો . . . [રૂપાળી ઊભી થાય છે.]

રૂપાળી : લ્યો. આ ધાન! રાયચંદકાકા તે ગામઠ છે કે ચોરનું ઘૂંડ. માવઠામાં પલળેલી જાર આપી છે. જોવો ને! આ ધાને ય ગંધ મારે છે. ભચડવા બેઠી તારે નર્યો લોટ જ પડે! આવી જાર અહેલી પડે. ભાવ બરબરો દેવો ને ઉકરડે નાખવાનો માલ . . .

દીપસંગ : મને ખાવાનું મન નથી . . .

રૂપાળી : બળધનું ને? ભગવાન સારાં વાનાં કરશે. ભાવે ઈ ખઇ લો. ખાવાનું નામ દીધું તે નો હાલે.

દીપસંગ : (ઊભો થઇને) દુકાળમાં અદક મઇનો!

રૂપાળી : તે, ઈમાં આવા નરમ ઘેંશ જેવા શીના થાવ છો? કાલ સવારે બળધ બેઠો થાશે બે વરહે દેવામાંથી બા'રા વરસ આવવા દ્યો.

દીપસંગ : પણ . . . બારાંમ્ કીયા આ આકડા દે? આ ઉનાળે . . . આબરૂ ગિયા કેડે જીવતું કીયા?

રૂપાળી : (ચમકીને) આબરૂ? કોઇનું કાળુંધોળું કર્યું છે? કોઈ ચંડી ડેકયા છીં? કોઈના ઘેરે કાંકરો દીધું છે? મૂડ માંડી છે? કોઇની બેનદીકરી ભગાડી છે? આબરૂ તો જાવાની જાય.

દીપસંગ : આપડા માથે . . . માથે . . . (થોથરાય છે)

રૂપાળી : માથે રૂપાળી ચકલી બેસે છે. ઈ તો શકન છાનામાના જી ભાવે ઈ ખઇ લ્યો.

દીપસંગ : નોટીસ . . . રાયચંદકાકાએ કાઢી છે સાંજ સવારે આ . . . ઘરે . . . જપ્તી . . .

રૂપાળી : જપ્તી? (સ્વસ્થ બનીને) રાયચંદકાકાને આપણે કે'દી મોળોપાતળો ઉત્તર દીધો છે? સાંકળ ખખડાવી ઊંઘમાંથી ઉઠાડી ઘઉં ભરી દીધા. ને તો ય માથે નોટીસ ?

દીપસંગ : તો ય—તો ય.

રૂપાળી : રાયચંદકાકાને માથે મોત છે કે નઈ ?

દીપસંગ : સાંભળ, ચોરાની બેઠકે બેઠા'તા . . . ને ઈમાં મેં હસાબ માગ્યો.

રૂપાળી : ખરી વાત છે. આપડા બાકી લેણા નીકળતા હોય તે ઓટકેખોટકે કામ લાગી જાય ને? તે . . . પછી . . . ?

દીપસંગ : ઈમ નથી. ઇ તો કે'છે કે બાવ સાવકાર થીયો છો તે વાહલ્યા પોગ્રોસો ખખડાવી દે ને!

રૂપાળી : (ચમકીને) પોગ્રોસો ? શીના ?

દીપસંગ : મેં ય ઈ જ પૂછ્યું. શીના ?

રૂપાળી : તે . . . પછી . . ?

દીપસંગ : મારે ઇમની હારે જીભાજોડી થઈ. ઇ ડફડે તાલુકે જઇ દાવો માંડયો. જપ્તી . . . રૂપાં . . . જપ્તી! નોટીસ! આ ઘર . . . . . . આ ઠામ . . . આ રાચરચીલું . . . આ કોડય . . . માનો ઘડેલ આ કોઠો . . . બાપુનો આ ઢોલિયો . . .

રૂપાળી : ઈ સંધું ય રૂપાની ગોળિયે ઠરી જવાનું.

દીપસંગ : ના . . . ના . . . રૂપાં! રવિયો બેલીફ જાતનો તો બરાબર છે, પણ કરમનો કસઇ . . .

રૂપાળી : પણ મોરથી આવા ઘાટ ઘડયે તો પંડયનો કઢાપો જ કરવાનો ને? પડશે તારે જોવાશે. ઊઠો, છાશ રેડું ધાનમાં. ચાખો જોઉં! ખાટું મોળું . . . ?

[એવામાં બહારથી અવાજ આવે છે]

અવાજ : દીપસંગા! દીપસંગા! (કશો ય પ્રત્યુત્તર મળતો નથી) જાત જ સાળી કો'ક છે ને? ઘરના ખૂણે હોય પણ ઉત્તર શેનો વાળે? સૌ બીજાડા ભેળાં મસાણમાં નથી ગીયાં ને?

રૂપાળી : વચારીને વેણ કાઢજો, કાકાજી!

અવાજ : ઓ ય ધાડયેના! છે ને માથામાં રઇનો મશાલો! મારૂં સાળું, દઇને દરાગન થવાનું. લેવા હોય તારે કૂતરાં, દેવા હોય તારે સિંહ! દુનિયાનો ન્યાય છે ને!

રૂપાળી : માલીપા આવો.

[રાયચંદ શેઠ પ્રવેશે છે. ઘરડિયું વય છતાં ય નાનપણમાં સચવાએલ 'રાયો' એવો ને એવો જ પતીરા જેવો છે. માથાના, મૂછના, દાઢીના વાળ રૂપાના થઈ ગયા છે. મોં પર ચારેક દિવસની હજામત છે. ખાસ્સું મજાનું કેડિયું અંગ પર છે,—પહોળી બાંયોવાળું, ઢીંચણ સુધી ઝલતું. માથા પર આંટીવાળી પાઘડી, કેડયે માદરપાટનું કિનાર વગરનું ક્યાંયે પીળું પડી ગએલું ધેપાડું, પગમાં દેશી ચામડાના જોડા, ડાબા હાથમાં લૂગડામાં વીંટેલ ચોપડા; એવા ખસડપસડ કરતા રાયચંદકાકા પ્રવેશે છે.]

રાયચંદ : મારો સાળો મીંઢો! (રૂપાળી ચોરસાના છેડાને મોં આડો તાણી ઊભી રહે છે.)

રૂપાળી : કાકાજી, મોં સંભાળીને બોલજો!

રાયચંદ : તે, ઈમાં શું લૂણ ઉતારી લીધું? અલ્યા બોલ, તારે હસાબ કરવો છે ને? (ઘર વચ્ચે જ રાયચંદકાકા ઊભા રહે છે) આમ તો આજ, તમારૂં વાણિયાએ ખાધું શું તે તમ સંધા ઈમનો ઘજાગરો કરતાં ફરો છો? વાણિયે કદારે (વ્યાજે) કાઢી આપ્યા ઈ ઇનો ગુનો વાંક? અલ્યા, સાંભરે છે? ગામમાં દોઢો કદારો હાલતો'તો ઈ?

દીપસંગ : (ચમકીને) દોઢાનો ભાવ?

રાયચંદ : તું એકલો આપ છ? ભલભલા મૂછાળાએ આપ્યો છે. ઉઘાડ ચોપડો. ગામનો આ પટલ, ગામનું નાક, નાતનું છોગું; ઇનું નામ આ ચોપડે. (રાયચંદ શેઠની નજર ઘરની ઘરવખરી પર જાય છે) હં તમે? તમે? તમારા કરતાં તો ભરૂ સારા, ભરૂ! છાતીએ હાથ મૂકી ઘોરાય તો ખરૂ! ને ઈ જ વ્યાજમાં દૂધ, ઘી, માવો ટટકારીયે. તમારી

તો દાનત ખોરા ટોપરા જેવી. હરામનુ ખાવુ છે! માઝનમાં જઇ . . .

રૂપાળી : (વચ્ચે જ) કાકાજી! દેવનું ગાતમ પૂજરાથી, હા! પછી કે'તા નઇ કે કીધું નો'તું. નઇ તો બઇ માણુસના મોંનાં વેણ . . .

રાયચંદ : જો, દીપા, અમારે દઇને દશમન થાવાનું, દઇને દશમંન! લે, ગારે શું? હું ગારા રૂપિયાનો ધણી. લાવ્ય, હું આ હાલ્યો.

દીપસંગ : કાકા, દાણેદાણો તમને ભરી દીધો. હવે . . . ?

રાયચંદ : કઢારો!

દીપસંગ : કઢારો નથી, હવે તો આ દેહમાં ચામ ને હાડકાં . . .

રાયચંદ : ચોરા વચાળે ઉત્તર આલ્યો'તો ને? હવે તો કર્યે ચૂકતું.

દીપસંગ : અતારે ઈ કંઈ . . . કંઈ . . . નઈ બને.

રાયચંદ : નો હોય તો ગમે તે ગીરવ, મારે તો મારા પૈસા...

[રૂપાળી તરફ ત્રાંસી નજરે જોઈ રહે છે. રૂપાળીની નજરમાં આ ખ્યાલ આવતાં તાંસળી ઉપાડીને રાયચંદ શેઠ પર ફેંકે છે.]

રૂપાળી : વાણિયા! કાલ્ય સાંજ લગણમાં કાળા ચોરના કાઢી તને તારા પૈસા ભરી દેશું, પણ તું આંઇથી ટળ્ય!

રાયચંદ : વાહ રે! ઇથી મારે શું રૂડું? રાણીને કાણી નો કે'વાય! જોયો ઇનો મિજાજ? આમાં ગરીએં અમે? જપ્તી જ હોય! ઇ વગર તમે પાંસરાં નો હાલો ને! ઓલ્યો રવિયો આવી હાંડલાં ચૂંથશે તારે જ વાંકાં રહેવાનાં. ઇની ય વાર શી? નોટીસ કાલ મળી ગઈ છે. જોઉં છું તારી રાણીનો મિજાજ કેટલીક ઘડી ટકે છે? (જાય છે)

રૂપાળી : ઈ રાખહના કેટલા લેણા . . . ?

દીપસંગ : ચાર વીહુંમાં . . . પાંચ ઓછા.

રૂપાળી : કાળા ચોરના કાઢો, ઇ ખવીહ મારા આંગણે નો જોઈ. ચુંવાળિયા કોળી જેવો ઈ વાણિયો આઇ નો જોઇ. ઈની નજર તો જુઓ! (દીપસંગ ઢીલો બને છે) લ્યો, ઊઠો; સંધાં ય સારાં વાનાં થાશે. બળધની ખબર કાઢી આવો. જપ્તી લઇને આવશે તારે જોયું જાશે. હાથેપગે લાગીને ઓલીફને વોળાવશું, ઓ પૈસાનો મોંએ દૂચો દેશું.

દીપસંગ : મને કંઈક થઈ જાય છે. જાણે રોઈ લવ.

રૂપાળી : એક છોકરાના બાપ દોકરું થઈ બેઠા? વાહ! ઊઠો.

દીપસંગ : ના, ઈમ થાય છે.

રૂપાળી : જમીના લીધે? ગામમાં તમારા જ ઘર માથે પે'લપે'લી જપ્તી નથી આવતી ને? ખેડૂના આ દિ' આવ્યા કીમ? ધરતીએ પાણી ચોર્યાં. મોલ ધાર્યાંકાર્યાં નો ઊતરવા મંડચો, તારે જ આ દિ' ને? ઈમાં ગામ શું કે'શે? આપડે રાતદિ' જોયા વગર કાળી મજૂરી કરીં છીં, પછી પાકચું નો પાકયું ઇ નશીબની વાત છે. દેવું નો ભરાય ઈ . . . લ્યો જાવ હવે. [દીપસંગને રૂપાળી ઊભો કરે છે.]

રાયચંદ : (પ્રવેશતાં) જોયું સા'બ? જોઈ દાનત? દાનતમાં જ ઝેવારો નથી, પછી પાકે શું? રાખ જ પાકે કે કંઇ બીજું? તમે ઘડીક મોડા આવ્યા હોત તો આ શાવકાર સાતમે પાતાળ ઊતરી જાત. પછી તમે ગોત્યા જ કરો ને!

[રૂપાળી હેબકી જાય છે. દીપસંગ છે ત્યાં જ નીચે બેસી જાય છે. તેનું તેજ નિસ્તેજ બની જાય છે. રાયચંદ ઘરમાં આવીને ઊભો રહે છે.]

રાયચંદ : અરે સા'બ, અંદર પધારો, અંદર પધારો. ઘરમાં સમ ખાવા સારૂં ગોદડું ય નથી. અલ્યા! ચાની તો મા મરી ગઇ, પણ ખાટલો તો ઢાળ્ય! લે, છ ને ગાણુહ? રૂંવાડું ય ફરકે છ? સા'બ, અંદર પધારો, અંદર! (રાયચંદ પોતે જ બહારથી ખાટલો લાવે છે.)

[બેલીફ રૉફથી અંદર આવે છે. માથે વાળવાળી ઊંચી દીવાલની કાળી ટોપી; ખાખી કોટ; હાથમાં ચામડે મઢેલી નેતરની સોટી; ને મોંમાં ધોળી બીડી. પાછળ આવતા પગીના હાથમાં દફતર છે. બેલીફ ખાટલા પર બેસે છે.]

રાયચંદ : સા'બ, અમારે તો દઇને દશમન વો'રવાના! આની હારે ફેત્રો નાતો? ઘરરોખો જ. પણ આ તો દઇને દશમન . . . .

બેલીફ : (દીપસંગ તરફ જોઇ) કેટલાં વીઘાં જમીન?

દીપસંગ : (વિચાર કરીને) પંદર વીઘાં જોડિયું, પાંચ વીઘાંની સુરધનની કટકી, નવ વીઘાં વેલાવાળું.

બેલીફ : સાચું બોલવાનું. જો આ ચોપડો. એમાં તમારૂં સંધુ ય . . .


દીપસંગ : અઢાર વીઘાંનું ફાસમાવાળું, ને આઠ વીઘાં દેરીવાળું

બેલીફ : ને કેટલાના પૈસા ધાલ્યા છે?

રાયચંદ : અરે સા'બ, મારી (અનુસંધાન આગળ પૃ. ૧૮૨મે)



વિશ્વલક્ષ્મીનાં પ્રતીક રત્નો



વજનમાં આખી દુનિયામાં બીજે નંબરે આવતો ૭૨૬ કૅરૅટ વજનનો 'જૉન્કર' નામનો આ મોટો હીરો નિષ્ણાતોના અભિપ્રાય મુજબ જગતભરમાં સર્વાંગસંપૂર્ણ હીરો ગણાય છે. આપણી સામાન્ય વીંટીમાંના નંગને મુકાબલે તેનું કદ કેવડું છે તે ઉપરના ચિત્રમાં દર્શાવ્યું છે

માનવ સંસ્કૃતિમાં અનાદિ કાળથી રત્નોનું મહત્ત્વ સ્વીકારાતું આવ્યું છે, અને આજે વૈજ્ઞાનિક સંશોધનના જમાનામાં સિન્થેટિક (વૈજ્ઞાનિકરીતે બનાવેલા) હીરા–રત્નો અને કલ્ચર મોતી જ્યારે સરળતાથી જનસમાન્યને મળી શકે એટલાં વિપુલ થઈ પડ્યાં છે ત્યારે પણ, અસલ રત્નોનું મૂલ્ય કે ગૌરવ લેશમાત્ર ઘટ્યા નથી. એ બતાવે છે કે ખરા હીરા-રત્નોનું મૂલ્ય ને મહત્તા તે દુષ્પ્રાપ્ય હોય છે એટલા જ માટે નથી, પરંતુ તેના પ્રકાશની કોઈ અનેરી ચમક, કોઈ પણ સંજોગોમાં નહિ ઘસાવાનું તેનું અલૌકિક સખતપણું અને બનાવટી વસ્તુઓથી જુદું પડી આવતું તેનું કોઇ નિરાળું સૌંદર્ય જ એને વિશ્વલક્ષ્મીનાં પ્રતીકના વિશિષ્ટ સ્થાને સ્થાપિત કરે છે.

આ ઉપરાંત, આર્ય શાસ્ત્રની દૃષ્ટિએ તેમાં રહેલું એક બીજું અલૌકિક ને અદ્રષ્ટ ગુણતત્ત્વ પણ તેને એ વિશિષ્ટતા અર્પે છે. એ અસર તે માનવ દેહ ને માનવ જીવન પર પડતી તેની પ્રભાવક અસર. આજના વિજ્ઞાનની કસોટીએ એ માન્યતામાંના સત્યાસત્યની ચકાસણી બાજુએ રાખીને માત્ર હકીકતના જ્ઞાન પૂરતો, એ વિષય જોઈએ.

વિજ્ઞાન માને છે કે પ્રત્યેક વસ્તુ સતત આંદોલિત અવસ્થામાં જ રહે છે, અને એ આંદોલનોની ગતિ–વિધિ અનુસાર સમસ્ત જડ-ચૈતન્ય પર ઓછા-વત્તા રૂપમાં તેનો પ્રભાવ પડ્યા કરે છે. એ જ રીતે આકાશ-સંચારી પ્રબલ જ્યોતિષ્ખંડોની અસર ભૂતલ-સંચારીઓ ઉપર પણ પડે છે. સમુદ્રના ભરતી-ઓટ અને વનૌષધિઓની સરસતા-નીરસતા ઉપર ચંદ્રની પડતી અસરો એ આનાં સ્પષ્ટ ઉદાહરણ છે. એ જ રીતે નાનાં નક્ષત્રો આદિની ભૌતિક જીવન ઉપર થતી અસર—જેવી કે સ્વાતિના જલબિંદુથી બંધાતી કહેવાતી મોતીની છીપો, ચિત્રાની કલાના પાનથી જ પુષ્ટ થતી અમુક વનૌષધિઓ, મૃગ અને આર્દ્રા નક્ષત્રોનાં જ જલથી પોષિત ધનધાન્ય રોગરહિત હોવાની માન્યતા, વગેરે પાછળ કોઈ વૈજ્ઞાનિક સત્યો હોવાની ચકાસણી થવી જરૂરી છે.

આ જ રીતે રત્નો વિષે પણ આપણે ત્યાં પરંપરાગત માન્યતા છે. કોઇ પત્થર, ધાતુ યા રત્ન જે ગ્રહ-નક્ષત્રના પ્રભાવથી તે પોષાયેલા હોય તે જ ગ્રહ તેના કિરણાંદોલિત પ્રભાવથી ઉત્પન્ન થયેલા માનવી સાથે તેનો સંબંધ યોજતાં તેની પ્રભાવિત અસર થાય છે. એ જ રીતે પૂરક અસર પણ થાય છે. દાખલા તરીકે કૃષ્ણ પક્ષના ક્ષીણ ચન્દ્રમાં જન્મેલા માનવીમાં ચન્દ્રકિરણોથી મળવી જોઇતી શારીરિક સરસતાની ઊણપ પૂર્ણચન્દ્રના પ્રભાવમાં સાગરતલમાં પાકેલાં મોતી ધારણ કરવાથી થતી અસર વડે પૂરી શકાય. આ રીતે અમુક રત્નોના ધારણ કરવાથી, તે તે રત્નોના ગ્રહોની સાથે સમાભાસી અથવા વિરોધાભાસી આંદોલનો ઉત્પન્ન કરવાની તેની શક્તિઓની અસર થાય છે, એમ માનનારાં માત્ર આપણા આર્યોનાં જ્યોતિષ ને આયુર્વેદ શાસ્ત્રો જ નથી; પરંતુ ગ્રીકો, ઇજિપ્શ્યનો અને રોમનો પણ તે માનતા; ને પ્રાચીન ખાલ્ડિયન જ્યોતિષશાસ્ત્ર ઉપરથી આજના યુરોપમાં જ્યોતિષશાસ્ત્રનું નવું પાનું ઉઘાડનાર આ યુગનો મહાન જ્યોતિષી કીરો (Cheiro) પણ તેવા પ્રભાવને સ્વીકારે છે. હીરો, નીલમ, વૈદુર્ય આદિ રત્નોની માનવજીવન ઉપરની અસર વિષે અનેક દંતકથાઓ માત્ર આપણે ત્યાં જ નહિ પણ દુનિયાભરમાં પ્રચલિત છે.

આ જ રીતે માણસના આરોગ્ય ઉપર પણ રત્નો અસર કરે છે. દાખલા તરીકે નીલમ એ શનિનું રત્ન મનાય છે. શનિના આ રત્નની અસર શરીરમાં અસ્થિ-ક્ષય, સ્નાયુક્ષીણતા, લીવરની ખરાબી સંગ્રહણી આદિ ઉત્પન્ન કરનાર કહેવાય છે. તેને જો ખૂબ સમજપૂર્વક અને અમુક ગ્રહયોગથી પ્રભાવિત માણસ જ વાપરે તો એવી વિપરિત અસર ન થતાં ઉલટો લાભદાયી નીવડે. આથી ઝવેરીઓ પણ સતર્ક પોતાના ગ્રાહકોને અનુભવ પછી જ રત્નો ખરીદવાની ભલામણ કરે છે. આ જ રીતે રત્નોની એકબીજા ઉપર જે પ્રભાવનાશી કે વિકાર ઉત્પન્ન કરનાર શક્તિ રહેલી છે તેના જ્ઞાન વિના જો સંયોજન કરવામાં આવે તોપણ તે શરીર ઉપર ઘાતક પરિણામ કરે છે. અત્યંત તેજસ્વી માણેકની સાથે જો શુક્રનું રત્ન હીરો જડવામાં આવે તો દેખીતી રીતે તો એ સફેદ ને લાલનું મિશ્રણ નયનાકર્ષક બને, પરંતુ પરિણામમાં તે ક્ષય જેવો વિકાર કરે. એ જ રીતે પન્નાની સાથે મોતી, કે નીલમની સાથે માણેક, અથવા મોતી, પન્ના કે પોખરાજની સાથે લસણિયો હીરો, એ બધી પરસ્પરવિરોધી અસરનાં રત્નોની સંયોજના હોવાથી તે જુદાજુદા શારીરિક વિકારો પહેરનારમાં ઉત્પન્ન કરે છે, જે પછી દવાથી પણ મટતા નથી; કારણકે તે અસર સીધી શરીરની તત્સંબંધી ધાતુ કે જીવનતત્ત્વ પર થતી હોવાથી તેનો નાશ જ કરતી રહેતી મનાય છે.

રત્નોમાં પણ વિવિધ જાતો છે, તેના રંગ છે, લક્ષણો છે, અને તેના પ્રભાવકારી મર્યાદાઓ પણ છે કેટલા વજનનું રત્ન, કયા ગ્રહ-પ્રભાવથી ઉત્પન્ન થયેલી વ્યક્તિની પ્રકૃતિ ઉપર કેવીરીતે લાભકારક કે નુકસાનકર્તા નીવડે તેના શાસ્ત્રીય વિશ્લેષણપૂર્વકના જ્ઞાનથી જ જો તેની યોજના કરવામાં આવે તો જ તે ફલદાયી નીવડે છે.

ખાણોમાંથી નીકળતાં રત્ન-હીરા ઉપરાંત બીજા પ્રકારે ઉત્પન્ન થતાં મણિ-રત્નો હોવાની પણ માન્યતા આપણે ત્યાં પ્રચલિત છે, જેમ ગજ-મુક્તા (હાથીના ગંડસ્થળમાં પાકતાં મોતી), સર્પ-મણિ, મંડુક-મસ્તક-મણિ, મત્સ્ય-મણિ, તથા સૂર્યકાન્ત-મણિ, ચન્દ્રકાન્ત-મણિ, પારસ-મણિ આદિ વિખ્યાત છે અને તે સંબંધે આપણે ત્યાં વિધવિધ લોકોક્તિઓ છે.

આ બધાંના સત્યાસત્યને વિવાદ-સ્પદ ગણીને બાજુએ રાખીએ તોપણ એટલું તો ખરું કે રત્નો અનાદિકાળથી માનવજીવનમાં વિશિષ્ટ

મહત્ત્વ ધરાવતાં આવ્યાં છે, દેશદેશની સંસ્કૃતિ અને ઇતિહાસની ચડતીપડતી સાથે તે સંકળાએલાં છે, અને આજે પણ દેશદેશની પ્રજાના ઔત્સુક્ય અને ઐષણાને તે એટલા જ બલપૂર્વક પ્રેરી રહ્યાં છે.

આપણાં પુરાણોમાં રત્નોની ઉત્પત્તિ વિષે ત્રણ માન્યતાઓ છે. એક તો એ કે મન્દરાચલ પર્વત વડે દેવ અને દાનવોએ સમુદ્રમંથન કરીને કાઢેલાં ચૌદ રત્નો પૈકીનું અમૃત બહાર નીકળતાં તેના જે કણ જમીન પર પડી ગયા તે પોતપોતાની પ્રકૃતિ પ્રમાણે રત્નોમાં રૂપાંતર પામ્યાં; બીજી કથા એ છે કે દેવોના કલ્યાણ અર્થે વૃત્રાસુરને મારવા સારૂ પોતાનાં હાડકાંમાંથી વજ્ર બનાવવા દધિચિ ઋષિએ દેહત્યાગ કર્યો ત્યારે તેમનાં બાકી વધેલાં હાડકાં ઋષિનાં તપોબળથી અમરત્વ અને તેજ પામી રત્નો બન્યાં; અને ત્રીજી કથા એવી છે કે 'બલ નામના એક રાક્ષસે દેવોને જ્યારે રંજાડવા માંડ્યા ત્યારે એ અજેય દૈત્યને હણવા દેવોએ એને પશુરૂપ ધારણ કરવા પ્રેર્યો અને વચનબદ્ધ થઈ એ પશુ બન્યો એવો જ એનો વધ કર્યો એ બલાસુરના જુદાજુદા અવયવો જુદાજુદા દેશોમાં જઈ પડ્યા અને ત્યાં તેમાંથી નવ પ્રકારનાં રત્નો પાક્યાં. એ રીતે તેના જે જે અંગમાંથી જે જે રત્નો પાક્યાં તે તે અંગના રોગો ઉપરના ઉપચારમાં તે તે રત્નો વપરાતાં હોવાનું મનાય છે. પુરાણોની કથાઓ પાછળ કોઈ રૂપક કે સૂચક પ્રતીકો રહેલાં હોય છે, એ દૃષ્ટિએ ઉપરની ત્રણે કથાઓને ઘટાવી તેનો કાંઈ તત્ત્વાર્થ હોય તો શોધવો જોઈએ.

આ નીચે આપણાં નવ રત્નોનાં પ્રકાર, તેમનાં અંગ્રેજી નામ, તેમના રંગ, જે જે ગ્રહના પ્રભાવનું કેન્દ્રીકરણ તેમાં રહેલું છે તે ગ્રહનાં નામ, તથા જે જે રોગો ઉપર તે રત્નોના ઉપચાર પ્રયોગ શાસ્ત્રોમાં કહ્યા છે તે અનુક્રમે આપ્યાં છે:

માણેક	Ruby	લાલ રંગ	સૂર્ય	રક્તરોગ
મોતી	Pearl	સફેદ, નીલો, લાલ,	ચંદ્ર	દંતરોગ
પ્રવાલ	Coral	સિંદૂરિયો	મંગળ	. . .
પન્ના	Emerald	લીલો	બુધ	પિત્તપ્રકોપ
પુખરાજ	Topaz	સફેદ, પીળો, નીલો,	ગુરુ	ચર્મરોગ
હીરો	Diamond	સફેદ, પીળો વગેરે	શુક્ર	અસ્થિરોગ
નીલમ	Sapphire	ગૂઢો, આછો વાદળી	શનિ	. . .
લસણિયો	Cat's Eye	લસણુ રંગ	રાહુ	સ્વરભંગ
ગોમેદ	Zircon	લાલ ધૂમિલ	કેતુ	વીર્યવિકાર

સંસારમાં જે અનેકવિધ પ્રકારનાં રત્નો પાકે છે તેમાં, જનતામાં જાણીતાં તો માત્ર અમુક જ હોય છે ને લોકરુચિએ રમતાં ને ખ્યાતિ પામેલાં તો ઉપર કહ્યાં તે નવ છે. પણ બધા વિવિધ પ્રકારને સમાવતાં તેનાં ઉપરત્નો સાથે રત્નોનાં કુલ ૮૪ પ્રકાર થાય છે.

પરંતુ હવે પુરાણનાં અને દંતકથાનાં કાલ્પનિક તત્ત્વો જતાં કરીને આધુનિક દૃષ્ટિએ હાલના કેટલાક જગવિખ્યાત રત્નો તથા તેને લગતી હકીકતો જોઈએ. યુરોપિયનોએ બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા, બ્રિટિશ ગાયાના, બોર્નિયો વગેરે સ્થળે હીરા અને રત્નોની ખાણોની શોધ કરી તે પહેલાં દુનિયાભરમાં શ્રેષ્ઠ રત્નો પૂરાં પાડનારૂં એક માત્ર હિંદ હતું. આપણે ત્યાં વિંધ્ય પર્વતો, ગોવળકોંડા, કોલર ને દક્ષિણ હિંદની નદીઓના પટ એ તેનાં મુખ્ય ક્ષેત્રહતાં. ઈ. ૧૬૨૮માં હિંદ આવનાર વિખ્યાત ઈટાલિયન ઝવેરી ટૅવર્નિયરે પોતાની પ્રવાસકથામાં પોતે જોએલી હિંદની હીરાની ખાણો અને અહીંનાં બેમૂલ નાગચીન રત્નોનાં રસભરિત વર્ણનો કર્યાં છે.

રત્નોની કીમત તેનાં વજન અને તેજસ્વિતાની નિર્મળતા તથા તીવ્રતા ઉપર અંકાય છે અને તેના માપનું પરિમાણ કૅરૅટ ગણાય

ગણાય છે. એક કૅરૅટ એટલે લગભગ ૩ ગ્રેઇન. યુદ્ધ પહેલાં સામાન્ય સારા હીરાની કીમત એક કૅરૅટના ૩૫ પાઉન્ડ હતી. જેમ નંગ મોટું ને નિર્મળ તેમ તેની કીમત વધારે. કેટલીક વાર તો હીરા કરતાં સરસ પાણીદાર ચોખ્ખા નીલમની કીમત વધારે હોય છે. બે કૅરૅટના હીરાની કિંમત સિત્તેર પાઉંડ જેટલી હોય તો તેટલા જ વજનના સારા નીલમના નંગની કીમત સો પાઉન્ડ થવા જાય.

છતાં બધાં રત્નોમાં શ્રેષ્ઠ તો હીરો જ ગણાય છે. પદાર્થમાત્રમાં તે સૌથી સખત, અઘર્ષ્ય, અવિનાશી ને સૌથી પ્રકાશમાન હોય છે. કેટલાક હીરા અંધારામાં આપમેળે પ્રકાશે છે; કેટલાક પ્રકાશને પરાવર્તિત કરી ઝળાંહળાં થાય છે. હીરાની આ પ્રકાશક શક્તિ વૈજ્ઞાનિકો માટે કોયડો રહી છે. હમણાં સુધી એવું મનાતું હતી કે એના મૂળ તત્ત્વ કાર્બન સાથે અલ્પ પ્રમાણમાં પણ એવું કોઇ તત્ત્વ મિશ્રિત થએલું હોવું જોઇએ જેનાથી એને પ્રકાશ ને રંગ મળતાં હશે; પરંતુ આપણા પ્રખર વૈજ્ઞાનિક સર સી. વી. રામને હમણાં પ્રસિદ્ધ કર્યું છે કે હીરાના પરમાણુઓની અંતર્ગત રચના જ એવા પ્રકારની છે કે જે દ્વારા તેનામાં પ્રકાશવાનો ગુણ આવે છે. કેટલાક હીરા દિવસે પ્રકાશમાં રહે તો રાત્રે પ્રકાશ આપે છે; તેમને Floure Scenie કહે છે. જ્યારે કેટલાક રાત્રે અંધારામાં જ અલ્ટ્રાવાયોલેટ ને ઈન્ફ્રારેડ કિરણો ઝીલી આપમેળે પ્રકાશ વેરે છે; એમને Lumini Scenie કહે છે.

કેટલાક હીરાઓ દેશદેશના રાજકીય ઇતિહાસો સાથે એવા તો સંકળાએલા છે કે તે ઉપરથી તેમની સારીમાઠી અસરો વિષે અનેક દંતકથાઓ ચાલે છે. રાજવીઓ, સમ્રાટો ને એ સમ્રાટોને ચપટીમાં રાખનાર લક્ષ્મીનંદનોની ચડતીપડતીના ઇતિહાસો સાથે હીરાઓની જે ફેરબદલી થતી રહે છે અને તેમાં કારણભૂત હીરાઓ એ ઐતિહાસિક વ્યક્તિઓ જેટલો જ મહત્ત્વનો જે ભાગ ભજવી જાય છે એ બધી હકીકતો રોમાંચક હોય છે. અહીં એનું ઔચિત્ય નથી પણ કેટલાક જગખ્યાત હીરાઓ વિષે ટૂંકામાં જાણીએ.

કોહીનૂર: એના નામનો અર્થ (પ્રકાશનો પર્વત) સાબિત કરી રહેલો અને આજે બ્રિટનના શાહી તાજમાં વિરાજતો ૧૦૮ કૅરૅટ વજનનો આ હીરો ૪,૦૦૦ વર્ષ પહેલાં ગોદાવરીના તટેથી મળ્યાની તથા મૂળ પાંડવોનો હોવાની દંતકથા છે. પણ ઈ. ૧૩૦૪ની સાલથી તેનો પ્રમાણભૂત ઇતિહાસ મળે છે. મુઘલ શહેનશાહ પાસેથી ૧૭૩૯ની લૂટ વખતે નાદીરશાહને હાથ તે પડ્યો. ૧૭૪૭માં નાદિરશાહનું ખૂન થયું ને ત્યાંથી એ પંજાબના રણજીતસિંહને હાથ પડ્યો. તેણે એ હીરો જગન્નાથજીના મંદિરને ભેટ આપવા પોતાના વારસોને સૂચવેલું, પણ તેના મૃત્યુ પછી ૧૮૪૯માં પંજાબ ઉપર ઈસ્ટ ઇંડિયા કંપનીનો હાથ ફરી વળતાં તેને હાથ ગયો અને કંપનીએ મહારાણી વિક્ટોરિયાને તે ભેટ આપ્યો. ત્યારથી તે બ્રિટિશ તાજમાં છે.

પિટ્ટ અથવા રીજંટ નામનો, ૧૩૬ કૅરૅટ વજનનો એક નામી હીરો આજે ફ્રાન્સના શાહી ઝવેરાતના ખજાનામાં છે તે પણ ૧૭૦૧માં આપણા હિંદમાંથી કૃષ્ણા નદીના પટની ખાણમાંથી નીકળેલો. મદ્રાસના ગવર્નર વૉલ્ટર પિટ્ટે એક પારસી વેપારી પાસેથી તે ૨૦,૪૦૦ પાઉન્ડમા ખરીદ્યો (તે પરથી તેનું નામ પડ્યું), અને તેની પાસેથી ૧૭૧૭માં ફ્રાન્સના ડયુક દ ઑર્લી ઑંસે ૧,૩૫,૦૦૦ પાઉન્ડે ખરીદેલો.

ઑર્લોવ: ૨૦૦ કૅરૅટ વજનના આ હીરા પર આજે પણ તેના મૂળ હિંદી કારીગરીના જ પહેલ સચવાઈ રહ્યા છે, એ દૃષ્ટિએ ખાસ અગત્યનો ગણાય છે એને વિષે જૂનામાં જૂની માહિતી તે શાહજહાં પાસે હોવાની છે. અફવા એવી છે કે તે ત્રિચીનોપલીના શ્રીરંગમના મંદિરમાં હતો. ત્યાંથી (અનુસંધાન પૃષ્ઠ ૧૯૦ ઉપર)

શાપમોચન

મૂળ લેખક
રવીન્દ્રનાથ ઠાકુર

ગાંધર્વ સૌરસેન સુરલોકની સંગીત-સભાના કલાકારોનો નાયક હતો.

એક દિવસે તેની પ્રેયસી મધુશ્રી સુમેરુ-શિખરે સૂર્ય-પ્રદક્ષિણા કરવા ગઇ હતી. તેથી સૌરસેનનું મન ઉદાસ હતું.

બેધ્યાનથી તેના મૃદંગના તાલમાં ભંગ પડ્યો ને ઉર્વશીના નૃત્યમાં અસ્થિરતા આવી. ઇન્દ્રાણી ક્રોધે લાલચોળ બન્યાં.

ઈન્દ્રસભામાં તાલભંગ કરવા માટે તેના પર શાપ પડ્યો, ને તેની દેહશ્રી વિકૃત બની. અરુણેશ્વર નામે તેનો જન્મ થયો, ગાંધારના રાજમહેલમાં.

આ સાંભળીને મધુશ્રી ઇન્દ્રાણીના પગે પડીને બોલી, 'વિરહ મા કરાવશો. અમે ભલે એક જ લોકમાં વસીએ. એક જ દુઃખમાં ને એક જ અપમાનમાં.'

શચિએ ઈન્દ્ર તરફ સકરુણા દૃષ્ટિ નાખી.

ઈન્દ્ર કહે, 'તથાસ્તુ; જાઓ ત્યારે મર્ત્યલોકમાં. ત્યાં દુઃખ લેશો ને દેશો. એ દુઃખ તાલભંગના અપરાધની શિક્ષા બનશે.'

મધુશ્રીએ મદ્રરાજકુલમાં જન્મ લીધો. નામ પાડ્યું કમલિકા.



એક દિવસે ગાંધારરાજે મદ્રરાજકન્યાની છબિ જોઈ. બસ, પછી તો એ છબિ તેની આખા દિવસની ચિંતાનો વિષય બની. તેનાં રાત્રિનાં સ્વપ્નાંઓમાં પણ તે છબિએ પોતાની ભૂમિકા રચી દીધી.

ગાંધારનો દૂત મદ્રરાજધાનીમાં પહોંચ્યો.

વિવાહનું માગું સાંભળીને રાજા બોલ્યા, 'મારી કન્યા અતિ દુર્લભ ભાગ્યવંતી લાગે છે!'

ફાગણ માસની પુણ્યતિથિએ શુભ લગ્ન નક્કી થયું. મહારાજ અરુણેશ્વરની અંકવિહારિણી વીણા રાજહાથીએ ચડી, રત્નાસન પર વિરાજીને મદ્રરાજસભામાં આવી પહોંચી.

નિશ્ચિત સમયે રાજવધૂ કમલિકા પતિગૃહે સિધાવ્યાં.

દીપબુઝાયા અંધારખંડમાં રોજ રાત્રે સ્વામી સાથે મેળાપ થતો.

કમલિકા કહે, 'પ્રભુ, રાતદિન તો તમારાં દર્શન માટે ઝંખું છું. મને દર્શન આપો.'

રાજા કહે, 'તું તો મને મારા ગીતમાં જ જોતી રહે.'

અને અંધકારમાં વીણા વાગતી રહેતી. વર ગંધર્વનૃત્ય કરતા વહુની પ્રદક્ષિણા ફરતા.

આ નૃત્યકલા જ તેમના દેશનિકાલ પછી તેમની સખી બનીને મર્ત્યદેહે વસી હતી.

નૃત્યની વેદના ઊછળીઊછળીને રાણીની છાતીએ જઈ વાગતી. નિશીથરાત્રે સમુદ્રમાં ભરતી આવતાં જેમ તટભૂમિ પર મોજાં અથડાય, તેમ અશ્રુથી તેની છાતી ભીંજાઈ ઊઠતી. એક વખત રાત્રે ત્રીજા પહોરને અંતે શુક્રનો તારો પૂર્વાકાશમાં હતો, ત્યારે કમલિકાએ પોતાના સુગંધી વાળ રાજાના બંને પગોમાં પાથરી દઇને કહ્યું, 'આદેશ કરો કે આજ હવે હું તમને ઉષાના પ્રથમ પ્રકાશમાં જોઉં.'

રાજા કહે, 'પ્રિયે, અણદીઠા આ ગાઢ મિલનને ભાંગવાની વિનતિ ન કરો.'

રાણી કહે, 'ત્યારે મારી આ બંને આંખો શું પ્રિયના દર્શનથી હમેશ માટે વંચિત રહેશે? અંધાપા કરતાં યે આ તો બૂરો શાપ!'

અભિમાનમાં રાણીએ મોં ફેરવી લીધું.

રાજા કહે, 'કાલે ચૈત્રસંક્રાન્તિ છે. નાગકેસરના વનના એકાંતમાં સખાઓ જોડે મારે નૃત્ય કરવાનું છે. ત્યારે મહેલની અગાસીએ ચડીને જોજો.'

મહારાણીએ દીર્ઘ નિશ્વાસ નાખી કહ્યું, 'એ તો ઠીક; પણ ઓળખવા શી રીતે?

રાજા કહે, 'ખુશીમાં આવે તેના પર કલ્પના ઠેરવજો. એ જ કલ્પના સત્ય નીવડવાની.'

ચૈત્ર સંક્રાન્તિની રાત્રે ફરી મિલન થયું.

રાણી કહે, 'નૃત્ય તો જોયું. શાલની તરુશ્રેણીમાં એ તો જાણે વસંતના પવનની મસ્તી. બહુ જ સુંદર. મને તો બધા ચંદ્રલોકના શુક્લપક્ષના માનવીઓ લાગતા હતા. કેવળ કોઇક કુરૂપ જને આવી રંગ બગાડ્યો હતો,– જાણે કોઈ રાહુનો અનુચર ન હોય! એને ત્યાં કયા ગુણના અધિકારે પેસવા દીધો હતો?'

રાજા સ્તબ્ધ થઇને રહી ગયા.

થોડી વાર રહીને બોલ્યા, 'એ વિરૂપતાની પરમ વેદનામાં જ તો સુંદરનું આહ્વાન છે ને? કાળા મેઘ જેવા લજ્જાથી ઢંકાય છે કે તરત સૂર્યરશ્મિઓ તેને લલાટે ઈન્દ્રધનુ આંકે છે. મરુભોમ જેવી સૂકી શાપિત ધરતી પર જ્યારે સ્વર્ગની કરુણા રૂપ ધરે છે ત્યારે જ તો થાય છે ને શ્યામલ સુંદરનો આવિર્ભાવ' પ્રિયતમે, શું તે જ કરુણાએ તમારા હૃદયને મધુર બનાવ્યું નહિ?'

'ના, મહારાજ, ના,' એમ બોલીને રાણીએ બંને હાથ વડે પોતાનું મુખ ઢાંકી દીધું.

રાજાના કંઠસ્વરમાં પણ અશ્રુનો સ્પર્શ લાગ્યો. કહ્યું, 'જેની પાસે દયા માગતાં તમારૂં હૃદય ભરાઈ ઊઠતું, તેની જ ઘણા કરીને મનને તમે પત્થર જેવું બનાવો છો'

'રસવિકૃતિની આવી પીડા કેમે કરી હું સહન ના કરૂં.' આમ કહીને રાણી આસન પરથી ઊઠ્યાં.

રાજા તેનો હાથ પકડીને કહે, 'પણ એક દિવસ સ્વીકારવું પડશે કે આપણા પોતાના આંતરિક રસની ઉદારતામાં ને વિરૂપના આત્મત્યાગમાં જ સુંદરની સાર્થકતા રહેલી છે.'

ભ્રકુટિ ચડાવીને રાણી કહે, 'અસુંદરને માટે તમારી આટલી બધી અનુકંપાનો અર્થ સમજાતો નથી. પેલી સાંભળો, ઉષાના પ્રથમ કોકિલની પુકાર! અંધકારમાં પણ તેને પ્રકાશની કેવી પ્રતીતિ થાય છે! આજે સૂર્યોદયે તમારો ય એવો પ્રકાશ થશે એવી આશામાં હું રહી હતી.'

રાજા બોલ્યા, 'ત્યારે એમ થવા દો. ભીરુતા ભાંગી નાખો.'

દર્શન થયાં.



ને યુગલનો સંસાર હલમલી ઊઠ્યો.

'કેવો અન્યાય! કેવી નિષ્ઠુર વંચના' બોલતી કમલિકા ઘર છોડીને નાસી છૂટી.

ખૂબ–ખૂબ દૂર ગઇ .... વનની અંદર શિકારને માટે જે નિર્જન રાજમહેલ છે, ત્યાં છેક જઈ પહોંચી. ધુમ્મસે છાયેલા શુક્રતારા જેમ એ લજ્જાથી ત્યાં લપાઈ રહી.

રાત્રિ બે પહોરની થઇ હશે ત્યાં તેની કાચી નિદ્રામાં કોઇ વીણા ધ્વનિની આર્ત રાગિણી કાને અથડાઈ. સ્વપ્નમાં બહુ દૂરનો આભાસ મળતો હતો. એને થયું કે આ સૂર તો કેટલા યે સમયનો જાણીતો છે.

એક પછી એક રાત વીતવા લાગી.

અંધકારમાં તરુઓ તળે જે માણસ છાયાની માફક નાચતો તે આંખે દેખાતો નહિ, પણ છતાં યે હૃદયમાં દેખાતો હતો. જેવી રીતે જનહીણા દેવદારના વનની ડોલતી ડાળીઓમાં દખ્ખણના વાયરાની હાહાકાર મૂર્તિ દેખાય તેમ.

અરે ! પણ રાણીને આ શું થયું?

કોઇ હતાશાનો વિરહ તેના વિરહને જગાવતો હતો. માટીના કોડિયાથી જાણે સોનાનો દીપક પેટયો !

રાતે જાગતાં પંખી નિસ્તબ્ધ માળાની પાસે થઇને ફફડ કરતાં ઊડી જતાં, ને તેની પાંખોના શબ્દથી, ઘેરતાં પંખીઓની પાંખો પણ ઉત્સુક બનતી. વીણા તો કેદારો, બિહાગ ને કાનડો બજાવતી જ રહી. આકાશમાં તારાઓ તપસ્વિનીની માળાના શાંત જપના મણકા જેવા ઝબકતા હતા.

રાણી બિછાના પરથી ઊઠીને બેઠી વેણી વિખરાએલી છે ને છાતી કંપિત છે.

વીણાનો ગુંજારવ આકાશમાં એક અંતહીન અભિસારનો પંથ દોરતો હતો.

રાગિણીથી બિછાવેલા શૂન્યપંથ પર તેનું મન નીકળી પડયું. પણ કોની દિશામાં ?

જોયા વિના જેને જાણ્યો હતો તેની જ દિશામાં.

એક દિવસ લીમડાની મંજરીઓની ગંધ અંધારા ખંડમાં કોઇ અવર્ણનીયનું આમંત્રણ લઈ આવી. રાણી બિછાનું છોડીને બારી પાસે આવીને ઊભી.

નીચે પેલી છાયામૂર્તિનું નૃત્ય ચાલતું હતું. વિરહની ઊર્મિઓ ત્યાં ઊછળતી હતી. રાણીનો સમસ્ત દેહ કંપિત હતો.

તમરાંથી રાત ઝમઝમતી હતી. કૃષ્ણપક્ષનો ચંદ્ર ક્ષિતિજે ઝૂકયો હતો. અસ્પષ્ટ પ્રકાશમાં અરણ્ય, સ્વપ્ન જેવી કથા કહેતું હતું.

એ મૂગા વનની ભાષાહીન વાણી રાણીને અંગેઅંગે લાગી ગઈ.

નૃત્ય કયારે શરૂ થયું તેની કૈં ખબર જ નહોતી. એ નાચ કોઇ જન્મજન્માંતરનો હતો, કોઈ લોકલોકાન્તરનો હતો.

વળી બે રાત વીતી.

અભિસારનો માર્ગ એકદમ તેની બારી પાસે પૂરો થવા લાગ્યો.

તે દિવસે વીણાના રાગમાં એક વિહ્વલ મીંડ લાગી હતી. કમલિકા મનમાં કહેતી હતી, 'હે દુ:ખી, હે હતાશ ! હવે મને બોલાવીશ નહિ. મને વખત નથી.'

પણ જવું છે કોની પાસે?

આંખ જેને જોતી નથી તેની જ પાસે તો.

પણ કેમ કરીને?

દીઠા મનુષ્યે આજે અદીઠ મનુષ્યને છીનવીને સાત સમુદ્રની પેલી પાર પરીકથાના દેશમાં મોકલી દીધો છે.

હવે ત્યાંનો રસ્તો કયાંથી મળે ?

વળી એક રાત ગઈ.

કૃષ્ણપક્ષનો ચંદ્ર અમાવાસ્યામાં ડૂબ્યો હતો. અંધકાર કોઈ ગંભીર હાકલ દેતો હતો.

જેનો રસ્તો ય ન મળે એવી મનની બધી અંતર્ગુહાઓમાં પહોંચીને એ હાકલ પ્રતિધ્વનિ જગાડતી હતી.

એ અસ્ફૂટ આકાશવાણી સાથે મળીને વીણામાં પેલો કાનડો વાગતો હતો.

રાણી ઊઠીને કહે, 'આજે હું જવાની. મારી આંખોને હવે કોઇનો ડર નથી.'

રસ્તા પરનાં સૂકાં પાંદડાં પગ નીચે ખખડાવતી એ જઈ પહોંચી પેલા પુરાતન પીપળા પાસે.

વીણા થંભી ગઈ.

રાણી પણ ચમકીને ઊભી રહી.

રાજા બોલ્યા, 'બીશો મા, રાણી, બીશો મા'

જળભર્યા મેઘના દૂરથી આવતા ઘરઘર ધ્વનિ જેવો તેનો ગળાનો સ્વર થઇ ગયો હતો.

'મને હવે કશો ભય રહ્યો નથી. તમારો જય થયો.' આમ કહીને રાણીએ છેડામાં છુપાવેલો પ્રદીપ કાઢયો.

ધીરેધીરે રાજાના મુખ આગળ ધર્યો.




કંઠમાંથી બોલ નીકળતો નથી; ને આંખ પણ મટકું મારતી નથી.

એ ત્યારે બોલી ઊઠી, 'મારા પ્રભુ ! પ્રિય મારા ! શું સુંદર છે રૂપ તમારૂં !

('પુનશ્ચ'માંથી) **વિનોદ કોઠારી**

કસોટી

(૧) એક બાઇએ કહ્યુ કે મારા પતિની ઉમર મારી ઉમરના વર્ષના આંકડાને ઉલટાવવાથી થાય તેટલી છે, અને અમારી બંનેની ઉમરના સરવાળાના ૧૧મા ભાગ જેટલા તે મારાથી મોટા છે. તો એ પતિપત્નીની ઉમર કેટલી ? (૨) ૨૦ ગાડી ઈંટોથી એક વીઘા જમીનને ફરતી દીવાલ ચણી શકાય, તો ૪૦ ગાડી ઈંટો વડે એવડી જ જાડી ને ઊંચી દીવાલ વડે કેટલાં વીઘાં જમીનને ઘેરી શકાય ? (૩) ઘરમાં ટાંગેલી એક છબી બતાવીને મહેમાને ઘરધણીને પૂછ્યું આ કોની છબિ છે? ઘરધણીએ જવાબ આપ્યો, 'મારે કાકા કે ભાઇઓમાં કોઈ નથી; અને આ છબિમાંની વ્યક્તિનો બાપ મારા બાપનો દીકરો થાય છે. તો એ છબી કોની હશે? (૪) બાજુમાં બતાવેલી ષટકોણાકૃતિ તમારી પેન્સિલ ઉપાડયા વિના તેમજ કોઇ પણ ભાગ બેવડાયા દીધા વિના સળંગ એકધારી રેખાથી દોરી શકશો? પ્રયત્નમાં નિષ્ફળ થાઓ તો જવાબમાં રેખા દોરવાનાં બિંદુઓનો ક્રમ આપ્યો છે.



(૫) મારા મિત્રની પત્નીએ આવી મને પૂછ્યું, 'જુઓને ! મને પરણીને આવ્યાં બે વર્ષ થયાં, પણ તમારા મિત્રે હજી મને પોતાની વાર્ષિક આવક કેટલી છે તે કહ્યું નથી. કાલે બહુ પૂછ્યું ત્યારે કહ્યું કે એમની વાર્ષિક આવકનો ½ ભાગ ઘરખર્ચમાં, ⅓ ભાગ ભાડું, વીમો, વેરા વગેરેમાં અને ⅑ ભાગ પરચુરણ ખર્ચમાં વપરાઈ જતાં આજે એમની પાસે રૂ. ૧૯૦ છે. તો એમની વાર્ષિક આવક કેટલી?' (૬) ચીની પ્રજાની બે મહત્ત્વની શોધો એક જ વસ્તુમાં સમાઈ જાય છે; તે કઈ? (બધા ઉત્તરો આ નીચે અવળા છાપેલા છે).

ઉત્તરો: (૧) ૪૫, ૫૪ વર્ષ; (૨) ૪ વીઘાં; ક્ષેત્રમિતિની રીતે આકૃતિ કરવાથી ખાતરી થશે; (૩) તેના દીકરાની; (૪) બિંદુઓનો ક્રમ—૪થી શરૂ કરી ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૩, ૫, ૨, ૬ અને ૧ મે જોડી દો. (૫) વાર્ષિક આવક રૂ. ૧૮૦ (રખે ૧૭૧૦ કહી બેસતા! એક વર્ષના પગારની રકમનો જે અપૂર્ણાંક, ખર્ચ તરીકે વર્ણવ્યો છે તે બે વર્ષનું ખર્ચ છે.) (૬) ફટાકડા;–કાગળ ને દારૂ એ બંને ચીની પ્રજાએ શોધ્યાં; અને ફટાકડામાં એ બંને વસ્તુઓ સામેલ હોય છે.

વિશ્વલક્ષ્મીનાં પ્રતીક-રત્નો (અનુસંધાન પાછળ પાન ૧૭૭થી)

ચોરાઈને ફરતો ફરતો તે લંડનના એક યહૂદી વેપારી પાસે આવ્યો, જ્યાંથી રશિયાના પ્રિન્સ ઑર્લોવે નેવું હજાર પાઉન્ડે ખરીદી રશિયાની શાહાનશાહબાનુ કૅથેરીન બીજીને ભેટ ધર્યો. ત્યારથી એ ત્યાં જ છે ને આજે સોવિયેટ રશિયાના ખજાનામાં છે. એવું મનાય છે કે કોહીનૂર અને આ ઑર્લોવ બંને એક જ હીરા–'ગ્રેટ મોગલ'–ના ટુકડા છે.

આ ઉપરાંત ૫૫ કૅરૅટનો 'સૅન્સી' (જે આજે હિંદના એક રાજવીના કબજામાં છે); ઝાંખા પીળા રંગનો ૮૮ કૅરૅટનો 'શાહ' (જે મૉસ્કોમાં છે); ૬૪ કૅરૅટનો 'અકબરશાહ' (જે શાહાનશાહ અકબર પાસેથી ફરતો ફરતો આજે વડોદરાના ગાયકવાડ પાસે આવી રહ્યો છે;) ૮૦ કૅરૅટનો 'નાસક' (જે મૂળ એક મરાઠા સરદારનો હતો ત્યાંથી ઈસ્ટ ઇંડિયા કંપની દ્વારા ઇંગ્લંડ ગયો ને આજે ડયક ઑવ વૅસ્ટમિન્સ્ટર પાસે છે); ૧૪૬ કૅરૅટનો કૃષ્ણા નદી પરની ખાણમાંથી મળેલો 'તાજે-માહ'—ચન્દ્ર-કિરીટ (જે આજે ઈરાનના શાહ પાસે છે;) ૫૧ કૅરૅટનો 'યૂજીન' (જે મૂળ રશિયાની કૅથેરીન બીજી પાસે હતો ત્યાંથી આજે વડોદરાના ગાયકવાડ પાસે છે.) આ બધા નામી હીરા છે. તેમાં ગાયકવાડ સરકારના કબજામાંનો ૧૨૮ કૅરૅટનો ૪૦,૦૦૦ પાઉન્ડની કીમતનો 'બ્રાઝિલ' નામનો હીરો જે 'દક્ષિણના તારક'ને નામે વિખ્યાત છે તે અને હૈદરાબાદના નિઝામના કબજામાંનો ૨૭૭ કૅરૅટનો મોટો 'નિઝામ' નામનો હીરો મૂલ્યવાન ગણાય છે.

પણ જગતમાં આજ સુધી મળી આવેલા બધા હીરામાં, નિષ્ણાતોમાં શાસ્ત્રીયરીતે સર્વાંગસંપૂર્ણ ગણાતો હીરો તો ૭૨૬ કૅરૅટના વજનનો 'જૉન્કર' નામનો હીરો છે (જેનું ચિત્ર આ લેખને મથાળે આપેલું છે) તેની કીમત આજે ૭૫,૦૦૦ પાઉન્ડ અંકાય છે અને એક અમેરિકનના કબજામાં તે છે.

કદની નજરે દુનિયામાં મોટામાં મોટો હીરો તો **'કુલીમાન'**. દક્ષિણ આફ્રિકાની પ્રીમિયર ડાયમંડ માઇન્સમાંથી મળી આવેલા આ હીરાનું વજન ૩૧૦૬ કૅરૅટ છે. એની કીમત દોઢ લાખ પાઉન્ડ હતી અને તે શાહાનશાહ ઍડવર્ડ સાતમાને ભેટ આપવામાં આવેલો ત્યાર પછી તેને કાપવામાં આવ્યો. એનો મોટો ટુકડો ૫૩૦ કૅરૅટનો છે, જે દુનિયામાં મોટામાં મોટો પહેલ પાડેલો હીરો ગણાય છે અને બ્રિટિશ શાહાનશાહના રાજદંડને મથાળે બેસાડવામાં આવ્યો છે. ૩૧૭ કૅરૅટનો તેનો બીજો ટુકડો શાહી તાજમાં જડવામાં આવ્યો છે.

એ સિવાય ઇરાનના શાહના કબજામાં દરિયા-એ-નૂર' (પ્રકાશ-સમુદ્ર' નામનો એક ૧૮૬ કૅરૅટનો હીરો છે તે ગ્રેટ રસ હીરો–'ધ ગ્રેટ ટેબલ'ના નામથી પણ ઓળખાય છે. ટૅવર્નિયરે ૧૬૪૨માં તેને ગોવળકોંડામાં જોયાની નોંધ કરેલી છે. આ ઉપરાંત દક્ષિણ આફ્રિકામાંથી મળેલા મોટા હીરાઓમાં ૯૯૫ કૅરૅટ વજનનો 'એક્સેલસીઅર' નામનો હીરો અને ૪૫૭ કૅરૅટનો 'ઈમ્પીરીઅલ' નામનો હીરો પ્રખ્યાત છે. 'એક્સેલસીઅર'ને પાછળથી કાપીને તેમાં ૨૧ જુદાજુદા તેજસ્વી હીરાઓ બનાવવામાં આવ્યા છે, જેમાં મોટામાં મોટો ૭૦ કૅરૅટનો છે 'ઇમ્પીરીઅલ'માંથી ૧૮૦ કૅરૅટનો એક મોટો રોનકદાર હીરો કાપવામાં આવ્યો હતો જે હાલ નિઝામના કબજામાં છે.

હીરાઓને કાપવાની પણ એક કળા છે. ખાણમાંથી તો એ આ લેખના મથાળે બતાવ્યું છે તેવા ખરબચડા રૂપમાં જ મળી આવે છે. પછી તેને કાપવાની યોજના નિષ્ણાતો ખૂબ કાળજીપૂર્વક વિચારે છે કે જેથી તેમાંથી કોઈપણ ભાગ રદ ગયા વિના કે નુકશાન પામ્યા વિના વધુમાં વધુ લાભ મળી શકે, અને ઉપરાંત તેની તેજસ્વિતા કે નિર્મળતા ખંડિત ન થાય અને તેનું સુંદરમાં સુંદર રૂપ તથા ઘાટ બની શકે. તેને પહેલ પાડવાની યોજના પણ ખૂબ દક્ષતાપૂર્વક વિચારવામાં આવે છે.

અહીં સુધી આપણે જોઇ ગયા તે દુનિયાના વિખ્યાત સફેદ હીરાઓ. આ ઉપરાત કેટલાંક જગનામી રંગીન રત્નો પણ છે. તેમાં મુખ્ય બ્રિટનના શાહી તાજમાંનું 'બ્લેક પ્રિન્સનું માણેક' નામથી ઓળખાતું બે ઈંચ લાંબું માણેક. તથા દોઢ ઈંચ લાંબું 'ચાર્લ્સ બીજાનું નીલમ' મુખ્ય છે. એ ઉપરાત 'ડેવનશાયર પન્ના' નામનું ૧૩૮૩ કૅરૅટનું જબરૂં મોટું લીલું રત્ન ડયૂક ઑવ ડેવનશાયરની માલિકીમાં છે, પણ તે ઘણી ખામીઓથી ભરેલું છે; તદ્દન શુદ્ધ ને નિર્મળ નથી.

એ તો જાણીતી વાત છે કે દુનિયાભરનાં ઉત્તમમાં ઉત્તમ માણેક બ્રહ્મદેશમાં માંડલેની ઇશાને નેવું માઇલે આવેલી મૉગૉકની ખાણોમાંથી નીકળે છે શ્રેષ્ઠ નીલમ પણ ત્યાંથી જ નીકળે છે. છતાં કોણ જાણે કેમ, જનતામાં તો શ્રેષ્ઠ નીલમ લંકામાંથી જ નીકળતાં હોવાની એક માન્યતા ઘર કરી બેઠી છે. આથી થાય છે એવું કે બ્રહ્મદેશનાં નીલમ કોલંબો જઇને પછી લંકાનાં નીલમ તરીકે વેચાય છે!

આ તો માત્ર દુનિયાનાં જૂજ ગણ્યાં ગાંઠ્યા રત્નોની જ વાતો થઈ બાકી તો, જગતમાં એટલાં કીમતી, એટલાં રંગવૈવિધ્યવાળાં, એટલાં કિસમકિસમનાં રત્નો—હીરા, નીલમ, પન્નાં, પોખરાજ, મોતી આદિ પડ્યાં છે, અને તે દરેકની સાથે કોઈ નવલકથાને પણ ટક્કર મારે એવી ચડતીપડતીની અને આફત-ક્રાન્તિઓની એવી રોમાંચક કથાઓ વીંટાએલી છે કે આ વિષય પર મહાગ્રંથનું નિર્માણ થાય. ઉપરાંત, ખાણોમાંથી તેને કાઢવાની ક્રિયાઓથી માંડી તેને પારખવાનું શાસ્ત્ર, તેને કાપવા અને પહેલ પાડવાની કળા, તેનાં વેચાણ અને હાથબદલા એ બધું પણ રસમય માહિતી આપનારૂં જ્ઞાન છે.

વિજ્ઞાને પ્રગતિ કરીને સોના કરતાં તો અનેકગણી મોંઘી અને મજબૂત ધાતુઓ શોધ્યા છતાં પણ જગતની સંસ્કૃતિમાં, વ્યાપારવિનિમયમાં અને જનતાના હૃદયમાં ઉચ્ચાસને તો જેમ સોનું જ વિરાજમાન છે તેમ, વિજ્ઞાનની ગમે તેટલી પ્રગતિ થાય તો પણ જગતમાંથી રત્નોને એ સોના કરતાં યે ઊંચાં આસનેથી પદચ્યૂત કરી શકાવાનાં નથી. વિશ્વલક્ષ્મીનાં પ્રતીક તો એ જ રહેવાનાં છે.

નવાં પુસ્તકો

જગતના ઇતિહાસનું રેખાદર્શન: પંડિત જવાહરલાલ નેહરૂએ જેલમાંથી પોતાની પુત્રીને લખેલા પત્રો રૂપે, તરુણોના માનસને રૂચે એવી સરળ અને રસળતી શૈલીએ કરેલું બયાન–જેમાં ઘટનાઓનું કેવળ બયાન જ નથી, પરંતુ તીવ્ર પ્રવૃત્તિ તથા દર્શનનો જેનામાં સંયોગ થયો છે એવી વિરલ વ્યક્તિરૂપ જવાહરલાલજીના વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે. એમની અગાધ બુદ્ધિમત્તા તથા સંસ્કારમાહી માનસથી પરિપ્લાવિત થએલું ને ઊગતા બાળકને ઉદ્દેશીને સરળ તથા સચોટ બાનીમાં લખાએલું જગતના ઇતિહાસનું આ રેખાદર્શન દોઢ હજાર પાનાંમાં બે ગ્રંથમાં અગિયાર રૂપિયામાં ભારે ન કહેવાય. પ્રકાશક–નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. **સ્ત્રી-પુરુષ-મર્યાદા:** સ્ત્રીપુરુષ સંબંધ વિષેનાં ભિન્નભિન્ન સમયે લખેલાં, આપણા ગંભીર વિચારક શ્રી કિશોરલાલ મશરૂવાલાના લેખોનો સંગ્રહ, ત્રીજી આવૃત્તિ. પ્રકાશક–નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૦-૧૨-૦. **ગીતા ગીતમંજરી:** ગીતાના બાર અધ્યાયો સુધીમાંથી મુખ્યમુખ્ય મુદ્દાઓ તારવીને ભજનો અને ગીતો રૂપે સરળ ભાષામાં ગાએલું દોહન. ઉચિત પ્રસ્તાવ-કંડિકાઓ, શબ્દોને સરળ કરતા અર્થો તથા ગીતાના ફકરાઓ સહિત: રચનાર: જુગતરામ દવે, પ્રકાશક ઉપર મુજબ, ૧-૦-૦.


સંસારનાં શહેરો

૫૦ ટોકિયો

ઊગતા સૂર્યની ભૂમિ(જાપાન)નું આ પાટનગર અસ્ત પામેલી રાજકીય ધરીના એક અંગભૂત રાષ્ટ્રની રાજ્યધાની તરીકે હમણાંથી આખા જગતનું ધ્યાન ખેંચી રહ્યું છે, કેમકે અમેરિકી સવાઈ કિલ્લાઓના બોમ્બમારાઓએ એને લગભગ તારાજ કરી નાખ્યું છે. પરન્તુ આક્રમક જાપાનની પાટનગરી તરીકે એને ન જોઈએ તો એ એક પ્રબળ પુરુષાર્થી પ્રજાના ઘડતરના પ્રતીક સમું જીવંત અને રોનકદાર નગર છે. જાપાની દ્વીપસમૂહના સૌથી મોટા હોન્શુ દ્વીપમાં આવેલું અને સુમિદા નદીને બન્ને કાંઠે વસેલું એ શહેર કદ અને ઉચાઇમાં જેટલું વિસ્તાર પામેલું છે એટલું જ એ રળિયામણું પણ છે કુદરતે એને વેનીસ અને શ્રીનગરના જેવી જલમાર્ગોની તથા ઉચાનીચા અસંખ્ય ટેકરાઓની સોહામણી ધરતી આપી નવાજ્યું છે, તો સાથેસાથે વારંવાર થતા ધરતીકંપની ધડક આપી સુખે સૂવા પણ દીધું નથી.

નદીને બે કાંઠે વહેંચાએલા આ નગરના પૂર્વ ભાગને હોન્જો ને પશ્ચિમ ભાગને ટોકિયો કહે છે. હોન્જો એ ખરીરીતે નાનીનાની સંખ્યાબંધ નહેરો ધરાવતો બેટ છે, અને ટોકિયો સાથે અનેક પુલોથી જોડાએલો છે. ભૂપૃષ્ઠરચનાની દૃષ્ટિએ ઉચ્ચ પ્રદેશ ને નિમ્ન પ્રદેશ એવા બે ભાગમાં, પંદર મોટા વિભાગો અને આઠ પરાંમાં એ નગર વહેંચાએલું છે. પરાંઓ 'મિદ્ઝી'ના નામથી ઓળખાય છે અને જાપાનનું મુખ્ય વિશ્વવિદ્યાલય તથા સંખ્યાબંધ મંદિરો ત્યાં આવેલાં છે. ત્યાંનું વિશ્વવિદ્યાલય કાયદા, વૈદક, સાહિત્ય, વિજ્ઞાન, એન્જીનીઅરિંગ અને ખેતિવિજ્ઞાનનાં માહ વિદ્યાલયોનું સંચાલન કરતી આખા રાષ્ટ્રમાં કેળવણીની મુખ્ય સંસ્થા છે.

ટોકિયોનું મૂળ નામ યેદો કે જેદો છે. જાપાનના ઇતિહાસમાં બારમા સૈકા પહેલાં આ શહેરનું નામ મળતું નથી. ઇ. ૧૪૫૭માં તેનો કિલ્લો બંધાયો અને ત્યાર પછી શોગન વંશના આદિ સ્થાપકના હાથમાં તે જઈ પડયું ત્યારથી તે શહેર ઐતિહાસિક ખ્યાતિ મેળવતું ગયું. જાપાનના શહેનશાહ મિકાડોની સત્તા નામની જ રાખીને આખા જાપાનનું એકચક્રે રાજ્ય એ શોગન પ્રધાનો જ ચલાવતા. શહેનશાહનો વાસ તો ઇ. ૧૮૬૮ સુધી ક્યોટોમાં જ હતો. પણ ઇ. ૧૮૬૮માં પુરાણમતવાદી વિચારોને દૂર હઠાવનારી નવજાગૃતિની ક્રાંતિ થઈ, અને શોગનોના અધિકારની પકડ છૂટી ગઈ. ક્યોટોમાંથી રાજ્યધાની પાછી યેદો લાવવામાં આવી અને એનું જૂનું નામ યેદો ફેરવીને તેને ટોકિયો—એટલે પૂર્વની રાજ્યધાની એવું નામ આપવામાં આવ્યું.



પોતાની નવજાગૃતિના કાળ પછી જાપાને જેમ પરદેશીઓના આક્રમણ તેમજ પગપેસારાને ખાળી પોતાની આમૂલ કાયાપલટ કરી નાખીને ઝડપી ઉન્નતિ સાધી તેમ આ શહેરે પણ ઝડપથી નવી સંસ્કૃતિના સ્વાંગ સજ્યા અને આજે એ જગતના સર્વોત્તમ પ્રગતિકારક અને આધુનિક શહેરોમાં ગણાય છે. એની વસતિ ૧૯૨૧માં ૨૨ લાખની હતી. ૧૯૨૩ના જાપાનના જે ભયંકર ધરતીકંપે એ દેશના ૬૪ લાખ જીવનો ભોગ લીધો ને ૫૫ કરોડ પૌંડનું નુકશાન કર્યું તેમાં ટોકિયોના મોટા ભાગનો નાશ થયો હતો. પણ એણે થોડાંજ વર્ષોમાં ઝડપી પુનર્રચના કરી લીધી.

ત્યાંનો શાહી બાગ, શાહી મહેલ, શાહી સંગ્રહસ્થાન, શાહી પુસ્તકાલય અને ચિડિયાખાનું (Zoological gardens) ખાસ જોવા લાયક છે. શાહી મહેલની રચના જાપાની શિલ્પ અને અર્વાચીન શિલ્પના સુઘટિત સંમિશ્રણથી સુંદરરીતે યોજવામાં આવેલી છે અને બાગ પણ જાપાની બાગાયતકલાનાં બધાં જ સુંદર અને પરંપરાગત તત્ત્વોને સાચવી લઇ અદ્યતન ઢબે રચવામાં આવ્યો છે. અહીંનાં અસંખ્ય મંદિરોમાં દયાની દેવી 'કવાનોન'નું મંદિર અને ત્યાં કાયમ માટે ભરાએલો રહેતો લોકમેળો ખાસ જોવાલાયક છે ટોકિયો રાજધાની હોવા સાથે જાપાનના વેપારનું પણ તેમથક છે. પરંતુ ત્યાંનો મોકતો ઉદ્યોગ તો મુદ્રણ અને પ્રકાશનનો છે

પહેલા મહાયુદ્ધ વખતે સ્ટૉકહોમમાં એક જર્મન માટે મિત્રરાજ્યોની છુપી પોલીસને તે જાસુસ હોવાની શંકા પડી. તેમણે રાત ને દિવસ તેનો પીછો પકડયા ઉપરાંત તેના ટપાલ, તેના ટેલીફોન-સંદેશા બધુંજ ચકાસી જોયું, પણ નિષ્ફળ! અંતે એ ભાઈ રોજ નહાતાં નહાતાં પોતાની બાથરૂમમાં લહેરથી જે ગીતના રાગડા તાણતા હતા તેની નોંધ લઇને તપાસ કરતાં જણાયું કે 'ડોડો ડે ડીડોડો હમડી' જેવા અર્થહીન લાગતા એ રાગડામાં તે છુપી ભાષામાં સંદેશા લલકારતો હતો, ને પડખેના ઓરડામાંનો બીજો મિત્ર જાસુસ તે યથાસ્થાને પહોંચાડતો હતો!

યુનિવર્સિટી ઑવ ટેકસાસ (અમેરિકા)ના વિદ્યાર્થીઓનું 'કાઉ બૉયુઝ' નામનું એક મંડળ હજી હમણાં સુધી પોતાના બધા સભ્યોની છાતીમાં ઢોરકાની છાપ પેઠે પોતાની યુનિવર્સિટીના નામના પ્રથમાક્ષરો 'U T'ની ધગાવેલી છાપ મારતું, જે તેમને જીવનભર તેનું ગૌરવસ્મરણ કરાવતું રહેતું.

રસદર્શન

કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો—લેખક

[૧૭] ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

ચંદ્ર તો ખાલી થઈ ગએલો ઉપગ્રહ છે અને એમાં, બળીને હોલવાઈ ગએલા જ્વાળામુખીઓનાં શિખરો ને કોતરો જ માત્ર છે એવાં ખગોળશાસ્ત્રીઓનાં વર્ણનો એ મને કંઇ જ અસર કરી નથી. મારે મન ચંદ્ર તો શીતળતા ને સૌંદર્ય વર્ષાવનાર અમૃતથાળ છે.

એવાં સુધાકરનાં પવિત્ર અમૃત, શરદઋતુની આહ્લાદક રાત્રીઓએ, વર્ષાઋતુનાં વાદળાંમાંથી, અને ગ્રીષ્મની માદક રાત્રિઓમાં હજારો વાર હૃદય ભરીભરીને પીધાં છે; છતાં હજી પાત્ર જાણે ખાલી ને ખાલી છે.

અમાસ અને પડવા સિવાયની હજી એવી કોઈ રાત્રી મારી ગઇ નથી, જ્યારે મેં ચંદ્રને ન જોયો હોય. ગમે તે રૂપમાં એની હાજરી જ મને બીજું બધું ભુલાવી દે છે ને હૃદયમાં આનંદ અને શાન્તિ ઉદય પામે છે.

દાર્જિલિંગમાં કાંચનજંઘા અને ગૌરીશંકરનાં શિખરો અમારા નિવાસસ્થાનની સામાં જ જણાતાં હતાં. એ બરફનાં શિખરો પર શુક્લ પક્ષ આખો અજબ ચળકાટ રેલી રહેતો. બીજથી છઠ સુધીનો લટકતો અર્ધચંદ્ર બરફનાં અણીદાર શિખર પર ઘણી વાર એવો તો ગોઠવાઈ જતો કે સાક્ષાત ચંદ્રમૌલીશ્વર ધ્યાનમાં બેઠા હોય એવું લાગતું.

નૈનીતાલમાં તો પૂર્ણિમાના ઉત્સવ કરવા અમે નૈની સરોવરમાં નૌકાવિહારે જતાં. શાન્ત પાણીની આખી સપાટી તે વખતે ચંદ્રકિરણોથી ઝળાંઝળાં થઇ જતી, કિનારાનાં વૃક્ષો સુરેખ છાયાચિત્રો બની જતાં અને પહાડો કોઈ રહસ્યકથા કહેતા. ઘણી વાર અમે રંગબેરંગી ફૂલોથી એ સરોવર-જળની પૂજા કરતાં, અને કોકિલકંઠી બેનો જ્યારે દિલરૂબા સાથે ભજનો ગાતી ત્યારે મેં એક વખત કહ્યું કે 'કેવું સ્વર્ગ જેવું લાગે છે!' મારા મિત્ર માવલંકરે પૂછ્યું કે 'સ્વર્ગ "જેવું"?' મતલબ કે સ્વર્ગ 'જેવું' શું બોલો છો? આ તો ખુદ સ્વર્ગ જ પૃથ્વી પર ઊતર્યું છે એમ કહો.

બેલગામ કૉંગ્રેસથી પાછા વળતાં અમે ગોવા થઇને સમુદ્ર માર્ગે મુંબાઈ આવેલા. તે દિવસે પૂર્ણિમા હતી. સમુદ્ર ઊછળી રહ્યો હતો અને અનંત વિસ્તારવાળા એ જળપ્રદેશ પર જે ભૂરા ને રૂપેરી ચમકાટ જોયા તે તો જીવનભર સાંભરશે. પશ્ચિમ કિનારે માલવણ, રત્નાગિરિ વગેરે શિવાજી મહારાજના કિલ્લા એક પછી એક પસાર થતા હતા. એ આખી રાત હું ઊંઘ્યો નથી. સાગર ઘૂઘવતો હતો. પણ ત્યાં કોઇ જાતનો ભય તો હતો જ નહિ. માતાના ખોળામાં સુતા હોઇએ એવાં અભય અને શાન્તિ સાથે એ વારંવાર બદલાતાં સૌન્દર્યને મેં આનંદથી થેઇથેઇકાર ભાવે નીરખ્યા કર્યા.

ઉતાકામંડમાં એક રાત્રે અમે સીનેમા જોઇને આવતાં હતાં. સીને-ચિત્રોમાં રાત્રિનો દેખાવ બતાવવા જે બંગાલ-રંગી આસમાની ઝાંય નાખવામાં આવે છે તેથી હું પ્રસન્ન થઈ ગયો હતો. અને જ્યારે બહાર આવ્યા પછી એવો જ રંગ એ નીલગિરિની અજવાળી રાત્રિનો જોયો ત્યારે તો મારા આનંદનો પાર ન રહ્યો. મેં સૌને નીલગિરિના એ શ્યામસુંદર, આકાશથી પૃથ્વી પર્યંત વ્યાપેલા—વૃક્ષો ને ફૂલોમાં શોભતા—પ્રત્યક્ષ બતાવ્યા. એ રંગપ્રકાશ જાણે અપાર્થિવ હતો.

ભુવનેશ્વરથી પાછા ફરતાં રાતના નવ વાગી ગયા હતા. નવવર્ષાનાં પાણીથી છલોછલ ત્યાંનું શાન્ત સરોવર કાચ જેવું સ્થિર છવાઈ રહ્યું હતું. દેડકાં ને તમરાંના અવાજ વાતાવરણને ધીમુંધીમું ઝંકારી રહ્યા હતાં. ગાડી પકડવાની ઉતાવળમાં બધા ઝડપભેર પસાર થઈ ગયા; પણ રવિશંકર રાવળે મને કહ્યું, 'જરા પાછળ તો જુઓ!'

અમે જોયું; અને સ્તબ્ધ થઈ ગયા! ગંગા, યમુના, સરસ્વતી, કાવેરી, ગોદાવરી, નર્મદા અને સરયૂ એ સાતે પવિત્ર નદીઓનાં જળ લાવીલાવીને આપણા પૂર્વજોએ ભરેલા એ પુનિત સરોવરના નીરમાં ભુવનેશ્વરનાં 'રાજરાણી' ને બીજાં કલામય મંદિરોના ઘેરા પડછાયા પડતા હતા. એકબે દીવા અને થોડા આગિયા અહીંતહીં ટમકતા હતા. વાદળાંમાં ભરાએલા ચન્દ્રે એ સરોવરને અને આસપાસનાં ખેતરોને આછા પ્રકાશની જાદુઈ ચાદર ઓઢાડી દીધી હતી. એ આખું દૃશ્ય કોઈ ગૂઢ રહસ્યથી ભર્યુંભર્યું ને દૈવી લાગ્યું. એની નિગૂઢતાનું એ ચિત્ર તો જીવનમાં જડાઇ ગયું છે.

અને જીવન વધતું જાય છે તેમતેમ ચન્દ્રથી અદ્ભુત બનતી આ સૃષ્ટિ પણ વધુ ને વધુ રહસ્યમય લાગતી જાય છે. (ચાલુ)

પિયરનો પડોશી

(અનુ૦ પૃ૦ ૧૭પથી)

વચ્ચે ઇની જાંગ કયાં ચીરો છો? કરજલાં તો સૌના માથે હોય જ. બાયડીનાં રાજ, ત્યાં કરજલાં તો હોવાનાં જ. એક રાણીનું રાજ મહારાણી વિકટોરિયાનું, બીજું રાણીનું રાજ આંયાં.

બેલીફ : (રૉફથી) શેઠ! (શેઠ સમજી જાય છે) અલ્યા, તારા માથે દેવું કેટલાનું, કેટલું?

દીપસંગ : સા'બ, હશે હજાર માથે.

બેલીફ : તારા દેવાનીય તને ખબર નથી? છે ને ભલો આદમી!

રાયચંદ : ઘરમાં રાણીનું રાજ. પૂછો એને.

બેલીફ : એમાં આ શેઠનું કેટલું?

દીપસંગ : ઈમને જ પૂછો ને! મારી ધારણામાં પઈ યે નથી.

રૂપાળી : (વચ્ચે જ) એક પઈનું નઈ. સાત ખોટના છોકરાના ગળે નખ દઇ ઇમની પઇએ પઈ આપી દીધી.

બેલીફ : ત્યારે એમણે પોણોસે.નો દાવો બાંધ્યો છે ને? સાચું કોણ? તમે કે શેઠ?

રાયચંદ : સા'બ, દાનતના ખોટા છે! જુઓ આ મારૂં નામું. દીવાના અજવાળા જેવું ચોકખું છે! આ તો સા'બ, દઇને દશમન વૉર્યા, દઇને....

બેલીફ : લેણું નહોતું તો આ લેણા કયાંથી નીકળ્યા? (દીપસંગ મૂંગો બેસે છે.) બોલ, બોલ!

રાયચંદ : સા'બ, બોલવા જેવું હોય તો આ મૂર્તિ ચોરે ચડી ગાંગરે ઈમ છે. પણ આપડામાં બોલવા જેવું હોય જ નઇ!'

રૂપાળી : (વચ્ચે આવીને) સા'બ, સંધું ય બોલવા જેવું છે! પૈ લેણી નથી. અમે ચૂકતે કર્યું છે.

રાયચંદ : ઑય તારી ની! છે ને મરદુંને નાખી દે એવી? (જોરથી) સા'બ, આ રિયો ચોપડો. નઇ ઇ મારી શરમભરે, નઇ ઈનીભરે!

રૂપાળી : સા'બ, પૂછો, શીના લીધા'તા!

રાયચંદ : હવે ટકટક શું કરછ? જો આ તારા માટીનો અંગૂઠો. ત્યારે અમથા તાલુકે ગિયા હશું? સા'બ, દઇને દશમન વૉર્યા. ..

રૂપાળી : પણ શીના લીધા'તા, ઇ કો'?

રાયચંદ : મારી જાણે ફતરાં! પણ આલ્યા છે રોકડા! મૂળાના પતીકા જેવા રોકડા! ખણીંગ ખણીંગ કરતા રોકડા ગણી દીધા છે.

રૂપાળી : તમારે ત્યાંથી અમે રોકડા ઉપાડ કે'દિ ય કર્યો'તા?

રાયચંદ : વાહ વાહ! તારે આ

ણીમાં સાંભળું? સા'બ, આમાં સૌએ સૌ

કામ કર્યા જેવું છે. અલ્યા શાદુલા, તું ય ક્યાં ટળ્યો? સા'બના સારૂં આપડે ચાપાણી કર્યા વગર હાલશે ? દૂધ લાવજે. માલીપા સાકર ને એલચી ને સારા દૂધપેંડા, દશક શેર બાંધી મેલ્ય. સા'બની ય દાઢમાં સવાદ રે'. (બેલીફ પ્રત્યે ફરીને) સા'બ, રોટલા આપણે ત્યાં. અલ્યા એઇ? તારી કાકીને કે'જે. સા'બ, હવે હકમનાગાની બજવણી . . . .

બેલીફ : ત્યારે તેં કોર્ટમાં કબૂલ્યા કેમ ? મુનસફ સા'બનો હું તો તાબેદાર. રોકડા ગણી દે છ?

રાયચંદ : હા, સા'બ, રોકડા જ.

દીપસંગ : સા'બ, કોરટમાં જ મેં કીધું'તું. આ કાળે ઉનાળે અમારા ઘરમાં રોકડી દોકાની ય ક્યાંથી હોય ?

રાયચંદ : સા'બ, આપડે ઈ નઇ જોવાનું. આપડે આપડું હકમનામું બજવી લેવાનું. મેં તો દઇને દશમન વૉર્યા. સા'બ, અમ મા-ઝનના ખોળિયે કંઈક દયાનો છાંટો છે. નઈ તો અતારે પૈસા મૂતરાવે.

બેલીફ : અલ્યા પગી ! પગી ! શાદુલા ! !

રાયચંદ : કીમ સા'બ ? ઇ તો ઘરે ગિયો. જરા દૂધપેંડા આપવાના છે. સા'બ, ઠેઠ મુંબઈના બારે આ ગામના દૂધપેંડા જાય છે.

બેલીફ : (રૂપાળીને અને દીપસંગને સંબો-ધીને) એક બાજુ ઊભાં રહો. શેઠ, પગીને . . .

રાયચંદ : અરે સા'બ હું છું ને ! બોલો, આપ બોલો ને !

બેલીફ : હું ચીધું તે બધું જુદું તારવો. ને એ જ હરાજીમાં . . .

[દીપસંગ માથે જાણે વીજળી પડી ! ધ-બાંગ દઇને તે નીચે પડે છે. રૂપાળીના મોં પર ગ્લાનીનું ઘેરૂં વાદળું આવે છે.]

રાયચંદ : સા'બ, આમાં જુદું તારવવા જેવું છે શું ? આ ડામચિયાનું દોઢિયું ય કોઈ નઈ બોલે. ને આ ફૂટલા બેડાનું ફદિયું ય નથી ઉપજવાનું. કો' કે નો કો', પણ આ બેડૂના રાચનું કંઈક ઉપજે.

[પગી આવે છે.]

બેલીફ : પગી ! પંચને બોલાવો તો !

રાયચંદ : અરે સાબ, ઇમાં પંચનું શું કામ? અલ્યા પગી, ખુશાલ ઠક્કરની દુકાનેથી બદામપિસ્તાં લાવી દૂધપેંડામાં નખાવજે. કેશર જરા ઝીણું લસોટાવજે.

બેલીફ : (રૂપાળી પ્રત્યે) કંઈ ઘરેણું છે ?

[રૂપાળી ઘૂમટો તાણીને ઊભી છે.]

રાયચંદ : સા'બ, ઈ વાત નો પૂછો. સોનાની ખાણ જ ઈના ઘરમાં છે ! સોનાની નઈ તો રૂપાની. (અનુસંધાન પાછળને પાને)

અનંત કાણેકરનો લઘુનિબંધ

કાળ

ગણુકાકા સાથે વાતો કરતો હું બેઠો હતો, એટલામાં પડોશનો એક છોકરો આવીને બોલ્યો, 'કાકા, ''કાળ'' એટલે ''વખત'' એ તો મને ખબર છે; પણ ''કાળ'' એ શબ્દનો બીજો એક અર્થ લખી લાવવાનું માસ્તરે કહ્યું છે. ''કાળ'' એટલે બીજું શું ?'

'અરે ગાંડા, કાળ એટલે મૃત્યુ !' કાકા હસીને બોલ્યા. પેલા છોકરાનું સમાધાન થયું અને તે ચાલ્યો ગયો.

'કાકા, કાળ એટલે તો જીવન.' હું બોલ્યો.

'હા, બરોબર છે.' કાકા કૃત્રિમ ગંભીરતાથી બોલ્યા: 'મેં કાળ એટલે મૃત્યુ કહ્યું, એટલે તારે કાળ એટલે જીવન કહેવું જ જોઈએ ! વધારે શું ? હું જો કાલે કાગડો કાળો હોય છે એમ કહું, તો કાગડો દૂધ જેવો ધોળો હોય છે એમ તું જરૂર સાબિત કરવાનો.'

'પણ કાકા, મારૂં જરા સાંભળો તો ખરા.' મેં કહ્યું.

'સાંભળવાને મને અત્યારે બિલકુલ વખત નથી. મારે બહાર જવાનું છે.' એમ કહીને માથે પાઘડી મૂકીને કાકા બહાર નીકળી ગયા ;

કાકાને કેવળ બનાવવા ખાતર હું એવું બોલ્યો ન હતો. કાળ એ શી ચીજ છે, એનો હું કેટલાક દિવસથી વિચાર કરૂં છું. કાળ માપવા માટે આપણે ઘડિયાળો અને ઘટિકા-યંત્રો શોધી કાઢ્યાં છે; અને કાંટો અમુક અંતર આગળ જાય તો અમુક કાળ થયો એમ આપણે કહીએ છીએ. પણ કાળ એટલે શું ? તે દૃષ્ટિથી દેખાતો નથી, સ્પર્શથી જણાતો નથી, અરે, એના સ્વરૂપની આપણે કલ્પના સુદ્ધાં કરી શકતા નથી. કાળને આપણે મૃત્યુ કહીએ છીએ, કારણ કે અમુક કાળ જાય કે માણસ મરી જાય છે; અને માણસ મરી જાય, તો પણ કાળ એમનો એમ જ આગળ ધપતો જાય છે. માનવી ઉપર કાળ આ રીતે વિજય મેળવે, એટલા જ માટે કાળને મૃત્યુ ગણવો એ મને ભૂલભરેલું લાગે છે. તમે મરી જાઓ છો, તમારા શરીરની હીલચાલ બંધ પડી જાય છે, એ કંઇ કાળનો વાંક નથી !

આ વિષે એક પ્રસિદ્ધ ફિલસૂફનો મત હું વાંચતો હતો. એણે એક બે સુંદર દાખલા આપીને કાળ વિષે કલ્પના કરવાનો પ્રયાસ કર્યો છે. ધારો કે એક પ્રતિભાશાળી ચિત્રકાર છે. તેના એક હાથમાં રંગફલક ને બીજા હાથમાં પીંછી છે. એક સુંદર સ્ત્રી તેની સામે ઊભી છે અને તેનું ચિત્ર એ દોરવાનો છે. એ ચિત્ર કેવું થશે એ આપણે સૌ કહી શકીશું. એ પેલી સ્ત્રી જેવું દેખાશે. એમાં એ કલાવંતનું પણ થોડુંક વ્યક્તિત્વ હશે; પણ એમાં તે સિવાય કંઈક બીજું પણ હશે, જે આપણે પહેલેથી બિલકુલ કહી નહિ શકીએ. એકાદ કૅમેરા વડે એ ચિત્ર પાડવાનું હશે, તો તે કેવું પડશે એનો પૂરો ખ્યાલ આપણે બાંધી શકીએ. તે ગમે ત્યાં અને ગમે ત્યારે પાડીએ, તો યે મુકરર પ્રકાશ અને બીજી મુકરર સામગ્રી હોય, તો તે કેવું પડશે એ આપણે કહી શકીએ. પણ આ ચિત્રકાર તૈયાર કરશે તે હશે કલાકૃતિ. એમાં સર્જનનો ભાગ હશે. એમાં એક અપૂર્વ જીવંતપણું—જીવન હશે. આ જીવંતપણું—આ જીવન આવવા માટે કાળની જરૂર હોય છે.

અથવા આમ જુઓ. છોકરાઓ લાકડાનાં ચોસલાં વડે રમે છે, તેમાં એ ચોસલાં અમુક રીતે ગોઠવવાથી બંગલો તૈયાર થાય છે. આ બંગલો તૈયાર કરવાને એ છોકરાને ચોક્કસ કંઇક કાળ લાગે જ છે. પણ તત્ત્વાર્થે એ કાળ કહી શકાતો નથી; કારણકે એ બંગલો એણે કાલ કર્યો તો યે શું, આજ કર્યો તો પણ શું; એ પાંચ મિનિટમાં કે પંદર મિનિટમાં જોડ્યો હોય તો પણ શું ? એ બંગલો દર વખતે સરખો જ થવાનો. એમાં ફેર પડવાનો નહિ. એટલે જ એમાં સર્જન નથી, જીવન નથી કે જીવંતપણું નથી. કોઈ ઠેકાણે પચાસ વર્ષ રહેલા પત્થરને આપણે તે પચાસ વર્ષનો છે એમ કહીએ છીએ. પણ એ કહેવાનો કંઇ જ અર્થ નથી; કારણ કે પચાસ વર્ષ શું અને પાંચસો વર્ષ શું, પાંચ મિનિટ શું અથવા પાંચ સેકન્ડ શું, એ પત્થર વિષે વિચાર કરવામાં કાળ નામની ચીજ જ ઉદ્ભવતી નથી.

આપણામાં જીવન હોય છે અથવા જીવંતપણું હોય છે, એટલે જ આપણામાં હમેશાં ફેર પડે છે, અથવા આપણો વિકાસ થાય છે. એ વિકાસની ગણત્રી કરવા માટે આપણે કાળ એ નામની એક કલ્પના શોધી કાઢી છે. જીવન છે–વિકાસ છે, એટલે જ આ કલ્પના કરવી પડે છે. એટલે જ હું કહું છું, કે જો કાળ વિષે કંઈ કહેવું જ હોય તો એને મૃત્યુ કહેશો નહિ; કાળ એટલે જીવન !

(મૂળ મરાઠી ઉપરથી)

માલતી જોષી

સા'બ, વાત કવ. ઈમના કોઠા કોઠી જોવો. આ ઈની રાણી! ઘરેણું તો રાંધેલ ધાનમાં નાખી દે એવી . . . સા'બ, હાંડલું ફોડી ઈમાં જુવો. (બેલીફ કશું ય બોલતા નથી. રાયચંદ શેઠ ધાનના પાટિયા આગળ જાય છે. તેને ઊંચો કરીને પટકે છે.) સા'બ, આ હાથ કાળા કરવા પડે છે. સા'બ, આ દઇને દશમન . . . (શૂરસંગ પ્રવેશે છે.)

શૂરસંગ : મા, મા, ખાવા . . . (રાયચંદની નજર શૂરસંગના શરીર પર પડે છે.)

રાયચંદ : અરે સા'બ! જોયાં આ દાનરતાં ચોર! જોવો! જોવો, જોવો! છોકરાને શણગારી ગળામાં હાંસડી ને પગમાં રૂપાની બેડી પે'રાવી બહાર તગડી મેલ્યો! છે ને દાનરતઈ!! (બેલીફ શૂરસંગ તરફ જોઈ રહે છે.) સા'બ, ઉતરાવો જોયેં!

બેલીફ : (રૂપાળી તરફ ફરીને) કાઢવાં પડશે એ.

[રૂપાળી સ્તબ્ધ બની ઊભી રહે છે.]

રાયચંદ : અરે સા'બ! ભાબાપા કર્યે ઈ પાસરાં નઈ હાલે. ઈમને તો મણમણની તોળવી જોયેં. તો જ પાંસર્યાં . . . (શૂરસંગને રાયચંદ બાવડેથી ઝાલે છે.)

બેલીફ : શેઠ! (રાયચંદ બેલીફ સામે જોઈ રહે છે.)

રાયચંદ : સા'બ, તમારી પાંહે લાવું છું, સા'બ. અમે તો દઇને દશમન . . . થિયા તારે પૂરેપૂરા દશમન.

[શૂરસંગના ગળાની હાંસડી કાઢવા મથે છે.]

શૂરસંગ : (ચીસ પાડીને છટકવાની મથામણ કરતાં) મા! મા!

રાયચંદ : ભારે જોરકીનો!

શૂરસંગ : ઓ . . . રે . . . . . . માડી!

રાયચંદ : દશમન તારે પૂરેપૂરા દશમન, કીમ સા'બ?

શૂરસંગ : (દીપસંગ તરફ) બાપુઉઉ . . . (સાદ ફાટી જાય છે.)

રાયચંદ : આ એક હાથે નીકળે ઈમ નથી. કારહત જોશે. (શૂરસંગને બે પગ વચ્ચે દબાવે છે.) આમે ય દશમન, ને આમે ય દશમન!

શૂરસંગ : ઓ મા! મરી ગીયો . . . યો . . . . . .

રૂપાળી : (બેલીફ પ્રત્યે) સા'બ, છોડાવો ઈ છોકરાને. (દીપસંગને ઢંઢોળીને) પડયા છો શું, આમ? ઊઠો! કાળા ચોરના પૈસા વિયાજે કાઢો, ઘર મૂકો, બા'ર મૂકો, બળધુંને ગીરવો, જમીન માથે લ્યો, પણ આ કાળના કાઢેલનો ટાંટિયો આંગણે ન જોઉં. ઊઠો?

[દીપસંગ ઊભો થાય છે.]

રાયચંદ : જોયું, સા'બ?

બેલીફ : (ગંભીર બનીને) શું?

રાયચંદ : સા'બ, આ સંધી ય ભવાઈ છે, ભવાઈ! આ ફતવા આ લોકને ભારે આવડે છે! સા'બ, મને પૂછો તો હું કવ કે ઈ રાણીના ડીલ માથે કંઈક હોવું જોયેં. જોયું, લાજનો ઘૂમટો કેવો કાઢયો છે?

રૂપાળી : કાકાજી, તમારે પૈસાનું કામ છે ને? કાળા ચોરને અમે જામીન કરશું. (દીપસંગ પ્રત્યે) જાવ જામીન ઝાલી લાવો.

[દીપસંગ ને રાયચંદ જાય છે.]

બેલીફ : બેન, બા.

[રૂપાળી મોં ઉઘાડીને સામે આવે છે. રૂપાળીનું નમણું મોં જોઇ બેલીફ ચમકે છે. ગભરાએલ હરણના બચ્ચાંની જેમ માના પાલવમાં સંતાયેલ શૂરસંગ આંસુધારાને લૂછી રહ્યો છે.]

રૂપાળી : સા'બ!

બેલીફ : બેન!

રૂપાળી : ભઇ, ઘર આખું લૂંટીને આબરૂ માથે ત્રાટક્યો છે; અમ ધરતીના માનવીના ગળે રાંઢવું બાંધવાનો દિ' લાવ્યો છે, આ વાણિયો.

બેલીફ : તો પછી તેણે તાલુકે જુબાનીમાં ચોખ કરવો જોઇતો હતો. (આંખની સામે જોઇને ચમકે છે.) બેન, તારૂં પિયેર?

રૂપાળી : (ઓઝપાતાં) મારૂં પિ'ર? બરાનિયે નાગનેહ બરાનિયું.

બેલીફ : પણ ધોળકા સીમેજ . . .

રૂપાળી : હા, હા. મારા બાપુએ ત્યાંકણે અધ્યારૂં કર્યું'તું.

બેલીફ : હાં, ત્યારે ત્યાં તમે . . ?

રૂપાળી : પંદર વરસથી સીમેજ અમે મૂક્યું.

બેલીફ : ત્યાં તમારા પાડોશે કોઈ બ્રાહ્મણ રહેતો હતો? (રૂપાળી બેલીફના મોં સામે જોઇ રહે છે) કેશાંમા જીવે છે? બેન, તું એ બ્રાહ્મણના છોકરાને ઓળખ ખરી? એને ઘેર શિયાળામાં શાકપાંદડું આપી આવતી એ સાંભરે? બાપુ જીવે છે? બાપુએ એ છોકરાની ફીના પૈસા આપ્યા'તા એની તને ખબર છે?

રૂપાળી : (આનંદથી) રવિયોભાઈ?!

[આંખમાંથી દડદડ આંસુ પડે છે.]

બેલીફ : (ગળગળો થઇ જતાં) હા. એ જ તારો આ રવિયોભાઇ. રૂપાં! બેન, રૂપાં! તારી આ તેજીલી આંખે જ તું ઓળખાણી તારી ઇ કાયા . . . ? (દીપસંગ પ્રવેશે છે. ખોંખોંખોં એવી કૃત્રિમ ઉધરસ ખાતો રાયચંદ પણ સાથે આવે છે.)

રૂપાળી : (લાજ કાઢીને) કાં, શું કરી આવ્યા?

રાયચંદ : સા'બ, અતાર લગણ બાંધી મૂઠી હતી તે ઉઘાડી થઈ ગઈ. દાનતમાં વોંધ હોય ત્યાંકણે કોણ આ જામીન થાતું'તું? સા'બ, આપણે આપણું કામ જ . . . ઉતરાવો ઘરેણાં. સા'બ, મારૂં લેણું વસુલ થવું જોઈ. સા'બ, પેંડા એ . . . ઇને પીળા ઘમરખ જેવા. બીજું તો શું અપાય? આટલું સંભારણું.

રૂપાળી : હાંડા જેવા ગામમાં બધાના રામ રૂઠયા . . . ?

બેલીફ : (રાયચંદ શેઠને ઉદ્દેશીને) શેઠ! મારો વિશ્વાસ તો છે ને? એ લોકનો હું જામીન. પગી, ચાલો, ઊઠો. (ઊભો થતાં થતાં વહાલપથી) ભાણાભાઈ, કાં સંતાતા ફરો છો? (ગજવામાંથી આઠઆની કાઢીને) ભાણાભાઈ મોં તો બતાવો! લ્યો. (શૂરસંગના હાથમાં પકડાવે છે) પગી, આપણે ઉતારે જ જવાનું છે.

[બેલીફ જાય છે.]

રાયચંદ : (ચૂંથાયેલ ઘરવખરી તરફ નજર નાખતાં) રૂપને સગપણ સાંધતાં શી વાર!

(પડદો)

(આ નાટિકા માટેના સર્વ હક્ક લેખકના છે.)

સેફ્ટી ફર્સ્ટનો પાઠ ભણાવ્યા પછી શિક્ષકે વિદ્યાર્થીઓને કોઇને કાંઇ પ્રશ્ન પૂછવો હોય તો પૂછવા કહ્યું.

એક વિદ્યાર્થી—એ સાચી વાત છે સાહેબ, કે આપણે ટ્રામના અકસ્માતમાં ઘવાઇએ કે મરી જઇએ તો કંપની એની નુકસાની આપે?

શિક્ષક—હા, એમાં જો તમારો કાંઈ દોષ ન હોય તો. હવે બીજા કોઇને કાંઇ પૂછવું છે?

બીજો વિદ્યાર્થી—અને આપણો ટિકિટનો આનો પણ પાછો મળે ને, સાહેબ?

એક—તું શું એમ માને છે કે હું તદ્દન બેવકૂફ છું?

બીજો—તદ્દન તો નહિ; પણ ચાલી શકે ખરો.

મનુ—અમારે ત્યાંનો સુતાર છોડાં પાડવામાં બહુ પાવરધો છે.

કનુ—ઓહો, એટલું જ ને? પણ અમારા ગામનો એક દરજી દરરોજ બે ડઝન ખીસાં કાતરે છે અને અરધો ડઝન ગળાં કાપે છે.



માધુકરી



ક્ષિતિજની પેલી પાર કોઇ બાગ, ત્યાંથી વહી આવે પૂર પરાગ.
પરિમલલચી લહરીઓ લ્હેકે, મત્ત બની નભ અણુઅણુ મ્હેકે,
તમ રક્ત રગરગમાં બ્હેકે, કોણ ઠારી ગયું આગ?
વહ્યો આવે છે પૂર પરાગ—ક્ષિતિજની૦
ક્યાંક મેહુલે રેલી શાતા; ધરા સર્વ ગંધોની માતા,
તેને અંકે નથી સમાતા આજે અમર સુહાગ
પાઠવે દિલના પુણ્યપરાગ—ક્ષિતિજની૦

—ઉમાશંકર જોષી

¶ દુઃખી થવાનું ખરું કારણ તો એ છે કે તમે દુઃખી છો કે સુખી તેની ચિંતા કરવાની નવરાશ તમને મળી રહે છે. તેનો ઉપાય કાર્યરતપણું છે. અને જે કાર્યરત છે તે સુખી યે નથી ને દુઃખી યે નથી; પણ જીવંત ને જાગ્રત છે. કોઇપણ જાતના સુખ કરતાં આ સ્થિતિ વધારે આનંદદાયી છે.

બર્નાર્ડ શૉ

સ્વ. છોટાલાલ લક્ષ્મીશંકર માંકડ

ગઈ ૩૦મી જૂનની મધ્ય રાત્રિએ બાર કલાકે એમનો પ્રાણપ્રદીપ બુઝાઈ ગયો અને એમના અવસાનની સાથે સૌરાષ્ટ્રના સાર્વજનિક જીવન તથા સંસ્કારસેવનની એક અખંડ સાધનાનો અંત આવ્યો.

શ્રી છોટુભાઈ માંકડ રાજકોટ-પોરબંદરની જ નહિ, પણ સમસ્ત સૌરાષ્ટ્રની સમૃદ્ધિ હતા. એમના જીવનની આસપાસ સૌરાષ્ટ્રની સીધી કે આડકતરી અનેકવિધ સેવાઓનું તેજોવર્તુલ દોરાએલું હતું ને તે દ્વારા તેમણે જીવનનાં અનેક ક્ષેત્રોમાં અજવાળું પાથર્યું હતું.

મહોરતી જુવાનીમાં 'વીર માંકડ' તરીકે ઓળખાતા એ સૌરાષ્ટ્રના અગ્રણી વ્યાયામપ્રચારક ને સંસ્થા-સંચાલક હતા; ધરાસણાના સત્યાગ્રહયુદ્ધના એકવારના સેનાની અને સૈનિક હતા; અને ઉત્તર જીવનમાં બારડાને છેડે આવેલી ગાંધીજીની જન્મભૂમિના યુવાનોના વિદ્યાગુરુ તેમજ સમસ્ત રાજ્યના તેજસ્વી વિદ્યાધિકારી હતા. એ છેલ્લા હોદ્દા પર રહીનેજ એમણે પોતાની જીવનસાધનાનો અત્યુત્તમ અર્ક આપતાં આપતાં પોતાના પુરુષાર્થી જીવનનો અંત આણ્યો.

ઇ. ૧૮૯૮ના જૂનની ચોથી તારીખે રાજકોટમાં તેમનો જન્મ. ગરીબ કુટુંબમાં જન્મ્યા છતાં જાતમહેનતથી આગળ વધ્યા અને મુંબાઈ યુનિવર્સિટિના ગ્રૅજ્યુએટ થયા. એક દાયકા સુધી રાજકોટ કૉમ્પોઝિટ સ્કૂલ તથા કરણસિંહજી મિડલ સ્કૂલના મુખ્ય અધ્યાપક તરીકે રહ્યા. તે દરમિયાન કાઠિયાવાડની વ્યાયામસંસ્થાઓમાંની એક 'શ્રી બજરંગ વ્યાયામમંડળ'ની સ્થાપના કરીને રાજકોટની ઊગતી પ્રજાને શાળામાં અને શાળા બહાર વ્યાયામશાળામાં મેરુદંડ આપ્યો અને પ્રાણસાધનાની ખરી તાલાવેલી લગાડી ઠેરઠેર વ્યાયામવર્ગો અને છાવણીઓ ખોલી. અંતે પુણ્યશ્લોક રાજવી લાખાજીરાજના વ્યાયામ શિક્ષક બન્યા. તેમની જ પ્રેરણાથી રાજકોટ રાજ્યે ગૉબ્લર્સની સંસ્થા સ્થાપી, અને શ્રી માંકડને તલવાર અને લશ્કરી અફસરના ઊંચા દરજ્જાનું માન આપ્યું.

ઈ. ૧૯૨૦ની રાષ્ટ્રીય ચળવળનું ઘોડાપૂર આવ્યું કે છોટુભાઇએ રાજ્યની નોકરી છોડી તેમાં ઝંપલાવ્યું અને સર્વતંત્રસ્વતંત્ર એવી રાષ્ટ્રીય શાળાની સ્થાપના કરી. ત્યાર પછી પોરબંદરમાં ભરાએલી ચોથી કાઠિયાવાડ રાજકીય પરિષદના સંચાલન અને વ્યવસ્થા માટે ચુનંદા સ્વયંસેવકોની ટુકડી લઇને ત્યાં ગયા ને પોતાની વ્યવસ્થાશક્તિ તથા શિસ્તપાલનથી પોરબંદરની જનતાને છક્ક કરી નાખી.

પોરબંદરના વિદ્યારસિક અને સંસ્કારપ્રેમી નગરશેઠ એ રાજકીય પરિષદના સ્વાગત પ્રમુખ હતા. તેમના પર છોટુભાઈની અસર પડી અને તેમની વિનતિથી તેઓ તેમના દૌહિત્રોને અભ્યાસ કરાવવા ખાનગી શિક્ષક તરીકે રોકાયા. ૧૯૩૦માં ફરી પાછી રાષ્ટ્રીય હીલચાલ શરૂ થઇ અને એમણે કાઠિયાવાડના ભિખ્ખુરાજ મણિલાલ કોઠારીની આગેવાની નીચે પોરબંદરમાં વિદેશી કાપડ પર ચોકી ગોઠવી. અપ્રતિમ વ્યવસ્થાશક્તિથી તેમણે તેનો સફળ અંત લાવી શ્રી કોઠારીને હાથે ત્યાં સ્વદેશી બજારનું ઉદ્‌ઘાટન કરાવ્યું.

સંયોગવશાત્ તેમને પોરબંદર છોડવું પડ્યું અને પછી પોતાના વતન રાજકોટમાં જઇ પહોંચ્યા. ત્યાં તેમણે વ્યાયામની સાધનાને તીવ્ર બનાવી અને કુદરતી ઉપચાર પર ચિત્ત ચોડ્યું. એવામાં અનુકૂળતા મળતાં તેઓ ઇગ્લંડ ગયા અને ત્યાં કુદરતી ઉપચાર, ઔપચારિક વ્યાયામ, સ્વીડિશ માલિશ તેમજ યુરોપીય વ્યાયામ પદ્ધતિઓ અને સંસ્થાઓથી પરિચિત થયા. એ પછી પાછા હિંદ આવ્યા





ઉપર : ડાબી બાજુ—જે વયે 'વીર માંકડ'ના નામથી કાઠિયાવાડની જુવાનીને ગૌરવાન્વિત કરી; જમણી બાજુ—ઉત્તર વયમાં પોરબંદર રાજ્યના વિદ્યાધિકારી

અને મિ. મૅકફૅડનના ફિઝિકલ કલ્ચર ઇન્સ્ટીટ્યૂટમાં વિશેષ અભ્યાસ માટે અમેરિકા જવા તૈયાર થયા. તે વચગાળામાં તેમણે 'આપણો ખોરાક', 'ચાલવું–એક નૈસર્ગિક વ્યાયામ' અને 'દીર્ઘશ્વસન' વગેરે પુસ્તિકાઓ લખીને એક 'આરોગ્ય ગ્રંથાવલિ' બહાર પાડવાનું શરૂ કર્યું. અમેરિકા પહોંચતાં તેમને ત્યાં ઊતરવા જ દેવામાં ન આવ્યા અને એલિસ આઇલૅન્ડથી જ ઇંગ્લંડ પાછા મોકલી દેવામાં આવ્યા. ત્યાં તેમણે શિક્ષણશાસ્ત્રનો વિશેષ અભ્યાસ કર્યો અને ગોલ્ડસ્મિથ કૉલેજના એક તેજસ્વી હિંદી વિદ્યાર્થી તરીકે વિખ્યાતિ પામી લંડનના ટી. ડી. અને ડબ્લિન યુનિવર્સિટીના એચ ડી.ઈ. થયા.

૧૯૩૫ની શરૂઆતમાં તેઓ હિંદ પાછા ફર્યા કે તરત જ પોરબંદર રાજ્યના વિદ્યાધિકારી તરીકે તથા ભાવસિંહજી હાઈસ્કૂલના મુખ્યશિક્ષક તરીકે નિમાયા અને એ સ્થાનેથી છેલ્લાં દસ વર્ષમાં તેમણે પોતાની બધી શક્તિ રાજ્યના કેળવણીખાતાને ઢંઢોળી જાગ્રત કરવામાં, તેને નવી કેળવણીની દૃષ્ટિનો નાદ લગાડવામાં, તેમજ યુવાનોનાં સ્થૂળ શરીર તથા સંસ્કારશરીર સમૃદ્ધ કરવામાં ગાળ્યાં છે. તેમના પ્રયાસથી પોરબંદરની ઊગતી પ્રજાની કેળવણી આજે મુકાબલે વધુ સંસ્કારપ્રધાન, કલાપ્રધાન, ક્રિયાપ્રધાન અને પ્રાણપ્રફુલ્લ બનેલી છે. તેમની કારકીર્દિની શરૂઆતમાં રાજ્ય પાસે એમણે સમગ્ર રાજ્યની સાર્વત્રિક કેળવણી માટે દસ વર્ષની યોજના મૂકી. પોતાના વિદ્યાર્થીઓ કેવળ પુસ્તકભોગી જડભરત ન બને પણ પોતાના માનવજીવનનો સર્વાંગીણ વિકાસ સાધે એટલા માટે પોતાની શાળામાં એમણે ૯ સંસ્કારમંડળોનું ઝૂમખું ઊભું કર્યું ને તેને શાળાના વિદ્યાર્થી મહામંડળના આશ્રય તળે મૂકી પ્રાણવાન બનાવ્યું. એ સાહિત્યમંડળ, કલામંડળ, સંગીતમંડળ, આનંદમંડળ, વ્યાયામમંડળ, સેવામંડળ, વસ્તુભંડાર, ભાષામંડળ, હસ્તકૌશલ મંડળની કાર્યરેખા દરવર્ષે દોરી આપતા ને આમ, શાળાના જીવનમાં વૈવિધ્ય ને સંસ્કારદૃષ્ટિના સુમેળ સાથે શિક્ષણને જીવંત બનાવતા. કેળવણીને તેઓ 'જીવનની તૈયારી' નહિ પણ 'જીવનનું સર્વસ્વ' જ માનતા હતા; એટલે એમણે શાળાના જીવનને એક નાનાસરખા સંસ્કારપ્રેરક અને પોષક એવા જીવંત સમાજનું જ સ્વરૂપ આપ્યું અને વિદ્યાર્થીઓ તથા શિક્ષકો વચ્ચેની મધ્યકાલીન દીવાલો તોડવાના પ્રયત્ન કરી એકબીજાને નજદીક લાવ્યા. આ કાર્યમાં જ તેઓ એટલા મગ્ન ને ચિંતનશીલ રહેતા કે કાઠિયાવાડના છેવાડાના ખૂણે ચાલતા ઊગતી પ્રજાના જીવનના સંસ્કારઘડતરના એ નાના દેખાતા પણ મહાભારત કામમાં એમનો વજ્ર જેવો દેહ ઘસાઈ ગયો.

સૌરાષ્ટ્ર, ગુજરાત અને દુનિયાનાં વ્યાયામક્ષેત્રે પણ તેમની સેવા જાણીતી છે. વ્યાયામ કૅમ્પોનું સંચાલન, કાઠિયાવાડના સાઇકલ પ્રવાસો, ૭૦૦૦ દોરીકુદકા કરીને મેળવેલું દુનિયાનું દ્વિતીય સ્થાન, એક દસકા સુધી રાજકોટને, તેમજ પાછળનાં દસ વર્ષમાં કાઠિયાવાડના યુવાનોને આપેલી ફરજિયાત શારીરિક તાલીમ, ફોજી શિસ્ત અને શિક્ષણ, દેશી રમતગમતોનું પુનરુત્થાન, વસંતપંચમી તથા જન્માષ્ટમી પર્વોની રાજ્યની ક્રીડા–સ્પર્ધાઓ, અને રાજ્યની પ્રેરણા તથા સહાનુભૂતિથી સર્જેલી, ગુજરાતમાં વિરલ એવી દર હનુમાન જયંતીએ ૨૦ માઇલની દોડ (મૅરેથૉન રેઈસ) દાખલ કરાવીને એમણે સૌરાષ્ટ્રની ઊગતી જુવાનીની પ્રાણસાધનાની લાંબી મજલ ખેડી છે અને યુવાન તેમજ આમજનતા માટે નવાં ક્ષેત્રો ખોલી આપ્યાં છે.

એમના ખાનગી જીવનમાં પણ તેમની સાદગી, શિસ્ત, સુજનતા, ઋજુતા, કલાપ્રેમ, ધર્મશ્રદ્ધા, આતિથ્યસત્કાર તથા ઉત્કટ મૈત્રીભાવના આકર્ષતી. ખડતલ શરીર, છટાદાર ચાલ, ખાદીનો સોરઠી લેબાશ, ભાવનાભર્યું હૃદય અને પ્રાણપ્રફુલ્લ આત્મા એમને જોતાં તરી આવતાં.

એમના મૃત્યુથી ગુજરાતે એક નિત્યયુવાન અને પુરુષાર્થી, ઉજ્જ્વલ સંસ્કારસેવક ગુમાવ્યો છે. પોતાની પાછળ તેઓ વિધવા પત્ની તથા ત્રણ પુત્રીઓને મૂકી ગયા છે. પરમકૃપાળુ પરમાત્મા એમના આત્માને શાંતિ અર્પો ને તેમનું અપૂરું રહેલું કાર્ય પૂરું કરવાની સૌરાષ્ટ્ર ને ગુજરાતમાં પ્રેરણા જાગો. —રતિલાલ છાયા

પ્રો. વિષ્ણુપ્રસાદ રણછોડલાલ ત્રિવેદી

વિવેચનના ક્ષેત્રમાંના પ્રશસ્ય કાર્યને માટે ગુજરાત સાહિત્ય સભાનો ૧૯૪૪નો રણજીતરામ સુવર્ણચંદ્રક જેમને અર્પણ થયો તે પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો જન્મ ઉમરેઠમાં બાજખેડાવાળ બ્રાહ્મણ જ્ઞાતિમાં ઈ. ૧૮૯૯ની ૪થી જુલાઇએ (વિ. સં. ૧૯૫૫ જેઠ વદિ ૧૨ના રોજ) થયો હતો. એમના પિતા રણછોડલાલ રેવન્યૂ ખાતામાં નોકર હતા. તે અંગે એમની અવારનવાર બદલી થવાથી વિષ્ણુપ્રસાદે પ્રાથમિક કેળવણી બોરસદ ને ડાસરામાં તથા માધ્યમિક કેળવણી ડાસરા, કપડવંજ ને નડિયાદમાં લીધેલી. ૧૯૧૬માં નડિયાદ હાઈસ્કૂલમાંથી એ મેટ્રિક થયા અને બીજી ભાઉસાહેબ દેસાઇ સ્કૉલરશિપ મેળવી ૧૯૧૬ થી ૧૯૨૦ એ ચાર વર્ષ મુખ્યત્વે ગુજરાત કૉલેજમાં આગળપડતા ને સારા વિદ્યાર્થી તરીકે ગાળ્યાં. કૉલેજના વિદ્યાર્થીઓ માટે યોજાએલી ગુજરાતી સાહિત્યના અભ્યાસની પરીક્ષામાં એમણે રૌપ્ય ચન્દ્રક મેળવ્યો અને ગુજરાતી સાહિત્યના અભ્યાસની વર્નાક્યુલર સોસાએટીએ યોજેલી પહેલી પરીક્ષામાં એ પ્રથમ આવ્યા. નડિયાદમાં તેમણે સમાજ, રાજકારણ ને સાહિત્યની એક ખાનગી વિવાદસભા 'સાત ભાઇઓનું મંડળ' નામે શરૂ કરેલી. કૉલેજના અભ્યાસકાળ દરમ્યાન 'પ્રેરિત'ની સંજ્ઞાથી 'ભાવનાસૃષ્ટિ'માંના કેટલાક લેખો અને 'રાઇનો પર્વત'નું વિવેચન લખાયાં તે 'વસન્ત' 'સાહિત્ય' આદિમાં પ્રસિદ્ધ થવાથી સાહિત્યકાર થવાની આકાંક્ષા પોષાઈ ૧૯૨૦માં બી.એ.માં સંસ્કૃત ને અંગ્રેજી લઈ એ પહેલા વર્ગમાં આવ્યા ને ગુજરાત કૉલેજમાં દક્ષિણા ફેલો નિમાયા.

ઈ. ૧૯૨૧ના જાન્યુઆરીમાં સુરત કૉલેજમાં અંગ્રેજી ને સંસ્કૃતના અધ્યાપક તરીકે એમની નિમણૂક થઈ. ઈ. ૧૯૨૩માં સંસ્કૃત ને ગુજરાતી લઈ એમ. એ.માં બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયા અને સૂરતની સાર્વજનિક સોસાએટીમાં વૉલંટિયર (આજીવન અધ્યાપક) તરીકે જોડાયા. હાલ ત્યાંજ ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કરે છે. ઉપરાંત, તેઓ એમ. એ. ને પી. એચ. ડી. માટેના ગુજરાતી વિષયમાં કામ કરતા અનુસ્નાતક વિદ્યાર્થીઓને પણ માર્ગદર્શન કરાવે છે અને બી. એ તથા એમ એ.માં ગુજરાતીના વિષયમાં પરીક્ષક નિમાય છે.



'પ્રેરિત' વિષ્ણુપ્રસાદ—૧૯૨૦માં ગુજરાત કૉલેજમાં દક્ષિણાફેલો હતા ત્યારે

તેમનો પરમપ્રિય ગ્રંથકાર તે ગોવર્ધનરામ. ગોવર્ધનરામના અનુશીલને, તેમની સૃષ્ટિમાં

કાલ્પનિક વિહારે એમના જીવન પર ઊંડી અસર કરી છે તેમની શૈલી, તેમની વિચારણા, કલ્પના વગેરે પર ગોવર્ધનરામ ઉપરાંત નરસિંહરાવ, નાનાલાલ, આનંદશંકર, બલવન્તરાય, વર્ડ્સવર્થ, શેલી, કીટ્સ ને શૅક્સપિયર તથા પ્રાચીનોમાંથી શંકરાચાર્ય વગેરેએ ખૂબ અસર કરી છે.

પ્રો. વિષ્ણુપ્રસાદના પ્રથમ પુસ્તક 'ભાવનાસૃષ્ટિ'માં (૧૯૨૪) વાર્તારૂપ કે સંવાદરૂપ બનતાં કલ્પનાચિત્રો છે. ૧૯૩૯માં એમના વિવેચનલેખોનો સંગ્રહ 'વિવેચના' પ્રસિદ્ધ થયો. ૧૯૪૧માં અંધેરીના ચૌદમા ગુજરાતી સાહિત્ય પરિષદ-સંમેલનમાં તેઓ ભાષાશાસ્ત્ર વિભાગના પ્રમુખ નિમાયા હતા. સૂરતની નર્મદ સાહિત્ય સભાના તે છેક ૧૯૩૮થી પ્રમુખ છે. ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાના વ્યાખ્યાતા તરીકે મુંબઈ યુનિવર્સિટીએ હમણાં તેમની વરણી કરી છે. એ વ્યાખ્યાનો આ નવેમ્બર (૧૯૪૫)માં અપાશે.

ઊંઘ વિષે અવનવું

અમેરિકનોએ ઊંઘ વિષે પ્રયોગો કરીને નક્કી કરેલાં નીચેનાં ૧૬ વિધાનો રસપ્રદ અને ઉપયોગી છે

(૧) દરેક જણ ઊંઘમાં લગભગ ૩૫ વાર એકથી બીજી તરફ ફરી પાસું બદલે છે. શરીરના સર્વ ભાગોને આ રીતે જ આરામ ને રક્ષણ મળે છે (૨) સુરેખ અને આરોગ્યપ્રદ નિદ્રા શરૂની જ હોય છે; ઊંઘથી શરીરમાં જે લાભદાયી ફેરફારો થાય છે તે આ શરૂઆતના તબક્કામાં જ થાય છે. (૩) ખપ કરતાં ઓછી નિદ્રા મેળવનારને બીજે દિવસે રોજિંદા વ્યવહારમાં હમેશ કરતાં લગભગ ૨૫ ટકા વધુ શારીરિક શક્તિનો વ્યય કરવો પડે છે. (૪) એક રાતના ઉજાગરાના બદલામાં ઘણા દિવસો સુધી મોડે લગી સૂઇ રહેવાનું જરૂરી નથી; ઉજાગરાની બીજી રાત્રે હમેશની જેમ પૂરી નિદ્રા લેવાથી સઘળો થાક દૂર થાય છે. (૫) બિછાનામાં કોઈ સાથે સૂતું હોય તો ઊંઘ આરામદાયક અને ગાઢ નથી બનતી. (૬) ઓછી નિદ્રાવાળા મહાજનો વધુ સ્ફૂર્તિવાળા હોય છે એવું નથી. નેપોલિયન અને એડીસન રાત્રે થોડા જ કલાકો સૂતા હતા એ ખરૂં છે, પણ દિવસ દરમ્યાન તેઓ ઘણીવાર ઝોલાં ખાઈ લેતા, અને એ રીતે તેઓની નિદ્રાના સમયનો સરવાળો તો થવો જોઇએ એટલો જ થતો. (૭) નિદ્રાનો અભાવ રોગપ્રદ છે. પ્રયોગોથી ફલિત થયું છે કે અન્નના અભાવ કરતાં ઊંઘનો અભાવ પ્રાણીઓને જલદી મૃત્યુવશ બનાવે છે. (૮) ઊંઘ કાંઈ આંખના પલકારામાં જ આવતી કે ઊડી જતી નથી. નિદ્રાની શરૂઆતમાં કે અંતમાં એક સમય એવો હોય છે જ્યારે આપણા કાન સાંભળી શકે છે, પણ આપણી સંચાલનશક્તિ નિદ્રામાં હોય છે. (૯) ડાબે પડખે સૂવાથી હૃદય પર ભાર આવે છે એ વાત બરાબર નથી. કોઈ પણ પડખે કે ચત્તા સૂવામાં કશો જ વાંધો નથી. (૧૦) ઊંઘવા અગાઉ ગરમ પ્રવાહીઓ પીવાથી ઊંઘ સારી આવે છે એ સાચું નથી; ઉલટું તેને લીધે અજંપો થાય છે. રાત્રી દરમિયાન પ્રવાહી થોડા પ્રમાણમાં જ લેવાં ઘટે. (૧૧) ઉનાળામાં સૂવાના ઓરડામાં વીજળીનો પંખો હોય તો તેમાં કશી હરકત નથી. પવનની ચોટ સીધી શરીર પર ન આવે અને તેનો અવાજ ઊંઘ આવતી ન અટકાવે તેવી રીતે એ પંખો ઓરડામાં રાખવો ઘટે. (૧૨) ખૂબ થાક્યા હો ત્યારે ગરમ પાણીએ નહાઇને સૂવાથી તરત ઊંઘ આવી જશે. (૧૩) અનિદ્રાથી બીજા દિનનું કાર્ય બગડશે એ ચિંતાથી તો અનિદ્રા ઉલટી વધુ તીવ્ર બને છે. જ્યારે ઊંઘ સમયસર ના આવે ત્યારે બીજે દિવસે મોડા ઊઠવાનો સંકલ્પ કરવાથી ઊંઘ તરત જ આવે છે. (૧૪) અતિ પોચું નહિ અને અતિ કઠણ નહિ એવું બિછાનું સ્વસ્થ નિદ્રા માટે જરૂરી છે. બન્ને દાખલામાં આવતી નિદ્રા ગાઢ નથી હોતી. (૧૫) બપોરના જમ્યા પછીની અલ્પનિદ્રાથી કશો જ ગેરફાયદો થતો નથી. જમ્યા પછી તરત અભ્યાસ કરવા બેસનાર વિદ્યાર્થીને મુકાબલે, થોડી નિદ્રા બાદ અભ્યાસ કરનાર વિદ્યાર્થી ઉચ્ચતમ પરિણામ આણે છે એમ પુરવાર થયું છે. (૧૬) ઊંઘ આવવા અગાઉ કોઈ પણ જાતની માનસિક મહેનત કરવી કે મગજમારી કરવી એ ઊંઘને રોકવા બરોબર છે. ઊંઘ માટેની સરસ તૈયારી તો ઠંડા વાતાવરણમાં નિદ્રા અગાઉનો સમય પસાર કરી શરીરના સ્નાયુઓને થકવવા થોડુંક ચાલવું, એ છે. (આયુર્વેદ જગત)

બંદૂક ફોડવાની તાલીમ

દરેક નાગરિકને બંદુક ફોડતાં આવડે તે ખૂબ જરૂરનું છે. પોતાના રક્ષણ માટે તો તેની આવશ્યકતા છે જ, પણ કેટલાકને ડુક્કર, હરણ વગેરે જંગલી પ્રાણીઓથી પોતાની ખેતીનું રક્ષણ કરવા તેમજ કેટલાકને વાઘ વગેરે હિંસક પ્રાણીઓથી પોતાનાં ઢોરઢાંખરનું રક્ષણ કરવા એ શિક્ષણ જરૂરી છે. અને છેવટે રાષ્ટ્રના રક્ષણ માટે પણ તેની અત્યંત આવશ્યકતા છે.

આજકાલ પાશ્ચાત્ય રાષ્ટ્રોમાં ફરજિયાત લશ્કરી શિક્ષણ અને લશ્કરમાં અમુક વખત નોકરી કરવી એ નાગરિક તરીકે ફરજિયાત હોવાથી એ તાલીમ ત્યાં સહેજે મળી રહે છે. આ ઉપરાંત પણ બાળપણમાં જ તેમને રાઇફલ્સ, ડ્રિલ, કલબ્ઝ, જુનિયર ઓ. ટી. સી. વગેરે સંસ્થાઓ દ્વારા આ શિક્ષણ અપાય છે. એ દેશોમાં હજારોની સંખ્યામાં બંદૂકની કલબો છે, એટલું જ નહિ પણ લાખો લો કોને એટલે કે દરેક વ્યક્તિને શિક્ષણ આપવા શિક્ષકો પણ હોય છે; ને એ શિક્ષક એટલે ઘરમાં મા, બાપ, ભાઈ વગેરે વડીલો, શાળાના શિક્ષક અખાડાના શિક્ષક અને કલબ વગેરેમાં બીજા મોટા છોકરાઓ. ત્યાં કોઇ પણ માણસ આ શિક્ષણથી વંચિત રહી શકતો નથી. એને નાનપણથી જ સ્વરક્ષણ માટે તૈયાર કરવામાં આવે છે.

આ શિક્ષણ ધીમેધીમે વધારવામાં આવે છે ને તે એટલે સુધી કે માણસની છેલ્લી ઘડી સુધી એ તાજું રહે છે ને છેવટે એ રાષ્ટ્રના ઉપયોગમાં આવે છે. સ્વિટ્ઝર્લાંડનો દાખલો લો. એ દેશની વસતિ ૪૧,૫૦,૦૦૦ છે. એવા નાના દેશમાં પણ ૪,૦૦૦ જેટલી રાઇફલ કલબો છે અને લગભગ બે અઢી લાખ ઉપરાંત તેના સભ્યો છે તે પ્રમાણમાં આપણા ૪૦ કરોડ જેટલી પ્રજાવાળા દેશમાં ઓછામાં ઓછી લગભગ ચાર લાખ રાઇફલ કલબો હોવી જોઇએ; પરંતુ અહીં તો એકાદ પણ ઊભી કરવામાં અનેક અડચણો આવે છે. મહેનત કરી કલબ માટે લાઇસન્સ મેળવીએ, થોડાઘણા પૈસા ભેગા કરી બંદૂકો ખરીદીએ અને ગોળીઓનું ખર્ચ પણ કાઢીએ; પણ આપણા વયોવૃદ્ધ ને જ્ઞાનવૃદ્ધ વડિલોનો નિરુત્સાહ, શિક્ષકોની ઊણપ અને તદ્વિષયક પુસ્તકોનો અભાવ વગેરે હજારો અડચણો આગળ આવીને ઊભી રહે છે.

ખેડૂતને તેના ખેતરના રક્ષણ માટે ફક્ત નામની જ (રૂા. ૦-૮-૦) ફી લઈ લાઇસન્સ મળી શકે એવી જાતની જોગવાઈ 'આર્મ્સ-ઍક્ટ' માં છે. કાયદાનો આવો જેટલો લાભ મળે તેટલો લેવો. પણ એના ઉપયોગ અગાઉ પૂર્ણ તૈયારીની જરૂર રહે છે. દરેક ગામડાના ખેડૂતમાંથી ઉત્સાહી ૨૦-૨૫ ખેડૂતો ઍરગનની મદદથી બેએક અઠવાડિયામાં બંદૂક ફોડવાનાં મૂળ તત્ત્વો તો જરૂર શીખી લઈ શકે. પછી એ ગામમાં બંદૂક ફોડવાની એકાદ કલબ શરૂ કરીને બીજાઓને સહેલાઈથી એનો લાભ આપી શકે. આ કરવું શું મુશ્કેલ છે? ગામનું રક્ષણ કરવા તેમજ ગામનાં બાળકોમાં આત્મવિશ્વાસની ભાવના ઉત્પન્ન કરવા આ ઍરગનના શિક્ષણનો પ્રચાર ખૂબ થવો જોઇએ.

લોકલ બોર્ડો તથા મ્યુનિસિપાલિટીની નિશાળોમાં પણ આનો

પ્રચાર જરૂરી છે. કેળવણીકારો અને શિક્ષણખાતાના અધિકારીઓ પ્રાંતની દરેક શાળામાં ઑરગન દ્વારા આ શિક્ષણ આપવાની સગવડ કરીને, 'શિક્ષણનું શિક્ષણ અને રમતની રમત' એવો બેવડો લાભ આપનાર યોજના શરૂ કરે એ ઇચ્છવા યોગ્ય છે. શિક્ષક ૮-૧૦ દિવસની તાલીમ પછી પોતાના વિદ્યાર્થીઓને શીખવી શકે છે.

સરકારી શિક્ષણખાતાને આર્થિક બોજો ઉઠાવવો ન પડે તેવી આ યોજના છે. એકાદ બે ઑરગન અને બે કે ચાર ટ્રાઈ પોડઝ જેવા હલકા સામાનની જ જરૂર પડે, અને તે માટે વધારેમાં વધારે ૧૫ થી ૨૦ રૂપિયા રોકવા પડે. વળી ચાલુ ખર્ચ પણ વધારે આવશે નહિ. બાળકોના વપરાશ માટે જરૂરી પાંચ રૂપિયાની ગોળીઓનો જ ખર્ચ ઉઠાવવાનો રહેશે. આમ તદ્દન ઓછા ખર્ચમાં દરેક ગામડામાં, લત્તામાં, પોળમાં વગેરે સ્થળે નવી રમત દાખલ કરી શકાશે અને તે દ્વારા નાગરિકોને જરૂરી એવા ઉત્તમ ગુણો ભાવી પ્રજામાં ઉત્પન્ન કરી શકાશે. રાષ્ટ્રના જીવન માટે પણ આવી તાલીમ જરૂરી છે.

('નવસૌરાષ્ટ્ર') —અમદાવાદ રાઇફલ એસોસીએશન

પેટીમાં જ પુસ્તકાલય

અમેરિકાના ફોટોગ્રાફીના એન્જીનીઅરોની છેલ્લી શોધ મુજબ હવે એક સામાન્ય માણસને પોતાનું અંગત પુસ્તકાલય રાખવા માટે મોટાં કબાટો નહિ, પણ નાની પેટી બસ થશે. આપણી ચાલુ નવલકથાઓના કદની ચોપડીનું ૭×૫ ઇંચનું (૩૫ ચોરસઇંચનું) એક પાનું માત્ર ⅔ ચોરસઈંચના કદમાં સમાય, એવડી તેની ફિલ્મ હવે પાડી શકાશે. તેને પ્રોજેક્ટરમાં મૂકીને માણસ ભીંત પર તેની બે ફૂટ મોટી છાપ પાડી, સૂતો સૂતો આરામથી વાંચી શકે. ૨૦૦ પુસ્તકોની આવી ફિલ્મોની લાયબ્રેરી માત્ર એક બિસ્કિટના ડબામાં સમાઈ શકે.

આ ઉપરાંત પુસ્તકોની રેકર્ડ ઉતારવાની પણ શોધ થઇ છે. એવી રેકર્ડો, ફિલ્મ કરતાં જરા વધારે જગ્યા રોકે ખરી; પુસ્તકો કરતાં તો ઘણી ઓછી. એ માટે, લગભગ એક કલાક ચાલે તેટલી અને ચારથી પાંચ હજાર શબ્દોનો સમાવેશ કરતી ખાસ રેકર્ડો બનાવવામાં આવે છે, જે ચાલુ ૯૦ દોરાને બદલે ૨૦૦ દોરાના કદની હોય છે અને તેનો વેગ ચાલુ ૭૮ ને બદલે ૨૪ જેટલો ધીમો રાખવામાં આવે છે, જેથી સ્પષ્ટતાથી અને સમજપૂર્વક શ્રવણ થઈ શકે. આવી રેકર્ડોમાં પુસ્તક ઉતારવા માટે ખાસ શુદ્ધ અને મધુર ઉચ્ચારવાળા માણસો પસંદ કરવામાં આવે છે. આ રેકર્ડ લગભગ એક કલાક સુધી ચાલે છે અને માણસ આરામથી પડ્યાં પડ્યાં પોતાનું મનપસંદ પુસ્તક વાંચવાને બદલે સાંભળી શકે છે; એટલું જ નહિ, પણ ઈચ્છા હોય તો બીજાઓને પણ તેનો લાભ એકીસાથે આપી શકે છે.

પક્ષઘાતનો ઉપચાર: જળવ્યાયામ

જોહાનિસબર્ગ (આફ્રિકા)ની કોટસ્લો મિલિટરી હૉસ્પિટલે જળવ્યાયામના નવા ઉપચારો દ્વારા પક્ષઘાત મટાડવામાં સારીરીતે સફળતા મેળવી છે. ઉત્તર આફ્રિકાના અલ અલામીનના યુદ્ધમાં ઇજા પામેલો એક દરદી મુદ્દલ ચાલી શકતો ન હતો તે જળવ્યાયામના આ ઉપચારોથી સાજો થઈ જઇ અત્યારે સડક પર ચાલી શકે છે. પાણીમાં ડુબકી મારી શકે છે ને લગભગ ૧૦૦વાર જેટલું તરી શકે છે.

શરૂઆતમાં બોયાં (floats)ની મદદથી દરદીને ધીમેધીમે તરતો કરીને પછી લટકતાં દોરડાંઓ (trapez)ની કસરતો અને છેવટે પાણીમાં સાઇકલ ચલાવવી, પૅરેલલ બાર્સ વગેરે કસરતો ઉપર ક્રમશઃ લઇ જવામાં આવે છે. અને એ રીતે એને સદંતર રોગમુક્ત કરી શકાય છે.

આ માસ (ઑગસ્ટ) ઈતિહાસમાં

તા. ૧ લોકમાન્ય બાળ ગંગાધર તિલકનું અવસાન;—ને એમની રાખમાંથી જ હોય તેમ અસહકારનો જન્મ, ૧૯૨૦.

તા. ૪ કાનપુરમાં નાનાસાહેબ ઉપર હેવલૉકનો હલ્લો, ૧૮૫૭.

તા. ૭ લૉર્ડ કર્ઝને જાહેર કરેલા બંગાળના ભાગલા સામે એ પ્રાંતે અંગ્રેજી માલનો બૉયકૉટ જાહેર કર્યો, ૧૯૦૫.

તા. ૧૦ થર્મોપિલીના ઘાટનું ઇતિહાસપ્રસિદ્ધ યુદ્ધ. ઈ. પૂ. ૪૮૦.

તા. ૧૫ નેપોલિયન બોનાપાર્ટનો કોર્સિકા ટાપુમાં જન્મ, ૧૭૬૯.

તા. ૧૭ જર્મન પ્રજાની અસ્મિતા ઘડનાર પ્રુશિયાના મહાન રાજા ફ્રેડરિકનું અવસાન, ૧૬૮૧

તા. ૨૦ હિંદના મૉન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારા જાહેર થયા, ૧૯૧૭.

તા. ૨૨ કેશવચંદ્ર સેને કલકત્તામાં બ્રાહ્મોમંદિર ઉઘાડ્યું, ૧૮૬૯.

તા. ૨૪ પ્રેમ-શૌર્યના ગાનથી ગુજરાતીઓને રસ-મસ્ત ને ગૌરવાન્વિત કરનાર કવિ નર્મદાશંકર લાલશંકરનો જન્મ, ૧૮૩૩.

તા. ૨૬ વાસ્કો ડ ગામા કાલિકટને કિનારે ઊતર્યો, ૧૪૯૮.

તા. ૩૦ બંગ કવયિત્રી તરુલતા દત્તનું અવસાન, ૧૮૭૭



આ માસની વ્યક્તિવિશેષ

આચાર્ય પ્રફુલ્લચંદ્ર રૉય

જીવન પર્યંત આચાર્યપદને ખરા અર્થમાં શોભાવનારને વિજ્ઞાનના ક્ષેત્રમાં ભારતને ઉન્નતશિર કરનાર શ્રી પ્રફુલ્લચંદ્ર રૉયનો જન્મ બંગાળના રરૂલી ગામમાં થએલો. એમના પિતા હરિશ્ચન્દ્ર રૉયે સ્થાપેલી શાળામાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરી કલકત્તામાં હેર સ્કૂલમાંથી ૧૮૭૯ માં મૅટ્રિક થઇને એ મેટ્રોપોલિટન ઈન્સ્ટીટ્યૂટમાં દાખલ થયા અને ત્યાં સુરેન્દ્રનાથ બૅનરજી તથા ઍલેક્ઝાન્ડર પેડલર પાસેથી રાજકારણ તેમજ રસાયનશાસ્ત્રની દીક્ષા લીધી. ત્યાર પછી ગિલક્રાઈસ્ટ સ્કૉલરશિપ મેળવી એ એડિનબરો ગયા ને ત્યાં રસાયનશાસ્ત્રનો અભ્યાસ કરી ડી. એસસી. થયા.

વિલાયતથી આવી એમણે કલકત્તા પ્રેસિડેન્સી કૉલેજમાં રસાયનશાસ્ત્રના અધ્યાપક તરીકે ૨૮ વર્ષ અને કલકત્તા વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ તરીકે ૧૫ વર્ષ રહી ઉચ્ચ આદર્શોવાળું અધ્યાપક જીવન ગાળ્યું. સાથેસાથે વૈજ્ઞાનિક સંશોધનનું એમનું કાર્ય ચાલુ જ રહ્યું હતું. ૧૮૯૬માં મરક્યુરસ નાઇટ્રેટ નામનું દ્રવ્ય શોધી કાઢી રસાયનશાસ્ત્રના જગતમાં એ માન્ય બન્યા. ત્યાર પછી તો એ શોધશંખલામાં એક પછી એક કડી ઉમેરાતી જ ગઈ. આર્મસ્ટ્રૉંગે તો એમને 'માસ્ટર ઑાવ નાઇટ્રેટ્સ' ગણાવ્યા છે.

કલકત્તા વિશ્વવિદ્યાલયે એમની સિદ્ધિઓની કદર કરીને એમને પીએચ.ડી.ની પદવી આપી, લંડનની કેમિકલ સોસાએટીએ ફેલોશિપ બક્ષી અને સરકારે પણ એમને નાઈટ બનાવી એમનું બહુમાન કર્યું. હિંદના વૈજ્ઞાનિક ઉદ્યોગને વિકસાવવામાં પણ એમનો ફાળો ઘણો મોટો છે. હિંદભરમાં રાસાયનિક બનાવટોમાં અગ્રસ્થાન ભોગવનાર બૅંગાલ કેમિકલ વર્કસ એમના જ અજોડ પુરુષાર્થનું ફળ છે.

અને વિજ્ઞાનને વરેલા એ વીરે જીવનભર લગ્ન કર્યું જ નહિ, પણ પોતાના કુટુંબપ્રેમને એમણે દેશના પીડિતો ઉપર ઢોળી બધી યે આવકનો ઉપયોગ ગરીબોને દાન દેવામાં જ કર્યો. ઈ. ૧૯૪૪ના જૂનની ૧૬મી તારીખે એ અવસાન પામ્યા.

અનુષ્ટુપ

સર્પ તો કોકને ડંશે, ચડે ઝેર, ન યે ચડે;
ઈર્ષ્યાનું ઝેર તો સૌને દુર્નિવાર પદેપદે.

—રમણલાલ સોની

જસ્ટિસ જૅકસનની કચેરીમાં એક જંગલી ખૂનીએ ધસી આવી રંજાડ કરવા માંડી. તેને પકડવા ન્યાયાધીશે સિપાઇઓને હુકમ કર્યો પણ એ ખૂની પાસે જવાની પોલીસોની યે હિંમત ન ચાલી. ત્યારે જૅકસને કહ્યું: 'તો મને બોલાવો!' આમ કહી, કોર્ટનું કામ પાંચ મિનિટ માટે મુલતવી રહેલું જાહેર કરી તે ઊઠીને સીધા ખૂનીની સામે જઈ ઊભા, ને તેની આંખે આંખ મળતાં જ ખૂનીએ હથિયાર હેઠાં નાખી દીધાં!



એકીસાથે પાંચ રાજ્યકર્તાઓની છાપ વાળી ન્યૂઝીલાંડની સ્થાપનાની સો વર્ષની જયંતી-ટિકિટ. જેમાં ચોમેર મહારાણી વિક્ટોરિયા, એડવર્ડ ૭મા, જ્યૉર્જ ૫મા, એડવર્ડ ૮મા અને વચ્ચે જ્યૉર્જ ૬ઠ્ઠાની છબિઓ છે.

કાટખૂણે ઉઘાડેલું ચપ્પુ લાંબી લાકડીને છેડે બાંધીને ઊંચી ડાળીએથી ફળફૂલ ઉતારી શકાશે.

કાગળ દાબવાની ક્લિપને પુટપટ્ટીની વચ્ચે લગાડીને કોટ વગેરે ટાંગવાનું કામચલાઉ સાધન બનાવી શકાય.

કહેવતોના અર્થ; 'ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રૂએ'—પોતાના કોઈ છાના અપકૃત્યનું પરિણામ ભોગવવાનું માણસને માથે આવી પડતાં એ સજાનું દુઃખ એને મનમાં જ સમસમીને ભોગવી લેવાની જે સ્થિતિ ઊભી થાય છે તે દર્શાવનારી આ કહેવતમાંના રૂપક પાછળ રહેલો અર્થ સ્પષ્ટ છે, કે ચોરી કરતાં કોઇ ચોર ઝપાઝપીમાં હણાઇ જાય તો તેની મા એના મૃત્યુની ફરિયાદ રાજદરબારમાં તો કરી શકે નહિ; કેમકે તેમ કરવા જતાં તેની ચોરી છતી થવાનો ભય; એટલે તેને કોઠીમાં મોં ઘાલીને—એટલે કે ઘરને ખૂણે જ રોઇને—મનમાં સમસમીને પોતાનું દુઃખ ભોગવી લેવાનું રહે.

અનેકાર્થી શબ્દ: **મેરુ**=પુરાણકથિત એક સોનાનો પર્વત, જેને આધારે પૃથ્વી રહે છે તથા ગ્રહો વગેરે જેની આસપાસ ફરે છે એમ માન્યું છે; માળાનો મેર; હુક્કાનો મેર; ત્રાંબાનું એક મોટું વાસણ; મિત્ર અથવા સોબતી.

ગણિત ગમ્મત: ૪૧, ૮૦ અને ૩૨૦ એ ત્રણ સંખ્યાઓ એવી છે કે એ ત્રણ પૈકી કોઇ પણ બે સંખ્યાઓનો સરવાળો વર્ગસંખ્યા આવે છે, એટલું જ નહિ, પણ એ ત્રણેનો સરવાળો પણ વર્ગસંખ્યા જ આવે છે.

$૪૧+૮૦=૧૨૧=૧૧^2$

$૪૧+૩૨૦=૩૬૧=૧૯^2$

$૮૦+૩૨૦=૪૦૦=૨૦^2$

$૪૧+૮૦+૩૨૦=૪૪૧=૨૧^2$ (ગ. ના. ખત્રી)


આપણો દેશ જગતની કુલ પેદાશના ૩૫.૨ ટકા ચોખા, ૭.૫ ઘઉં, ૨૧ મકાઈ, ૬.૬ જવ, ૩૫.૪ ચા, ૨૦.૭ તમાકુ, ૪૨.૫ ભોંયસીંગ, ૧૮.૭ કપાસીઆ, ૧૦.૮ અળશી, ૩૦ તલ, ૯૮ શણ ને ૧૨.૩ ટકા કપાસ ઉત્પન્ન કરે છે.

બેસવા આવનાર: વાહ, કેવી મજાની છોકરી છે! નામ શું એનું?

વ્રજલાલ: સમાપ્તિ.

બેસવા આવનાર: અરે! નામ પણ એટલું જ સુંદર!

વ્રજલાલ: હા; એ મારી સાતમી છોકરી છે.




ફૂટી ગએલી સ્લેટની રદ્દી ફ્રેમના અંદરના માપનો કાચ ને બહારના માપનું પ્લાયવૂડ તૈયાર કર્યા પછી ફ્રેમ અને પ્લાયવુડને કાચ કાગળ વડે ઘસી, રંગે રંગીને બે નાનકડા સ્ક્રુ વડે એકબીજામાં જડી દેવાથી નાજુક, સુંદર અને અંદરનું ચિત્ર બદલવા માટે ફાવે ત્યારે ઉઘાડી શકાય એવી ફોટોફ્રેમ તૈયાર કરી શકાશે. (પુ. પ્રા. સંઘવી)



ઈ. સ. પૂર્વે ૭૦થી ઈ. ૩૯૫ સુધીમાં ગુજરાત-કાઠિયાવાડ અને પશ્ચિમ હિંદના મોટા ભાગ ઉપર મધ્ય એશિયામાંથી આવેલા શક લોકોના ક્ષત્રપ-સત્રપ-નામના વંશનાં બે કુળે સત્તા ભોગવી. આ લોકો બીજા આક્રમણકારો જેવા જંગલી નહિ, પણ ઈરાનના સંસર્ગથી સંસ્કારી થએલા હતા અને તેમના લગભગ પોણા પાંચસો વર્ષના અમલ સુધી પશ્ચિમ હિંદ આબાદ ને ઉન્નત બન્યું. તેમના પહેલા કુળનો નહપાન નામનો બૌદ્ધધર્મી રાજા પ્રતાપી થઇ ગયો. એનું રાજ્ય દક્ષિણમાં છેક મહારાષ્ટ્ર સુધી પ્રસરેલું અને ઈ. ૧૯૦૭માં નાસિકમાંથી એના એકીસાથે તેર હજાર સિક્કા હાથ લાગ્યા છે. ઉપર બતાવેલા તેના રૂપાના સિક્કામાં એક બાજુ રાજાનો ચહેરો ને અપભ્રષ્ટ ગ્રીક લિપિમાં લખાણ છે; અને બીજી બાજુ, વચ્ચે બાણ ને વજ્રનાં ચિત્રો તથા તેને ફરતું બ્રાહ્મી લિપિમાં 'રાણો છહરાતસ' તથા ખરોષ્ઠી લિપિમાં 'નહપાનસ' એવું લખાણ એટલે કે ક્ષહરાત રાજા નહપાણ (નો સિક્કો) એવું લખેલું છે.

ક્ષત્રપોના બીજા કુળના ચષ્ટન નામના રાજાએ ઉત્તરમાં માળવા સુધી રાજ્ય વિસ્તાર્યું અને દક્ષિણના આંધ્રો પર વિજય મેળવી પશ્ચિમ કંઠારનાં બધાં બંદરો તથા ત્યાંના સમૃદ્ધ દરિયાઈ વેપારના સ્વામી થયા. આ નીચેના એના સિક્કામાં એક બાજુ ગ્રીકલિપિ



સાથે રાજાનું મોઢું તથા બીજી બાજુ, વચ્ચે ચૈત્ય, તેને બે પડખે સૂર્ય અને ચંદ્ર, નીચે નદી અને ચોમેર બ્રાહ્મીલિપિમાં લખાણ છે. ચષ્ટનના કાળથી સિક્કાઓમાં ખરોષ્ઠી લિપિ અદૃશ્ય થાય છે. ક્ષત્રપોના સિક્કાઓ ખાસ ઐતિહાસિક મહત્ત્વના ગણાય છે, કારણ કે પાંચમા સત્રપ જીવદામનના સિક્કાઓમાં શક સંવતની સાલ પણ લખાવી શરૂ થાય છે, જે એ સમયના હિંદી ઇતિહાસનો કાળનિર્ણય કરવામાં બહુ અગત્યની થઇ પડી છે.

નથ અને નજર

ફોટોઃ

ચંદુલાલ ભટ્ટ





ટપાલની ટિકિટો ઉપર વિવિધ હાથઉદ્યોગો

(૧) રૂઆન્ડા-ઉરૂન્ડી (બેલ્જિયન આફ્રિકા)ની ટિકિટ પર આદિવાસીનું લાકડ-કોતરકામ; (૨) ફ્રેન્ચ ટિકિટ પર નેતરનું ગૂંથણકામ; (૩-૪) રૂમાનિયાની ટિકિટો પર પીંજણ અને વણાટકામ; (૫) બેલ્જિયન કોંગોની ટિકિટ પર તેલી અનાજ ખાંડીને તેલ કાઢવાનો ઉદ્યોગ. (શ્રી હરિલાલ બેંકર-વઢવાણ કેમ્પના સંગ્રહમાંથી)